gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

### ભાગ-૧૦




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

# ‘સન્ડે ઈ–મહેફીલ’

## ઈ–બુક

ભાગ–010

‘સ.મ.’ ક્રમાંક 226 થી 250

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરુ થયેલી ‘સુ–વાચનયાત્રા’–‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

# પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ ‘સન્ડે ઈ–મહેફીલ’ નામે ‘વાચનયાત્રા’ શરુ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે ‘કલાપી’ અને પછીથી ‘વીજયા’ નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ ‘શ્રુતી’ આવતાં જ અમે તે વાપરવા શરુ કર્યા. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ ‘સ.મ.’, આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : “તમારી આ ‘સ.મ.’, એ મારા ઘરનું ‘અખંડ આનંદ’ છે.” આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

‘સ.મ.’ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની ‘૧૫૫–એ’ની ‘વીદાય–સલામ’ નામક ‘સ.મ’માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની ‘કાવ્ય–ગઝલ’ની અત્યાર સુધીની બધી ‘સ.મ.’ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને

તેવી બધી ‘સ.મ.’નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. ‘સ.મ.’ પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે ‘સ.મ.’ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘વીદાય–સલામ’ 155-1 : 18-05-2008). આ ‘સ.મ.’ વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક ‘સ.મ.’માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘We salute your 'FEELINGS' for 'SeM'’ 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી ‘સ.મ.’ ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું

શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી ‘સ.મ.’માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટૅક્નૉલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર ‘સ.મ.’ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો’કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી ‘સ.મ.’ મોકલવાનું શરુ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય ! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર ‘સ.મ.’ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને ‘લેક્સીકોન’ નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી ‘ઈ–બુક’ વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને

પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો ‘ઈ–શબ્દસાગર’ સમો ‘ગુજરાતીલેક્સીકોન’ (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે ‘ઈ–બુક’ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નૉલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી

શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધકો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં !

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

275 વાચનસામગ્રીના આવા અગીયાર ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2013




# અનુક્રમણીકા

## ‘સન્ડે ઈ–મહેફીલ’ – 10



| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 226 | ક્ષણ ક્ષણમાં સુખ | ડૉ. પ્રજ્ઞા પૈ | 11-09-2011 | 11 |
| 227 | દીકરીને એનું આકાશ ખોળવા દીધું | અવન્તીકા ગુણવન્ત | 25-09-2011 | 16 |
| 228 | ગઝલ–‘ચાતક’(ગઝલ) | દક્ષેશ કોન્ટ્રેક્ટર ‘ચાતક’ | 09-10-2011 | 27 |
| 229 | ઘરના ટોડલે દીવા | વલ્લભ ઈટાલીયા | 23-10-2011 | 38 |
| 230 | માતૃભાષાનું મહત્ત્વ–લીપીશીક્ષણ | ડૉ. જગદીશ દવે (બ્રીટન) | 06-11-2011 | 45 |
| 231 | વાર્તાનો મહીમા | મહાવીર ત્યાગી | 20-11-2011 | 51 |
| 232 | ગઝલ–નીલેશ (ગઝલ) | નીલેશ પટેલ | 04-12-2011 | 57 |
| 233 | મારું કુટુમ્બજીવન | ગોવીન્દ રાવલ | 18-12-2011 | 66 |
| 234 | બબુબા | ચીનુ મોદી | 01-01-2112 | 74 |
| 235 | ગઝલ અને ગીતો | બકુલેશ દેસાઈ | 15-01-2012 | 82 |
| 236 | ખાલીપો | આશા વીરેન્દ્ર | 29-01-2012 | 91 |
| 237 | જીવનની અન્તીમ સાંજ | નીલમ દોશી | 12-02-2012 | 97 |
| 238 | ગઝલ–તત્ત્વ | રાકેશ હાંસલીયા | 26-02-2012 | 114 |

| | | | | |
|---|---|---|---|---|
| 239 | સફળ સાસુની પાછળ એક વહુ | કલ્પના દેસાઈ | 11-03-2012 | 123 |
| 240 | ગામનો ઉતાર | ડૉ. શરીફા વીજળીવાળા | 25-03-2012 | 131 |
| 241 | ગઝલ–ઉર્વીશ | ઉર્વીશ વસાવડા | 08-04-2012 | 137 |
| 242 | સીત્તેર વર્ષની ઉંમરે ચાળીસની અનુભુતી | ડૉ. શશીકાન્ત શાહ | 22-04-2012 | 147 |
| 243 | માને પડકાર | ડૉ. ઉર્મીલા શાહ | 06-05-2012 | 155 |
| 244 | અછાંદસ | એષા દાદાવાળા | 20-05-2012 | 163 |
| 245 | અમીનાબીબી | મનસુખ સલ્લા | 03-06-2012 | 175 |
| 246 | બાબુ વીજળી | અનીરૂદ્ધ બ્રહ્મભટ્ટ | 17-06-2012 | 184 |
| 247 | ગઝલ | કુમાર જૈમીની શાસ્ત્રી | 01-07-2012 | 199 |
| 248 | જનેતાનું મૃત્યુ | આશા વીરેન્દ્ર | 15-07-2012 | 206 |
| 249 | ભાભી | તરુ કજારીયા | 29-07-2012 | 212 |
| 250 | ગઝલ | હર્ષ બ્રહ્મભટ્ટ | 12-08-2012 | 224 |


વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના ‘ક્રમાંક’ પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે ‘અનુક્રમણીકા’ પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

226 : 11-09-2011

# ક્ષણ ક્ષણમાં સુખ

–ડૉ. પ્રજ્ઞા પૈ

અનુક્રમણીકા

‘ખરેખર હું બહુ સુખી છું, હોં.’ સામેના બીલ્ડીંગમાં રહેતાં શારદામાસીએ મને કહ્યું. પછી ઉમેર્યું, ‘તમને ખબર છે? અમારે ઘરે કામ કરનારી કાશીબાઈ વાસણો ઘસી, વીંછળી, લુછીને એની જગ્યા પર ગોઠવી દે છે. મારે વાસણ ગોઠવવાં નથી પડતાં. હા, બાકી અમારા બીલ્ડીંગમાં બધાંનાં કામવાળાં વીંછળેલાં વાસણ ઉંધાં પાડીને નીકળી જાય છે. કોઈ કરતાં કોઈને મારા જેટલું સુખ નથી.’ આ હતી શારદામાસીના સુખની વ્યાખ્યા. મેં ક્યાંક વાંચ્યું છે કે પ્રાચીન જાપાનની પ્રજા માનતી હતી કે સવારે ઉઠીને સહેલાઈથી પેટ સાફ આવી જાય અને તેને લીધે જે હળવાશ અનુભવાય તે જ મોટામાં મોટું સુખ. જો નવજાત બાળક બોલી શકતું હોત તો એ કહેત કે, ‘મારું સુખ એટલે કોરી લંગોટ, ભરેલું પેટ અને માતાના ખોળામાં કે હુંફાળા પડખામાં ઢબુરાઈને નીન્દર કે સ્તનપાન કરવું.’

મારી દૃષ્ટીએ સુખ એટલે ભુતકાળની ભુલો અને ભવીષ્યની સમ્ભાળ કે કપોળકલ્પીત મુશ્કેલીઓના વીચારોને

હડસેલી – ડીલીટ કરી વર્તમાન ક્ષણ માણી લેવાની ક્ષમતા. આમાં બીજાના સહવાસમાં આનંદ માણવાનો અને હસવાનો, દુ:ખ કે ઝુરાપો અનુભવાય તો એકાન્તમાં મોકળે મને રડી લેવાનો, કોઈ રચનાત્મક કે દેખીતી રીતે બીનઉપયોગી લાગે તેવી પ્રવૃત્તી કરવાનો, નીસર્ગે પીરસેલો રસથાળ આરોગવાનો કે કંઈ જ ન કરવાનો સમાવેશ થાય છે. મુક્તમને આપણી મરજી મુજબ વર્તન કરવાનો લહાવો અને વર્તમાન પરીસ્થીતી અપનાવી લેવાનું સામર્થ્ય એટલે સુખ. ભલે પછી ગમતી કે અણગમતી વ્યક્તીઓનું વાચાળ સાન્નીધ્ય હોય કે શાન્ત એકાન્ત હોય. બહારગામ જતી વખતે ફ્લાઈટનો બોર્ડીંગ પાસ લેતી વખતે 'વીન્ડો સીટ એન્ડ નો બડી નેક્સ્ટ ટુ મી, પ્લીઝ' એવું મેં કોઈ વાર કહ્યું છે. તો વળી કોઈ વાર 'વી આર ફોર પર્સન્સ. વુડ લાઈક ટુ સીટ ટુગેધર એન્ડ એન્જોય' પણ કહ્યું છે. ઘણી વાર આવી વીનન્તી માન્ય ન થઈ હોય તો તેનો વસવસો પણ નથી કર્યો.

એક વાર એક પ્રતીષ્ઠીત વ્યક્તીના પુત્રનાં લગ્નનાં રીસેપ્શનમાં જવાનું થયું. સ્ટેજ પર ઢીંગલા–ઢીંગલીની જેમ ઉભેલા યુગલને તો જાણે ઠીક; પરન્તુ વરના પીતાને 'વીશ' કરવા માટે અર્ધોએક કીલોમીટરની લમ્બાઈવાળી વાંકીચુંકી લાઈન હતી. હું મારા પતી સાથે આ કતારમાં ઉભી રહી ગઈ. આવા પ્રસંગોમાં બધી ઔપચારીકતા પહેલાં પતાવી પછી

નીરાંતે જમવા જવું અને પછી તરત જ ઘરે જવા નીકળી જવું એવો અમ બન્નેનો અભીગમ હતો. કતાર ધીમે ધીમે આગળ વધતી હતી. એટલામાં હાંફળાફાંફળા દેખાતા એક ભાઈ પ્રવેશ્યા. કતારમાં ઉભા રહેવાનું એમને નાનમભર્યું લાગ્યું. ‘તમે જાણો છો હું કોણ છું? મને નથી ઓળખતાં? હું ફલાણીફલાણી હૉસ્પીટલનો સુરીન્ટેન્ડન્ટ છું. એક્ચ્યુઅલી વી.આઈ.પી.ઓને સીધા સ્ટેજ પર લઈ જવાની સગવડ હોવી જોઈએ. મારી જીન્દગીમાં હું કોઈ વાર લાઈનમાં ઉભો નથી રહ્યો...’ આસપાસ દેખાતી બેત્રણ વ્યક્તીઓને તેમણે આમ કહ્યું. એટલામાં એમની નજરે હું પડી. તે બોલ્યા, ‘ડીસ્ગસ્ટીંગ ! આમ ઉભા રહેવાને બદલે કોઈને કહો તો ખરાં કે તમે કોણ છો ! ‘ડાયરેક્ટર ઓફ મેડીકલ એજ્યુકેશન’ છો. એ લોકોએ તમને નથી ઓળખ્યાં. એક વાર તમે કોણ છો એટલું જણાવશો તો જરા વજન પડશે. તમને સીધાં સ્ટેજ પર લઈ જશે. હું પણ, ભેગાભેગો આવી જઈશ. આ રીતે ઝુંપડપટ્ટીના લોકોની જેમ લાઈનમાં શા માટે ઉભાં રહેવું?’ મેં હસીને કહ્યું, ‘આ અનુભવ પણ લેવા જેવો તો ખરો. લીફ્ટ વાપરવી હોય ત્યારે હું અમારી હૉસ્પીટલમાં પણ લાઈનમાં જ ઉભી રહું છું. સીવાય કે કટોકટીવાળી પરીસ્થીતી નીર્માણ થઈ હોય અને તત્કાળ પહોંચવાનું હોય.’ પોઝીશન્સ અને પઝેશન્સનાં આવરણ ઉતારી નાખી પોતાના સર્વસાધારણપણાને, બીનશરતીપણે

સહજતાથી અપનાવી શકું એ પણ મારા સુખની વ્યાખ્યાનો એક હીસ્સો છે. આને લીધે જ કંઈક ‘બનવાની’ ઘેલછાનો બોજો માત્ર ‘હોવાની’ હળવાશમાં પરીવર્તીત થઈ જાય છે.

લોકોની ભીડમાં, એકાન્તમાં, નીસર્ગના સાન્નીધ્યમાં, સાહીત્ય કે સંગીત જેવી માનવીય કલાકૃતીઓમાં કે કોઈ પણ વાતાવરણમાં નીર્ભયતા સાથે, નીખાલસપણે, નીઃસંકોચપણે અને નીરપેક્ષપણે – નીરસપણે નહીં – રાચી શકવું એને હું મારું સુખ સમજું છું. સુખી થવું એ નીષ્પત્તી નથી; પ્રક્રીયા છે. સુખી હોવું એ ઘટના નથી; મનઃસ્થીતી છે. સુખી રહેવું એ યાત્રા છે; ગન્તવ્યસ્થાનનું અન્તીમ લક્ષ્યબીન્દુ નથી. સુખ આપણા મન દ્વારા કરવામાં આવતું અર્થઘટન હોવાથી એને બહાર શોધવા જવું નથી પડતું; કારણ કે એ તો આપણા અસ્તીત્વમાં જ વણાઈ ગયું છે.

–ડૉ.પ્રજ્ઞા પૈ

સુરેશ દલાલ (sdalal@imagepublications.com) સમ્પાદીત અને ઈમેજ પ્રકાશન (info@imagepublications.com) પ્રકાશીત, વીવીધક્ષેત્રની વ્યક્તીઓએ ‘સુખ’ વીશે લખેલા લેખોના સંચય ‘મારું સુખ’ (મુલ્ય : રુપીયા 500)માંથી લેખીકાની પરવાનગીથી સાભાર..

–ડૉ.પ્રજ્ઞા પૈ

લેખીકા–સમ્પર્ક:

Dr. Pragna Pai,

11 /135, Prabhu Niwas, 2nd floor, Road no. 9 / A,

Wadala, Mumbai - 400 031 Phone : 022-2414 9072

eMail: pai.pragna@gmail.com

●♦●

227 : 23-09-2011

# દીકરીને એનું આકાશ ખોળવા દીધું

–અવન્તીકા ગુણવન્ત

અનુક્રમણીકા

માલવીકાને એક દીકરો અને એક દીકરી. દીકરો પાતંજલ મોટો અને દીકરી ઉપાસના નાની. બન્ને સગાં ભાઈ–બહેન, બેઉ એક સરખાં સ્નેહ અને કાળજીભર્યા વાતાવરણમાં ઉછરે; પણ બેઉના સ્વભાવમાં જબરો તફાવત. પાતંજલ પ્રકૃતીએ સૌમ્ય, અન્તર્મુખ અને લાગણીશીલ. ઉપાસનાનું મન ધાર્યું કરનાર અને પોતાનામાં મસ્ત રહેનાર. બીજાનું ખાસ કશું સાંભળે નહીં.

પાતંજલ મમ્મી–પપ્પાનું કહ્યું સાંભળે. ઉપાસનાથી એ બે વરસ જ મોટો હતો; છતાં પણ મોટપણ જાળવે, ઉપાસના સાથે કદી વાદ ન કરે. ઉપાસના એની પાસે જે માગે તે તરત આપે. ઉપાસના દોડાદોડ કરવામાં એની ઉમ્મરનાં બાળકોને પાછાં પાડી દે. પડવાની કે વાગવાની એને બીક જ ના લાગે. આખો દીવસ એ રમ્યા જ કરતી. એનો થનગનાટ કદી ઘટે નહીં.

હવે જ્યારે ઉપાસનાને નીશાળે બેસાડવાનો સમય થયો ત્યારે એણે ચોખ્ખે–ચોખ્ખું કહી દીધું, ‘હું નીશાળે નથી

જવાની.' માલવીકાએ એને જુદીજુદી રીતે સમજાવી; પણ એ તો ના જ પાડતી રહી. પાતંજલને નીશાળે જતો જોઈનેય એને નીશાળે જવાનું મન ન થતું. એ તો ભારપુર્વક એક જ વાક્ય બોલે, 'મારે નથી ભણવું.'

મનનું ધાર્યું કરનાર આ દીકરીને જોઈને માલવીકા તથા એમના પતી નીરજને ચીન્તા પેંઠી કે દીકરીને ભણવામાં રસ પડે માટે શું કરવું? એ નીશાળે જાય તો એને બીજાંઓ સાથે હળતાં–મળતાં આવડે. તેઓ તેને પુછતાં, 'તું નીશાળે નહીં જાય તો ઘરે બેસીને શું કરીશ?'

'રમીશ' મોજથી ઉપાસના ઉત્તર આપતી.

'નીશાળમાંયે રમાડે છે. ત્યાં તો બહુ જણ તારી સાથે રમનારાં મળશે.'

'પણ મને તો ઘરે એકલા રમવાનું ગમે છે.' ફટ દઈને ઉપાસના બોલતી.

માલવીકા અને નીરજ બાળકને ડરાવવા કે ધમકાવવામાં માનતાં નહીં. તેઓ દૃઢપણે માનતાં હતાં કે બાળકમાં સમજશક્તી હોય છે. માબાપે ધીરજ, સ્નેહ અને સમતાપુર્વક બાળકને સમજવું જોઈએ અને પછી તેને રસ પડે તે રીતે તેને સમજાવવું જોઈએ. અને આમ, તેને સારા–ખોટાનું ભાન કરાવવું જોઈએ.

માલવીકા ઉપાસનાને રસ પડે તેવાં ગીતો અને જોડકણાં ગાતી. એને હતું ઉપાસના એની સાથે ગાવા માંડશે; પણ ઉપાસના ગાતી નહી. ઉલટું કહે કે, 'આમ કરીને તું મને ભણાવે છે; પણ હું નથી ભણવાની.'

ઉપાસનાના દેખતાં માલવીકા પાતંજલને ભણાવે. માલવીકાને હતું કે વાદે વાદે એય ભણશે; પણ ઉપાસના ભણે જ નહીં. એક વાર પાતંજલના હાથમાંથી એણે પેન્સીલ લઈ લીધી. માલવીકા ખુબ ઉત્સુકતાપુર્વક જોયા કરે કે હમણાં ઉપાસના કંઈક લખશે; પણ ઉપાસનાએ તો અક્ષર કે આંકડાને બદલે એક ગોળ દોર્યું. દીકરીને પ્રોત્સાહન આપવા માલવીકા બોલી, ' વાહ! અદ્દલ ચાંદામામા દોર્યા!'

'ચાંદામામા નથી દોર્યા; મેં તો રોટલી દોરી છે. તું બનાવે છે એવી રોટલી.' ઉપાસનાની વાત તો સાચી હતી. રોટલીયે ચાંદામામા જેવી ગોળ જ હોય છે ને! એટલે માલવીકા બોલી, 'વાહ ભઈ, વાહ! ગોળ ગોળ રોટલી દોરી મારી દીકરીએ.' તરત ઉપાસના બોલી, 'મેં તો પુરી દોરી છે.' ઉપાસના જે રીતે બોલી તે પરથી માલવીકાને ખ્યાલ આવ્યો કે આપણે કંઈ બોલીએ એનાથી ઉંધું જ ઉપાસના બોલે છે. દીકરી આવું કેમ કરે છે એવો પ્રશ્ન તો થયો જ; પણ માલવીકાએ એને ટોકી નહીં. ટોકવાને લીધે એ કદાચ

પોતાની રીતને વધારે વળગી રહે; એના સ્વભાવ પર ખોટી અસર પડે. એવું તો થવા ન દેવાય.

એક દીવસ ઉપાસનાએ માણસ દોર્યો અને બોલી, ‘પપ્પા’. માલવીકાએ એને કહ્યું કે, ‘પપ્પા’ એવું લખને નીચે તો જોનારને ખબર પડે કે ઉપાસનાના આ પપ્પા છે; પણ કહ્યું સાંભળે તો એ ઉપાસના શાની? દીકરીની જીદ અને અભીમાન જોઈ માલવીકા પામી ગઈ કે દીકરીને કેળવવાનો પંથ લાંબો છે. ખુબ ધીરજ અને ખંત રાખી અઢળક પ્રેમથી એને થાબડવી પડશે.

કેટલીક વાર માલવીકા છાપાં અને સામયીકોનો ઢગલો કરી કહેતી, ‘ચાલ, આપણે આમાંથી મોટા મોટા અક્ષરે છપાયેલા ઉપાસનાના ‘ઉ’ શોધી કાઢીએ. એને એ ગમ્યું. ત્યાં એકબે ‘ઉ’ શોધીને કહે, ‘બધા એક જ જાતનો ‘ઉ’ કેમ લખે છે?’ આવું કહીને એણે કાગળમાં બીજી જ જાતનો મરોડ ચીતરીને કહ્યું, ‘આ ‘ઉ’ છે.’ માલવીકાએ કહ્યું, ‘આને ‘ઉ’ ન કહેવાય.’ ‘કેમ ન કહેવાય?’ તેણે મીજાજથી પુછ્યું. બીજા કહે તેમ નહીં જ કરવાનું, એ જાણે ઉપાસનાનો સ્વભાવ હતો. એણે કહ્યું, ‘આવી જ રીતે ‘ઉ’ લખાય એવું કોણે કહ્યું?’ ઉપાસનાના પ્રશ્નનો શો જવાબ અપાય! માલવીકા બોલી, ‘બેટા, એ તો બધું મોટા મોટા પંડીતો નક્કી કરે. તેઓ નક્કી કરે તે પ્રમાણે આપણે કરવાનું!’ ઉપાસનાના ગળે એની

મમ્મીની વાત ઉતરી નથી એ એના મોં પરથી દેખાઈ આવતું હતું. એ કંઈ આગળ બોલી નહીં.

તે દીવસે માલવીકાએ પણ એ વાત વધારી નહીં. એ જાણતી હતી કે ઉપાસના જોડે ખુબ ધીરજ રાખી શાન્ત મને કામ લેવું પડશે. ભલે એ હઠાગ્રહી છે; પણ અંદરથી એ સમ્વેદનશીલ અને કોમળ છે. પોતે જો કડકાઈથી કામ લે તો ઉપાસનાનું મન ઘવાય અને કોઈ વીરુપતા ઉદ્ભવે તો એનું મન કુંઠીત થઈ જાય અને એ કોઈ ગ્રંથીનો ભોગ થઈ પડે. દીકરી જો એની સાહજીકતા અને શક્તી ગુમાવી બેસે તો એની સર્જનાત્મકતા ગુંગળાઈ જાય, એનો વીકાસ રુંધાઈ જાય. આવું થાય તો માને હાથે જ મોટો અપરાધ થઈ જાય.

કુદરતે પ્રસન્ન થઈને દીકરીરુપી અણમોલ વરદાન દીધું છે તે વેડફાઈ જાય. માલવીકા પોતે ચીન્તનશીલ અને જવાબદાર મા છે. એ વીચારે છે, વીકાસના નામ પર અમે અમારી રીતે નક્કી કરેલા ચોકઠામાં દીકરીને બળજબરીથી બેસાડી શકીએ? ના. દીકરીને અમારી આકાંક્ષાઓ અને સ્વપ્ના મુજબ અમારે નથી કેળવવાની. એને એની રીતે જ વીકસવા દેવાની છે. અમારે એને સાંભળવાની છે, સમજવાની છે અને સહયોગ આપવાનો છે. કુદરતના શુભમંગલ અનુષ્ઠાનમાં શ્રદ્ધા રાખીને માબાપ તરીકેનું કર્તવ્ય બજાવવાનું છે; તો જ દીકરીનો સર્વાંગી વીકાસ થાય.

એક વાર નીરજ બાગનાં પ્લાસ્ટીકનાં કુંડાંના રંગકામ માટે સાધનો લાવ્યો. ઉપાસનાને બાગકામ કરવું ગમતું. તે ખુશ થઈ ગઈ. ‘જો, આ સાધનો તો ભગતસાહેબે મોકલ્યાં છે’ નીરજે કહ્યું. ‘કોણ ભગતસાહેબ? મને ઓળખે છે?’ ઉપાસનાએ પુછ્યું. ‘હા, તને ઓળખે છે.’ નીરજે ઉપાસનાના મનમાં નીશાળ પ્રત્યે રસ જાગ્રત કરવાની તક ઝડપી લીધી. ભગતસાહેબે એમના ઘરમાં જ નીશાળ ખોલી હતી. તેઓ અને તેમનાં પત્ની આદર્શ કેળવણીકાર હતાં. નીરજે જ તેમને ઉપાસનાનો આખો કીસ્સો કહેલો. અને તેમની સુચનાથી જ નીરજે આમ, ઉપાસનામાં રસ અને આકર્ષણ જગાડવા પ્રયાસ કર્યો.

બીજા દીવસે માલવીકા ઉપાસનાને લઈને ભગતસાહેબની નીશાળમાં ગઈ. ભગતસાહેબ અને દેવીબહેન બાળમાનસના જાણકાર. તેમણે ઉપાસનાને નીશાળ નહીં; પણ ઘર જ લાગે તે રીતે તેને પ્રેમથી આવકારી. ઉપાસનાને આ નીશાળ–ઘર કે ઘર–નીશાળ ગમી ગઈ. એનામાં તીવ્ર બુદ્ધી, ગ્રણશક્તી, સમજશક્તી અને યાદશક્તી તો હતાં જ. એ સડસડાટ ભણવા માંડી. દસમાં ધોરણમાં એ પ્રથમ વર્ગમાં પાસ થઈ. માબાપના આનંદનો પાર નહીં. તેમણે વીચાર્યું કે પાતંજલની જેમ ઉપાસનાયે કૉલેજમાં ભણશે. પણ તે તો કહે, ‘હું તો ફાઈન આર્ટ્સ કૉલેજમાં ભણીશ.’ માલવીકા અને

નીરજને હતું કે દીકરી એકેડેમીક લાઈનમાં ભણે અને ડીગ્રી લે. કારણ કે આપણા સમાજમાં ડીગ્રીનું હજી માન છે. પણ ઉપાસના તો મનનું ધાર્યું જ કરનાર! એ તો ચીત્રકલાને સમર્પીત થઈ ચુકેલી. રંગ, પીંછી અને કાગળ એનાં સાથી બની ગયાં.

હવે તો એના લગ્નની ઉમ્મર થવા આવી. મુરતીયાની તપાસ આરંભાઈ. ઉપાસના તરત બોલી ઉઠી, ‘મારા માટે અહીંનો છોકરો જોશો નહીં, હું તો પરણીને પરદેશ જઈશ.’ માબાપ તો ગભરાયાં! માલવીકાએ કહ્યું, ‘બેટા, જીવનસાથીની પાત્રતા જોવાય; સ્થળ કે દેશ નહીં.’ ‘મમ્મી મારે વીદેશ વસવું છે. એટલે મારે માટે છોકરો પરદેશનો સીટીઝન હોય એ તેની સૌથી પહેલી યોગ્યતા,’ જરાય હીચકીચાટ વીના ઉપાસના બોલી.

માલવીકા અને નીરજે વીચાર્યું, ઉપાસના મન ફાવે તેવા નીર્ણયો લે એની સાથે સમ્મત કેવી રીતે થવું અને તેય ક્યાં સુધી થવું? જીવનના અગત્યનાં નીર્ણયો લેવાની આ સાચી રીત છે? એમ લાગણીથી દોરવાઈને જીવનના નીર્ણયો લેવાય? અભ્યાસ અંગે એણે જે નીર્ણય લીધો તે લેવા દીધો; પણ લગ્ન જેવી બાબતે એના તરંગ પ્રમાણે ચાલવાનું? ‘બેટા, તારા નસીબમાં વીદેશ સ્થાયી થવાનું હશે તો તું જઈશ; પણ તું કહે છે તે રીતે વીદેશી સીટીઝન ન જોવાય. એમાં તો

ક્યાંક પસ્તાવાનો દીવસ આવે. આપણે આપણા જાણીતા વર્તુળમાંથી પસંદગી કરીશું,' અત્યંત પ્રેમથી સમજાવટના સુરમાં માલવીકાએ કહ્યું. ઉપાસના બોલી, 'મમ્મી, તું શું કામ ગભરાય છે? હું કોઈ હાલી–મવાલીને મારા જીવનમાં નહીં પ્રવેશવા દઉં. મને લગ્નની કોઈ ઉતાવળ નથી. હું પ્રતીક્ષા કરવા તૈયાર છું.'

દીકરીની વાત સાંભળીને માબાપને શાન્તી થઈ. પ્રતીક્ષાનો ગાળો લામ્બો રહ્યો. માબાપના જીવ અધ્ધર થઈ ગયા; પણ ઉપાસના ધીરજથી રાહ જોતી હતી. એને એના પોતાના નસીબમાં પુરો વીશ્વાસ હતો. લગ્ન કરવાની એને ઉતાવળ ન હતી.

છેવટે પરદેશથી આવેલા યુવક, સીવીલ ઈજનેર તરલ સાથે વાત બંધ બેઠી. ઉપાસના તરલ સાથે લગ્ન કરીને અમેરીકા વસવા પહોંચી. ત્યાં એ યુમેસ યુનીવર્સીટીમાં કમ્પ્યુટર ગ્રાફીક્સ ભણી અને અત્યારે એક કંપનીમાં ઉંચા પદ પર જૉબ કરે છે, ડૉલર કમાય છે અને સાથે સાથે પ્રતીષ્ઠા પણ કમાય છે.

ઉપાસના એનાં માબાપ, ભાઈ અને બીજા સ્નેહીજનો માટે અવનવી મોંઘીદાટ ભેટો મોકલે છે. માબાપ કહે છે, 'દીકરી, તું અમારે માટે આટલો બધો ખર્ચ ન કર.' તો ઉપાસના કહે છે, 'મમ્મી–પપ્પા, તમને અવનવી ચીજ–

વસ્તુઓ મોકલતાં મને એટલો બધો આનંદ થાય છે એની તમને કલ્પનાય નહીં આવે. તમારાં જેવાં વહાલસોયાં, વન્ડરફુલ માબાપ બધાંને નથી મળતાં. તમે મારી નાનામાં નાની લાગણીનોયે ખ્યાલ રાખ્યો છે, કદી મને ટોકી નથી, દુભવી નથી. મારી સ્વતંત્રતા પર કાપ મુક્યો નથી. મમ્મી, અત્યારે મારા નાનપણના એ દીવસો યાદ આવે છે ને હું તાજ્જુબ થઈ જાઉં છું કે તમે મારામાં વીશ્વાસ મુકીને કેટલી ધીરજ અને સમતા દાખવતાં હતાં! હું રાજકુમારીની જેમ ઉછરી છું, તેથી જ તો સફળ થઈ છું!'

ઉપાસનાની સફળતા જોઈ એનાં સગાં અને પરીચીતો વીચારતાં થઈ ગયાં કે દીકરીનો ઉછેર, કેળવણી અને લગ્ન બાબતે ચાલુ ચીલે એનાં માબાપ જરાયે દોરવાયાં નહીં અને દીકરીને એનો ચીલો એની રીતે ચાતરવા દીધો. તેથી દીકરીની બધી શક્તીઓ ખીલી ઉઠી, જીન્દગીને એ એની ધારણા પ્રમાણસર રુપરંગ આપી શકી. હા, આ સમગ્ર પ્રક્રીયામાં માલવીકા અને નીરજ માટે એ બધાં વરસો કસોટીરુપ હતાં; દ્વીધા અને ચીન્તાનાં હતાં. પણ અત્યારે તેમની દીકરી માટે તેમને કેટલું ગૌરવ છે. પ્રેમાળ માબાપનું, માબાપ બનવું સાર્થક થઈ ગયું.

–અવન્તીકા ગુણવન્ત

ફેબ્રુઆરી 2010 ‘અખંડ આનન્દ’ના પાન 87 પરથી લેખીકાના અને તંત્રીશ્રીના સૌજન્યથી સાભાર..

(અવન્તીકાબહેનને મેં ફોન કરી પુછ્યું કે, “બહેન, આ કથા તો કાલ્પનીક જ છે ને?” જવાબ ન મળ્યો. મને કહે, ‘લખીશ.’ આજે (નવેમ્બર 8, 2010ના દીને) એમનો પત્ર મળ્યો.. વાચકો માટે તે અહીં આખેઆખો ઉતારું છું.. તેઓ લખે છે:–

*‘આદરણીય શ્રી ઉત્તમભાઈ અને મધુબહેન, નમસ્કાર.. આપે મારા ‘દીકરીને એનું આકાશ ખોળવા દીધું...’ લખાણ વીશે પુછ્યું હતું. એમાં જરાયે કલ્પના નથી. એ આખીયે વાત મારી અને મારી દીકરી પ્રશસ્તીની છે. 1964માં જન્મેલી પ્રશસ્તીને હું લાડમાં ‘તેજકુંવર’ (મારી કથાનું એક તેજસ્વી પાત્ર) કહેતી. મારા બાપુજી એને ક્યારેક ‘ચર્ચીલ’ (શરીરે ગોળમટોળ અને કદી નમતું ન જોખે તેથી)કહેતા. વળી ક્યારેક ‘વેઢો’ કહે. આંગળી વળે; વેઢો ન વળે. હતી જીદ્દી; પણ તીવ્ર બુદ્ધીમતી અને હાજરજવાબી. એની ‘મા’ બનવું એક ચેલેન્જ હતી મારે માટે તો. સારું હતું કે એ વખતે હું ‘રસરંજન’ બાળસાપ્તાહીક અને ‘બાલભારતી પ્રકાશન’નાં ૧થી ૩ ધોરણનાં બાળકો માટેનાં દરેક વીષયનાં પુસ્તકો લખતી. એટલે કે ચોવીસે કલાક બાળકો જ મારા મનમાં પરોક્ષ રીતે રમતાં હોય અને પ્રત્યક્ષ હોય પ્રશસ્તી! – એને સમજીને, એને*

*પ્રસન્ન રાખતાં રહીને, એને ધીરજથી કેળવવી ખુબ ઈન્ટરેસ્ટીંગ કામ હતું. એના મનમાં આવે એમ એને કરવા દીધું છે.*

*એ એપ્લાઈડ આર્ટ્સમાં ડીપ્લોમા કરી, લગ્ન પછી અમેરીકા ગઈ. ત્યાં કમ્પ્યુટર ગ્રાફીક્સ કર્યું. અત્યારે ત્યાં તે એના રસની જ જોબ કરે છે અને એની કંપનીમાં માનવંતું સ્થાન ધરાવે છે. પ્રશસ્તીના ઉછેરની સાથે સાથે મારોયે વીકાસ સધાયો. બાળકને સમજવું એ જ કેળવણીનું હાર્દ. સર્વાંગી વીકાસ તો પ્રેમ : ભરપુર પ્રેમ અને બીનશરતી પ્રેમથી જ થાય એ સત્ય લાધ્યું. પ્રશસ્તી મારે માટે વરદાન છે. મારો દીકરો મરાલ અંતર્મુખી; પ્રશસ્તી ડીમાન્ડીંગ અને કમાન્ડીંગ બન્ને. એને જેમ ખીલવું હતું, તેમ મેં તેને ખીલવા દીધી. આજે તે કંઈક બની શકી એનો પુર્ણ સંતોષ છે.. ઉત્તમભાઈ, તમે જીજ્ઞાસાવશ પુછ્યું ને મેં આ લખ્યું..આભાર..*

*– અવન્તીકા ગુણવંત')*

લેખીકા–સમ્પર્ક – અવન્તીકા ગુણવન્ત,

‘શાશ્વત’ – કે. એમ. જૈન ઉપાશ્રય સામે, ઓપેરા સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ–380 007

ફોન – (079) 2661 2505 ઈ–મેઈલ – avantika.gunvant@yahoo.com

&&&

228 : 09-10-2011

# ગઝલ – ચાતક

-દક્ષેશ કોન્ટ્રાક્ટર ‘ચાતક’

અનુક્રમણીકા

આગમન, એની પ્રતીક્ષા, બારણાંનો છે વીષય,
ને પછી એનું મીલન સંભારણાનો છે વીષય,
કાફીયાઓ લઈ વસાવું હું રદીફોના નગર,
શી હશે જાહોજલાલી, ધારણાનો છે વીષય.

.1.

લખું રોજ વાદળ ને ઝાકળ મળે છે!
મને રોજ તડકાનાં કાગળ મળે છે!

સમય સાથ ચાલું છું તોયે જુઓને,
મુસીબત કદમ એક આગળ મળે છે!

તકાદા કરે છે તું કેવા મીલનના,
મને ફક્ત અધખુલી સાંકળ મળે છે!

તને શોધતાં શોધતાં લોક હાંફે,
ખુદા, તુંય ભીંતોની પાછળ મળે છે?

ખુશાલી હવે ના મળે કોઈ ઘરમાં,
ખુશીના મુકામોય ભાગળ મળે છે!

નીરાશા વદનથી લુછી નાંખ ‘ચાતક’,
ક્ષીતીજે અહીં રોજ વાદળ મળે છે!

.2.

એક આંસુ આંખમાં છે, બ્હાર કાઢી આપ તું,
લાગણી સંવેદનાને ધાર કાઢી આપ તું.

ચાર ભીંતોમાં ચણી છે મેં હૃદયની આરઝુ,
ઓ ખુદા! એ ઘર વચાળે દ્વાર કાઢી આપ તું.

ટળવળું છું ક્યારનો હું પ્હોંચવા એના ઘરે,
શક્ય હો તો સાંકડી પગથાર કાઢી આપ તું.

ને ખુલી આંખે અસંભવ હોય જો એનું મીલન,
તો મીલનનાં સ્વપ્નની વણઝાર કાઢી આપ તું.

હર સમસ્યાના ઉકેલો આખરે તુજ પાસ છે,
હસ્તરેખાઓ નવી બે-ચાર કાઢી આપ તું.

એક-બે છાંટે શમે 'ચાતક' નહીં દાવાનળો,
આભ ફાડી મેઘ મુશળધાર કાઢી આપ તું.

.3.

કોઈ દુરી ક્યાં નડે છે પ્હોંચતા એના ઘરે!
હું અહીં દીપક જલાવું, ઝળહળે એના ઘરે!

વર્ણ-જાતી-ભેદની તકરારના કીસ્સા ખતમ,
રંક-રાજા સહુ મળે છે પ્રેમથી એના ઘરે.

એક બાળકનું કુતુહલ એટલે શમતું નથી,
કોઈ પંડીત-મૌલવી દીઠા નહીં એના ઘરે!

એ જ શ્રદ્ધા સાથ કે એ વાંચશે કોઈ દીવસ,
શ્વાસમાં પત્રો બીડું છું રોજ હું એના ઘરે.

ધમપછાડા ત્યાં જવાના છોડ 'ચાતક', આખરે
લોક ઉંચકી લઈ જશે આરામથી એના ઘરે.

.4.

કેટલાં ઘર-ગામ-ફળીયાંને રડાવી જાય છે,
દેશ મુકીને કોઈ પરદેશ ચાલી જાય છે.

લોહીના સંબંધ, કોમળ કાળજાં સ્નેહીતણાં,
લાગણીના તાર પળમાં કોઈ કાપી જાય છે.

કમનસીબી કેટલી કે ઘેલછામાં અંધ થઈ,
પામવા માટી, ખજાનાને ફગાવી જાય છે.

ઝુલતો હીંચકો, ટકોરા બારણે ઘડીયાળનાં,
એક સન્નાટો ફકત ઘરમાં સજાવી જાય છે.

માવઠું થઈને પછી વરસ્યા કરે છે આંખડી,
રેશમી સપનાં બધા એમાં વહાવી જાય છે.

વૃદ્ધ આંખોમાં રઝળતી આગમનની આશ, કે
શ્વાસ ખુટે તે પહેલાં કોઈ આવી જાય છે?

માતૃભુમી ત્યાગની 'ચાતક' સજા છે આકરી,
કોઈ આવી દંડની મ્હોલત વધારી જાય છે.

.5.

કાચની કીસ્મત મહીં તો તુટવાનું હોય છે,
કેમ નારીના નસીબે કુટવાનું હોય છે?

બાગમાં ખીલી જવાથી ભાગ્ય પલટાતું નથી,
ક્યાંક ફુલોના નસીબે ચુંટવાનું હોય છે.

શ્વાસની હર વારતાનો સાર કેવળ એટલો,
જીન્દગી પ્રત્યેક ક્ષણ બસ ખુટવાનું હોય છે.

મોતના નામે હવે ગભરાવશો કોઈ નહીં,
શ્વાસની જંજાળથી બસ છુટવાનું હોય છે.

ક્યાં સુધી કહેતા રહીશું લોકને એના વીશે?
દર્દ તો કેવળ હૃદયમાં ઘુંટવાનું હોય છે.

આ ગઝલ તો વ્યક્ત થાવાનું ફકત બ્હાનું હશે,
આમ તો સંવેદનાને કુટવાનું હોય છે.

જેમણે ત્યાગી દીધું સર્વસ્વ એની ચાહમાં,
એમને ‘ચાતક’ હવે શું લુંટવાનું હોય છે?

.6.

સ્મીત એનું રેશમી સાંકળ હશે,
કે હૃદયને ખોલવાની કળ હશે?

આ નીરક્ષર લાગણીને શું ખબર,
એમની આંખોમહીં કાગળ હશે.

એ સતત સાથે રહી સ્પર્શ્યાં નહીં,
જેમ કોઈ પર્ણ પર ઝાકળ હશે.

સાત પગલાંની સફર માંડી હતી,
એ ખબર ન્હોતી વીઘન આગળ હશે.

એ ખડક હોવાનો દાવો શું કરે,
શું ફુટેલા તૃણ બધા પોકળ હશે?

વેદનાની વાટ લાંબી હોય છે,
શક્ય છે, બાકી હજુ અંજળ હશે.

હર પ્રતીક્ષાનો સુખદ અંજામ છે,
કો'ક દી 'ચાતક' ઘરે વાદળ હશે.

.7.

એક-બે ઈચ્છા અધુરી બાળવાનું હોય છે,
જીન્દગી તો અંત સુધી ચાલવાનું હોય છે.

દોસ્ત, આંખો હોય કે ના હોય, એથી શું થયું?
સ્વપ્ન મનની આંખથી નીહાળવાનું હોય છે.

બાળપણનું વ્હાલ, ચુમીઓ બધી યૌવનતણી,
કેટલું દેવું અહીં ઉતારવાનું હોય છે!

સ્મીત ચ્હેરા પર ટકાવી રાખવું મુશ્કેલ છે,
બોલકી સંવેદનાને ખાળવાનું હોય છે.

ને ગઝલ લખવા પ્રયત્નો આમ તો કરતો નથી,
લાગણીનું ભુત મનથી કાઢવાનું હોય છે.

પગરવોના દેશમાં 'ચાતક' સજા છે એટલી,
રોજ કાચી ઉંઘમાંથી જાગવાનું હોય છે.

.8.

આંખો જરી ખુલી અને સપનાં ફળી ગયાં,

રેતીના ગામમાં મને ઝરણાં મળી ગયાં!

મૃગજળની ધારણા અહીં વ્હેતી હશે કદી,
એથી તો હાંફતા મને હરણાં મળી ગયાં.

ઉદભવની શક્યતા વીશે અટકળ કરી શકું,
બે-ચાર વાદળાં મને જળમાં મળી ગયાં.

ઝાકળને બાતમી હતી એના નગર વીશે,
કારણ કે બાગમાં મને પગલાં મળી ગયાં.

એકાદ જો ખુશી હતે, વ્હેંચી શકત નહીં,
સારું કે એમના મને ઢગલા મળી ગયા.

કેવી કઠીન સાધના 'ચાતક' કરી હશે,
કરગરતાં ઝાંઝવાં મને હમણાં મળી ગયાં.

.9.

હર પ્રણયની વારતાના અંત નોખા હોય છે,
ક્યાંક આંસુ, ક્યાંક કંકુ સાથ ચોખા હોય છે.

ખુશનસીબોના જ કીસ્મતમાં લખી દીવાનગી,
બદનસીબોના લલાટે ફક્ત ધોખા હોય છે.

આમ તો બે હોઠ, આંખો, બે જ હૈયાંઓ મળે,
તોય અંદાજો મીલનના સૌ અનોખા હોય છે!

પ્રેમની તસવીર કો'દી ધુંધળી થાતી નથી,
સ્મીત મુખ પર ઝળહળે, છો દાંત બોખા હોય છે.

એ સદીઓથી થતાં 'ચાતક' ભલે બદનામ, પણ
એમને જોવા તરસતાં સહુ ઝરોખા હોય છે.

.10.

શ્હેરમાં ભીની ગલી ને ગામડે વરસાદ છે,
આગમનની શક્યતાનો બારણે વરસાદ છે.

એ હશે કેવી મીલનની તાજગી વરસો જુની,
એક છાંટો થાય ને મન સાંભરે, વરસાદ છે.

જુઈની વેલી સમી કન્યા વળાવી તે સમે,
ભર ઉનાળે એમ લાગ્યું, માંડવે વરસાદ છે.

www.gujaratilexicon.com

એક-બે આંસુ છુપાવી ના શક્યા વાદળ જરી,
હર્ષથી બોલી ઉઠ્યા સૌ, 'આવ રે વરસાદ' છે.

રેતના દરીયા ઉલેચીને છુપાઈ લાગણી,
શી ખબર એને બધાની ભીતરે વરસાદ છે.

11.

ચોગમ ફેલાયેલું રણ છે મારી અંદર,
મૃગજળ જેવી ભીની ક્ષણ છે મારી અંદર.
અરમાનોની કુંજગલીમાં ભટકી ભટકી,
હાંફી ગયેલાં કૈંક હરણ છે મારી અંદર.
ઝાંઝવા સમી લાગણીઓ શાને વરસાવે,
થીજી ગયેલાં સાવ ઝરણ છે મારી અંદર,
શાહી કલમની સુકાવાનું નામ નહીં લે,
કૈં કેટલાં અવતરણ છે મારી અંદર.
કણકણમાં તું છુપાયેલો, જાણું છું, પણ,
બાકી ના કોઈ રજકણ છે મારી અંદર.
'ચાતક' થઈને રાહ જોઉં છું કૈં વરસોથી,
આવ, આવવાનાં કારણ છે મારી અંદર.

* દક્ષેશ કોન્ટ્રાકટર 'ચાતક' *

:કવી–સમ્પર્ક:

Daxesh Contractor

E-mail : daxesh68@yahoo.com

Phone : 714-656-2857 (landline)

Address: 9091- McBride River, Fountain Valley, CA - 92708-USA

બ્લોગ: http://www.mitixa.com/

@@@

229 : 23-10-2011

# ઘરના ટોડલે દીવાળીના દીવા અને અંતરના ટોડલે સમજણના...

–વલ્લભ ઈટાલીયા

અનુક્રમણીકા

સમય સહેજ પડખું ફેરવે છે અને વરસ બદલાઈ જાય છે. સમયને કામચોરી, લાગવગ અને ભ્રષ્ટાચાર કર્યા વગર પોતાનો ધર્મ નીભાવવાની ટેવ છે. બેસતા વર્ષનો દીવસ એ મારો અત્યન્ત પ્રીય તહેવાર છે. આ એક એવો દીવસ છે જ્યારે માણસ ખરેખર ‘માણસ’ જેવો જ લાગે છે! ઘણીવાર એક વીચાર મારા મનમાં આપણાં ઉજળા ભાવીની આશા જન્માવે છે. બેસતા વર્ષનો એક દીવસ આપણે બધા પુરા પ્રેમ, આદર અને સદ્ ભાવથી જીવી શકતા હોઈએ તો એ સાબીત કરે છે કે આપણે આખું વર્ષ પણ એ પ્રમાણે જીવી શકીએ એમ છીએ. શું નવા વર્ષના પ્રથમ દીવસે પ્રગટ થતો પ્રેમ, સ્નેહ અને ભાઈચારો આપણે આખું વર્ષ ન ટકાવી શકીએ? ‘સાલમુબારક’ અને ‘ઈદમુબારક’ની જેમ ગળે મળવા માટે, શું હીન્દુ અને મુસલમાનને તે આખું વર્ષ પ્રેરણા ન આપી શકે? પ્રયોગ કરવા જેવો છે.

વાતવાતમાં તોફાનો, ઝઘડા, ખુન, છેતરપીંડી અને માણસની અપરમ્પાર નીચતાથી સમાજ પક્ષાઘાતનો સામનો કરી રહ્યો છે. માત્ર સત્તાવીસ રુપીયા ટોલટૅક્સ નહીં ભરવા માટે થઈને હમણાં જ ટોલનાકાના એક કર્મચારીને ગોળીથી ઉડાવી દેવામાં આવ્યો! સમાચાર જોયા ત્યારે આખો દીવસ મગજમાં ઘમસાણ ચાલ્યું : શું માણસની જીન્દગીનું આટલું જ મુલ્ય? માનવજાતીની સૌથી મોટી સમસ્યા જ એ છે કે, તે પથ્થર સાથે ભગવાન જેવો વહેવાર કરે છે અને માણસ સાથે પથ્થર જેવો! વરસ તો સમયની સાથે આપોઆપ બદલાઈ જાય છે; પરન્તુ માણસની નીચતા, દુર્દશા અને મુર્ખાઈને વરસની માફક આપોઆપ હટી જવાની આદત નથી! વરસના દીવસો તો નીર્ધારીત હોય છે; પરન્તુ માણસની મુર્ખાઈના દીવસો નીર્ધારીત નથી હોતા! કેટલીક વાર તો એવું લાગે છે કે, માણસ સ્વભાવે જ પેટ ચોળીને પીડા ઉભી કરનારું પ્રાણી છે! સુખ માટે માત્ર થોડી સમજદારી જ જરુરી છે, જ્યારે દુ:ખ માટે તો હજાર કારણો છે.

કોઈને ભુખ લાગે છે એની પીડા છે, તો કોઈને પચતું નથી એની પીડા છે! કોઈને સન્તાન નથી એનું દુ:ખ છે, તો કોઈને સન્તાન વંઠેલ થયાં છે એનું દુ:ખ છે! કોઈને લગ્ન થતું નથી એની પીડા છે, તો કોઈને છુટાછેડા થતા નથી એની પીડા છે! કોઈને ઘરમાં ખાંડ નથી એની ચીન્તા છે, તો કોઈને

ડાયાબીટીસ થયો છે એની ચીન્તા છે! કોઈને બાપ નથી એનું દુ:ખ છે, તો કોઈને બાપ બગડેલો છે એનું દુ:ખ છે! કોઈને મોત આવતું નથી એની પીડા છે, તો કોઈને મોત આંબી રહ્યું છે એની પીડા છે! કોઈને શરીર પાતળું છે એની ચીન્તા છે, તો કોઈને શરીર લોંઠકું છે એની ચીન્તા છે! કોઈને ઉંઘ નથી આવતી એની પીડા છે, તો કોઈને ઉંઘ પીછો છોડતી નથી એની પીડા છે! કોઈને કામ કરવું પડે છે એની ચીન્તા છે, તો કોઈને કામ મળતું નથી એની ચીન્તા છે! ‘પ્રધાનો’ને ભ્રષ્ટાચાર કેમ કરવો એની ચીન્તા છે, તો ‘અન્ના’ઓને ભ્રષ્ટાચાર કેમ અટકાવવો એની ચીન્તા છે! કોઈને દુધના પૈસા નથી એની ચીન્તા છે, તો કોઈને દારુના પૈસા નથી એની ચીન્તા છે! સંસારમાં થોડાઘણા અંશે દરેક માણસ દુ:ખી છે. ‘ચીન્તાથી મુક્ત રહો’ અને ‘સદાય આનંદમાં રહો’ એવાં પ્રવચનો આપનારા ચીન્તાથી મુક્ત થઈ ગયા છે એવા ભ્રમમાં કોઈએ રહેવા જેવું નથી.

ઘણીવાર આપણી ખોટી દૃષ્ટી અને આપણા ખોટા અભીગમને કારણે દુ:ખ આપણો પીછો છોડતું નથી. પોણી દુનીયાને એવો વહેમ છે કે, આપણે બીજાને કારણે દુ:ખી છીએ; પરન્તુ હકીકતમાં આપણે આપણી જ ખોટી માન્યતાઓ, આપણા ખોટા નીર્ણયો અને આપણા પોતાના ખોટા ધંધાઓના કારણે દુ:ખી થતા હોઈએ છીએ. ક્યારેક તો એવું લાગે છે કે માણસ દુ:ખના મારગે ચાલીને સુખની શોધ કરવા નીકળ્યો છે! સુખ

મેળવવા માટે માણસ ચુકવી શકવાની તાકાત ન હોય એટલું દેવું કરી બેસે છે, કમાવાની ત્રેવડ ન હોય એટલા ખર્ચાઓને પાળે છે અને ઉછેરવાની તાકાત ન હોય એટલાં બાળકો પેદા કરી નાંખે છે! કેટલાક માણસો તો પોતાના દેહને છોડવા તૈયાર; પરન્તુ પોતાના વ્યસનને છોડવા તૈયાર નથી હોતા! મૃત્યુબાદ ‘મોક્ષ’ મેળવવાની મહેનતમાં આપણે વર્તમાન જીવનને જ નર્ક બનાવી રહ્યા છીએ. એટલી જ મહેનત વર્તમાન જીવનને સુધારવા માટે કરીએ તો આપણે સ્વર્ગની રાહ મૃત્યુ સુધી નહીં જોવી પડે. સુખી થવા માટે જીવનની વાસ્તવીક ફીલસુફીને સમજવી એટલી જ અનીવાર્ય હોય છે.

માનવજીવન એ સતત સંઘર્ષ, તકલીફો, અકસ્માતો ને સમસ્યાઓની હારમાળા છે. આપણે કેટલીકવાર વીચારીએ છીએ કે એક ઘરનું મકાન થઈ જાય એટલે બસ! દીકરીને સારું સાસરું મળી જાય એટલે બસ! છોકરો ધંધે ચડી જાય એટલે બસ! કમ્મરનો દુ:ખાવો મટી જાય એટલે બસ! પચ્ચીસ–પચાસ લાખની મુડી થઈ જાય એટલે બસ! આ બધું ધારેલું પાર પડી જાય છે ત્યારે પણ માણસની સમસ્યાઓ મટી જાય છે ખરી? એક પ્રશ્ન ઉકેલીએ ત્યાં બીજીને સામે આવતા કેટલી વાર લાગે છે? અવીરત સમસ્યાઓ, પારાવાર મુશ્કેલીઓ ને સતત સંઘર્ષ એટલે જ જીવન. ગમે તેવા વીકટ સમયમાં પણ હીમ્મત હાર્યા

વગર, માર્ગ કાઢીને 'યોગ્ય કર્તવ્ય' કરતા રહેવું અને આગળ વધતા રહેવું એનું જ નામ છે જીન્દગી!

માણસે 'પુર્વભવના' કર્મોનું ફળ નહીં; પરન્તુ પોતે કરવાનાં હતાં એ કર્મો ન કર્યાંનું અને ન કરવાનાં કર્મો કર્યાંનું ફળ ભોગવવું પડે છે. માણસને દુ:ખ, સમસ્યા અને સંઘર્ષ ગમતાં નથી; પરન્તુ એ જ તો જીન્દગીનો એક હીસ્સો છે. જો તમે તમારા જીવનમાં કોઈ પણ પ્રકારની સમસ્યાનો સામનો ન કરી રહ્યા હો, તો સમજજો કે તમે ખોટી દીશામાં જઈ રહ્યાં છો! મુશ્કેલી વધે છે ત્યારે માણસમાં એનો સામનો કરવાની દૃષ્ટી અને શક્તી પણ વધે છે. 'ભગવાન'ને શોધી રહેલા માણસ કરતાં પોતાની 'ભુલ'ને શોધી રહેલા માણસને હું વધારે સમજદાર માનું છું!

નવું વર્ષ આપ સૌ મીત્રોના જીવનમાં નવો પ્રકાશ પાથરે અને આપ સૌને યશપ્રાપ્તી, આનન્દપ્રાપ્તી અને ધ્યેયપ્રાપ્તી સુધી પહોંચાડે એવી મારી હાર્દીક શુભેચ્છાઓ સ્વીકારશો.

<u>પ્રસાદ</u>

## કાયમ સુખી રહેવા માટેના બે રસ્તાઓ દેખાય છે :

૧: પરીસ્થીતીને અનુકુળ બનવું અથવા પરીસ્થીતીને અનુકુળ બનાવવી!

૨: જ્યારે કોઈ ઘટના તમારા હાથ–કાબુ બહારની હોય, ત્યારે જે થાય તે થવા દેવું અને બધું નાશ ભલે પામે; છતાં પણ ડરવું–ડગવું નહીં!

–વલ્લભ ઈટાલીયા


લેખક–સમ્પર્ક:

શ્રી વલ્લભભાઈ ઈટાલીયા, 74–બી, હંસ સોસાયટી, વરાછા રોડ, સુરત – 395 006,

મોબાઈલ : 98258 85900, ઈ–મેઈલ : vallabhitaliya@gmail.com


♦●♦

## ધુપછાંવ

જીવન ચાના કપ જેવું છે. બાલ્કનીમાં બેસીને તમે ચાની ચુસકી મારો છો ત્યાં તમને ખબર પડે છે કે અંદર કોઈ ખાંડ જ નાખવાનું ભુલી ગયું છે! ઉઠવાની આળસે તમે એ મોળી ચા પુરી કરો છો. છેલ્લે ઘુંટડે તમને તેમાં ન ઓગળેલી ખાંડ તળીયે દેખાય છે. આનું નામ જીવન!

બધાં સુખો, ન ઓગળેલી ખાંડની જેમ તમારા જીવન–કપમાં પડ્યાં જ હોય છે. તમારે સમજદારીની ચમચી

વડે એને જીવનમાં ઓગાળવાં પડે. હૉટલમાં ઓર્ડર આપ્યા પછી ગણતરીની ક્ષણોમાં વેઈટર તમારી સામે વાનગી હાજર કરે એટલી સરળતાથી સુખો મળી શકતાં નથી.

સુખ ઘડીયાળના કલાકના કાંટા જેવું છે. બહુ રાહ જોવડાવ્યા પછી માંડ એક ડગલું આગળ વધીને તમારી નજીક આવે; પણ સુખ જવાનું હોય ત્યારે સેકંડ કાંટાના વેગે ભાગી જાય. સુખને ન છટકવા દેવાની કળાને 'આર્ટ ઓફ લીવીંગ' કહે છે.

–દીનેશ પાંચાલ, નવસારી – ફોન: 02637 -242 098

તા. 9/10/2011ના 'ગુજરાતમીત્ર'ની રવીવારી પુર્તીમાંથી સાભાર...

♦●♦

230 : 06-11-2011

# માતૃભાષાનું મહત્ત્વ અને લીપીશીક્ષણ - નવી રીતે

- ડૉ. જગદીશ દવે

અનુક્રમણીકા

આ સમયમાં બ્રીટનમાં માતૃભાષાઓને માટે પ્રોત્સાહક વાતાવરણ નહોતું. શાળાના સંચાલકો પણ વાલીઓને કડક સુચના આપતા કે તેમનાં સંતાનો શાળામાં પણ માતૃભાષાનો ઉપયોગ અન્ય સ્વભાષી વીદ્યાર્થીઓ સાથે ન કરે. તેમ કરનાર વીદ્યાર્થીઓને નાનીમોટી સજાઓ થયાના દાખલા નોંધાતા. ઘરમાં પણ વાલીઓ અંગ્રજીનો જ વપરાશ રાખે તેવો આગ્રહ રખાતો. આ બધું વીદ્યાર્થીઓના હીતમાં જ છે, અંગ્રેજી આ રીતે સર્વત્ર ન વાપરે તો તેનું ભવીષ્ય – તેની ‘કરીયર’ જોખમાશે તેવો ડર બતાવાતો.

ત્યાં એક સુખદ પરીવર્તન આવ્યું. શૈક્ષણીક મનોવીજ્ઞાનીઓ (એજ્યુકેશન સાઈકોલોજીસ્ટો)એ પોતાનાં સંશોધનો દ્વારા જાહેર કર્યું કે બાળક માતૃભાષા જાણે અને વાપરે તો તે અન્ય ભાષાઓ પર પણ સરળતાથી કાબુ મેળવી શકે છે. માતૃભાષાનું જ્ઞાન હોવું તે તેના અંગ્રેજીની જ્ઞાનપ્રાપ્તી માટે અવરોધક નથી; બલકે ઉપકારક બની શકે

છે. એટલું જ નહીં; અન્ય વીષયોની સમજણમાં પણ તે કામમાં આવી શકે છે.

એટલે શાળાઓમાં ક્રમશઃ પરીવર્તન આવવા લાગ્યું. દીવાળી, જન્માષ્ટમી, મોહરમ જેવા સમયગાળાના કાર્યક્રમનાં આયોજનો શરુ થયાં. નવરાત્રીના તહેવારોમાં શાળામાં શ્વેત–અશ્વેત, ગુજરાતી–અગુજરાતી બધાં ગરબા ગાતાં દેખાવા લાગ્યાં. વાલીઓ પણ ઉત્સાહભેર શાળાઓમાં જઈ માર્ગદર્શન આપતા થયા. આથી ભાષાશીક્ષણ માટે સાનુકુળ વાતાવરણ સર્જાવા માંડ્યું.

આનો હવે ઉપયોગ કરી લેવાનો હતો. હવે બાળકોને ગુજરાતી વાંચવા–લખવા, બોલવામાં રસ પડે તેવું આયોજન વીચારવાનું હતું. વર્ગોમાં આવતા વીદ્યાર્થી પ્રેમથી, ઉત્સાહથી આવતા થાય તે જોવાનું હતું.

જુદા જુદા વર્ગોમાં જતાં તેમની સાથેની વાતચીતમાં લગભગ એક જ સુર નીકળતો : 'Gujarati is funny, Gujarati is boring' – 'ગુજરાતી વીચીત્ર છે, ગુજરાતી કંટાળાજનક છે!' કમળનો 'ક' અને ખડીયાનો 'ખ' ઘુંટવાની તેમની તૈયારી નહોતી. 'ઉતરડ' જોઈ જ ન હોય એને ઉતરડનો 'ઉ' ક્યાંથી મગજમાં બેસે? 'ખાટલો' જ જોયો ન હોય એને 'ઈસ'નો 'ઈ' તો ન જ ચાલે ને! ભારતથી આવેલાં પાઠ્યપુસ્તકોની કક્કો–

બારખડી આ જ પ્રકારનાં ચીત્રોથી ભરપુર અને આને જ આધારે શીક્ષણ અપાય!

એટલે એક વર્ગમાં જઈ મેં તેમને અંગ્રેજી ‘S’(એસ) લખવા કહ્યું. તરત બધાં તૈયાર! બ્લેક બોર્ડ પર વીદ્યાર્થીએ ‘S’ લખ્યો એટલે મેં કહ્યું, ‘આ ગુજરાતીનો ‘ડ’ છે! બીજા વીદ્યાર્થીને તેની વચ્ચે લીટી કરી કાપવા કહ્યું અને તેમ કરતાં, આ ગુજરાતીનો ‘ક’ છે તેમ જણાવ્યું. ત્રીજાને તેની નીચે ‘હુક’ જેવી નીશાની કરવાનું કહી ગુજરાતીનો ‘ફ’ બનાવડાવ્યો, જ્યારે ચોથાને ‘S’ની વચ્ચેથી ‘C’ જેવો કૌંસ કરવા કહ્યું એટલે બની ગયો ગુજરાતીનો ‘દ’. પાંચમાને ‘S’ કરીને નીચેનો છેડો વચ્ચે લાવી જોડવા કહ્યું તો બની ગયો ગુજરાતીનો ‘ઠ’! આમ એક ‘S’માંથી ગુજરાતીના ‘ડ, ક, ફ, દ, ઠ’ તૈયાર થઈ જતાં જોઈ સૌ ખુશ! તેમાંથી એક વીદ્યાર્થીને ત્રણ ‘S’ લખી પહેલા અને ત્રીજાને કાપવા કહી શબ્દ બનાવ્યો, વંચાવ્યો ને વંચાયો પણ ખરો ‘કડક’. મેં અર્થ આપ્યો – Strict or Strong. તરત એક છોકરી કહે, Our Math teacher is very strict. If we say she is કડક, she will not understand! This is my language!

આનન્દ થઈ ગયો! આ મારી ભાષા છે! મારી ભાષા જાણનાર જ તેને જાણી શકશે! આ ભાષામાં હું મારાં ગુજરાતી

ભાઈ–બહેનો સાથે વાતચીત કરી શકીશ! એક મોટી વાતનો જાણે સહજ સ્વીકાર થઈ ગયો.

દર અઠવાડીયે શનીવારે ભરાતા આ વર્ગોમાં બીજા શનીવારે તેમને પહેલાં ‘ɪ’ આટલું દોરવા કહ્યું. આ પાયા ઉપર ત, ન, મ, ભ, આપ્યા. શબ્દ બનાવ્યો ‘મફત’. અર્થ આપ્યો – free of cost અને કહ્યું, આ આવડે તો દુનીયાભરમાં ક્યાંય મુશ્કેલી નહીં પડે!

ત્યાં એક બીજો, અવીસ્મરણીય બનાવ બન્યો. એક વીદ્યાર્થી ઉભો થયો. કહે, ‘Now I know the meaning of my father’s name. He is Mafatlal! He is free of cost!’ ને વર્ગમાં હાસ્યનાં મોજાં ફરી વળ્યાં!

મેં કહ્યું, ‘હવે ઘરે જઈને તારા પપ્પાને આ વાત ન કહેતો!’ તો કહે, ‘Well, leave it to me.’ એ મારા પર છોડી દો! સ્વતંત્ર મીજાજ, સ્વતંત્ર ખુમારી ધરાવતાં એ બાળકો! ઈંગ્લેંડમાં જન્મી ઉછરેલાં બાળકો! મારું માને ખરાં?

પછીના શનીવારે તેના પીતા સાથે તેને શાળામાં પ્રવેશતા જોઈ હું ગુંચવાયો. કદાચ કંઈ ફરીયાદ કરવા આવ્યા હશે? પણ તેમણે તો તરત મારો હાથ પકડી જોરથી હસ્તધુનન કર્યું! કહે, ‘Thanks and congratulations! My son never wanted to come to this Gujarati School. Today he dragged me here!’ આભાર અને અભીનન્દન, મારો દીકરો

આ ગુજરાતી શાળામાં આવવા કદી તૈયાર થતો નહોતો! આજે એ મને ખેંચીને અહીં લઈ આવ્યો છે! તેમની વીદાય પછી એ સુપુત્રને કારણ પુછતાં તેણે કહ્યું, 'I want to know the meaning of my mother's name and my sister's name and all of my relatives. In Gujarati every name has a meaning. Isn't it? મારે મારી બા, બહેન ને બધા સગાનાં નામોનો અર્થ જાણવો છે. કારણ ગુજરાતીમાં તો બધાનાં નામોનો અર્થ હોય છે, ખરું ને ?

અને આમ ગઢ જીતાયો. પછી તો, પ ષ ચ થ // ટ ઢ // લ બ ખ વ ળ // ર સ શ// દ ઘ ધ છ ઈ // જ // ગ ણ ઝ ચ અ // ઉ ઊ જેવા આમ, સરખા મરોડ અને આકારો ધરાવતા અક્ષરોનાં જુથો દર શનીવારે આપતાં જઈને દસ શનીવારમાં તેમને કક્કા પર કાબુ મેળવતાં કરી મુક્યાં.

ગુજરાતી ભાષાનું લેખન funny અને boring લાગતું હતું તે હવે તેમના જ શબ્દોમાં interesting બની રહ્યું.

–પ્રા. જગદીશ દવે

સર્જક–સમ્પર્ક :

Pro. Jagdish Dave,

93A, Harrow View, Harrow, HA1 4SZ, UK

Phone : 020 8863 2376 eMail ID : jdrdave@aol.com

(MBE- માનદ નીયામક, જાગતીક સ્તરે ગુજરાતી શીક્ષણ, ‘ચંદરયા ફાઉન્ડેશન ઈન્ટરનેશનલ’, જીનીવા, નૈરોબી, લંડન, ટોરન્ટો, મુંબઈ)

શૈક્ષણીક–સાંસ્કૃતીક સ્મૃતીકથા સમા લેખકના પુસ્તક ‘વીશ્વગીરા ગુજરાતી’(પ્રકાશક: Pravin Publication, Dhebar Road, Opp. Muni. Corpo., RAJKOT – 360 001 – INDIA,

Phone (0280)223 2460/ 223 4602

Website : www.pravinprakashan.com

eMail : pravinprakashan.yahoo.com

Edition : 2010, Price : Rs.150/-, USA- $ 6. UK- 6 Pound)માંથી લેખકની પરવાનગીથી સાભાર..

@@@

231 : 20-11-2011

# વાર્તાનો મહીમા

-મહાવીર ત્યાગી

અનુક્રમણીકા

“સ્ટેશન માસ્તર સાહેબ, આજે પીતાજી નહીં જાય, તમે ગાડીને વહેલી રવાના કરી દેજો...”. ગમે તે આડોઅવળો નંબર જોડી, સાડા ચાર વર્ષનો મારો પૌત્ર અનીલ, ઉપર પ્રમાણે ફોન કરીને મારી પાસે આવ્યો અને મને કહ્યું : “પપ્પા, મેં રેલવેવાળાને કહી દીધું છે કે આજે તમારે મોડું થશે એટલે રેલવેવાળા ગાડીને રોકી રાખશે. તમે ધીરે ધીરે ખાજો અને પછી આરામ કરીને સ્ટેશને પહોંચજો.”

આવડા અમથા નાનુએ પહેલી વાર આટલી મોટી ચાલાકી શરુ કરી! મારે રાતે દહેરાદુન જવું હતું, સીટ રોકાઈ ગઈ હતી અને બીસ્તરો બન્ધાતો હતો. હું બહાર જાઉં તે એને ગમતું નથી; કેમ કે એ રોજ રાતે મારી જોડે સુએ છે અને વાર્તાઓ સાંભળે છે. દીવસમાં કેટલીય વાર એ એની માની ફરીયાદો લઈને મારી પાસે આવે છે અને માને ધમકાવવા કહે છે. હું અમસ્તો જ કહી દઉં છું : ‘ખબરદાર, કોઈએ મારા નાનુને સતાવ્યો છે તો!’ પછી એના ભણી જોંઉં છું તો એ વળી કહે છે, ‘પપ્પા, માને એવી તો ધમકાવો કે એ રડી

પડે.' એ પણ ખોટેખોટું રડી લે છે. અમારાં બધાંનો એવો ખ્યાલ છે કે આખા ઘરમાં નાનુ મને વધારે પ્રેમ કરે છે. આજે મેં એની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. મેં એને પુછ્યું : ''નાનુ, તું મારી સાથે દહેરાદુન આવીશ કે માની સાથે દીલ્હીમાં રહીશ?'' એણે વારાફરતી બહુ વાર બન્ને તરફ જોયું અને એની માની તરફ જતાં બોલ્યો : ''મારી માની જોડે.'' એમ તો હું જાણતો જ હતો કે પરસેવા કરતા લોહીના સમ્બન્ધ વધારે ગાઢ હોય છે. એમ છતાં પસ્તાવો થયો કે આ કેવો ગઠીયો છે–કાગળીયાં તો મારાં ફાડે છે, રાતદીવસ માંકડાનાં બચ્ચાની જેમ મારી પાછળ પાછળ ફરતો રહે છે; છતાં પ્રેમ રાખે છે એની મા પર જ!

એની ટેલીફોનવાળી વાત સમ્ભારીને મને ખરેખર ગ્લાની થઈ આવી. ખરું જોતાં દોષ મારો જ છે. આજ લગીમાં એ જે કંઈ શીખ્યો છે તે મારી પાસેથી જ શીખ્યો છે. હું જ એવો છું કે જેના મોં પરથી હજી દુધ સુકાયું નથી, એવા નીર્દોષ નાના પૌત્રના માનસીક વીકાસમાં ઝેરવાળાં ઈન્જેક્શન ભોંકું છું. કહેવાય છે તો એમ કે આપણે મોટેરાંઓ, બાળકોને રમાડીએ છીએ; પરન્તુ હકીકતમાં તો એમને રમાડવાને બદલે જાતે જ એમની જોડે રમી લઈએ છીએ. એ આપણાં રમકડાં છે ને એમની જોડે રમીને મનને ખુશ કરી લઈએ છીએ. એમના બહાના હેઠળ નચાય તેટલું નાચીએ છીએ અને

ગવાય તેટલું ગાઈએ છીએ; રમત કરીએ છીએ, કુતરાં–બીલાડાની બોલી બોલીએ છીએ. એ વખતે દુનીયાની કોઈ વસ્તુ આપણું હાસ્ય રોકી શકતી નથી.

‘જો, આ બીલાડી આવી; ઓ કાગડા, નાનુનો કાન પકડીને ઝાડ પર લઈ જા તો!’ ત્યારે એ બોલે : ‘ કાગડા કાગડા, ના આવીશ નીચે. મારા પપ્પા તને પકડીને ગજવામાં ઘાલી દેશે. પછી રહેજે રડતો. હા...’ કોઈ વાર એ મુઠીમાં પૈસો બન્ધ કરી છુમન્તર વડે ઉડાવી દે છે અને કહે છે : ‘ચકલી લઈ ગઈ.’ મારી માફક એ પણ ‘છુમન્તર કાલી કલકત્તેવાલી’ એમ બોલીને ચીજો છુપાવતો થયો છે. હું એની મઝા માણું છું. રોજ રાતે વાર્તા કહેવી પડે છે. પણ રોજ રાતે તો નવી વાર્તાઓ ક્યાંથી કાઢું? મનમાં ઉપજાવેલી સાચી–ખોટી વાર્તાઓ કહેવી પડે છે. અને એ પણ કેવી? ચોરની, તફડંચી કરનારની, ભુતપ્રેતની, ઠગની, ખીસ્સાકાતરુની, શરાબી કે પાગલની, તેતર–બટેરની – જે આપણને પોતાને ગમે તે વાતો સમ્ભળાવતા રહીએ છીએ. અને એ જ પ્રકારની મજાક કરીએ છીએ. જે દીવસોમાં એના ભાવી ચારીત્ર્યનો અને એના પ્રારબ્ધનો પાયો ચણવાનો હોય છે–બે વર્ષથી તે સાત વર્ષની વય સુધી–ત્યારે જે આપણે એના મન ઉપર સ્વાર્થ, ભય, લાલચ ચોરી, ચાલબાજી, કતલ, ખુન અને બદમાશીના કુસંસ્કાર ઠાંસીઠાંસીને ભરીએ છીએ–જાણે કોઈ

વીશાળ ભવનના પાયા ઠોકીઠોકીને પુરી રહ્યા છીએ. મુળમાં પડેલા આ ઝેરીલા સંસ્કારો જ્યારે વધે છે, ત્યારે ઉંચામાં ઉંચો ધર્મનો ઉપદેશ એને કંઈ બચાવી શકતો નથી. આપણા જ હાથે આપણાં સન્તાનોને ચારીત્ર્યહીન બનાવી આપણે જીન્દગીભર પસ્તાવો કરીએ છીએ. મને તો લાગે છે કે દરેક વ્યક્તીના ચારીત્ર્યમાં એના નાનપણની ઝાંખી જરુર થાય છે. આથી તો મોટાઓ કહી ગયા કે, : ‘પુત્રનાં લક્ષણ પારણામાં.’

કેટલાંક વર્ષોથી વીલાયતમાં કામ કરતા એક દાક્તર થોડા દીવસ માટે દીલ્હી આવ્યા હતા. એમના હસવાનો ઢંગ જોઈને મેં જાણી લીધું કે શ્રી રાજગોપાલાચાર્યની નીકટમાં તેઓ રહ્યા હશે. એમને આ સાંભળી નવાઈ લાગી. હતું પણ એમ જ, નાનપણથી એ રાજાજીની સાથે જ રમ્યા હતા અને ભણ્યા હતા.

આપણી સરકાર ભારતની પ્રગતી કાજે ભાતભાતની યોજનાઓ ઘડી રહી છે. આર્થીક મુશ્કેલીઓનો સામનો પણ કરી રહી છે; છતાં પણ પ્રશ્ન આ છે : વેપારઉદ્યોગ, વીજ્ઞાન કે આર્થીક નીતીમાં આગળ  વધીએ તો પણ; આપણો નૈતીક વીકાસ ન થયો હોય તો, એ બધાથી કશો લાભ થવાનો છે? આજે ઉઘાડી આંખે આપણાં સન્તાનોનો નૈતીક હ્રાસ જોઈ રહ્યા છીએ. શાળા–કૉલેજોમાં બાળકોને શીસ્તની તાલીમ આપવાથી આ નુકસાન મટવાનું નથી. એ માટે તો જે નાનાં

બાળકો એમની માતાની પાસે સુતાં સુતાં વાર્તાઓ સાંભળવા માટે અધીરાં બન્યાં હોય છે, તેમને આપણે સાંભળવાં જોઈશે. આ વાર્તાઓ નૈતીક ઉત્થાન માટે રામબાણ ગોળીઓ જેવી છે. આજે તો કોઈ માને આદર્શ કહાણીઓ યાદ જ નથી! અને તોયે એ મા હોય કે બીજું કોઈ હોય – એને શો અધીકાર છે કે ભાવી નાગરીકોના સંસ્કારોને એ જન્મથી જ રોગી બનાવી દે?

ભારત સકારની ફરજ છે કે મનોવીજ્ઞાનના પંડીતોનું એક બોર્ડ બનાવે. એ લોકો એક જાહેરાત કરે કે ભારતની તમામ ભાષાઓના લેખકો સારામાં સારી વાર્તા લખે અને એમાંથી જે વાર્તાઓ બાળકોને કહેવા જેવી વાર્તાઓના ‘અબોધ શીક્ષાકોશ’માં સ્વીકારી શકાય એવી સારામાં સારી વાર્તાઓને પસંદ કરી, દરેક વાર્તા દીઠ એક સો રુપીયા(સને ૧૯૬૦ના દરના)નું ઈનામ આપે. આ રીતે એકઠી કરેલી બધી વાર્તાઓ બાળકોનો વીકાસ ધ્યાનમાં રાખીને બે વર્ષથી તે સાત વર્ષનાં બાળકો માટે છ પુસ્તકોમાં દરેક ભાષામાં છાપવામાં આવે અને તેની એક કરોડ નકલ ઘરઘરમાં મફત વહેંચી આપે.

મારી એવી પણ સલાહ છે કે રોજ રાતે સાડા આઠ વાગ્યે ઓછામાં ઓછી એક વાર્તા રેડીયો પર બાળકોને

એમની ભાષામાં સંભળાવવામાં આવે. જો ભારતને ઉંચે લઈ જવો હોય તો એનો પાયો આ રીતે મજબુત કરવો પડશે.

–મહાવીર ત્યાગી

લેખકના ‘નગારખાનામાં તતુડીનો અવાજ…’ (પ્રકાશક : સસ્તું સાહીત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–2, પ્રથમ આવૃત્તી : 1962, ત્રીજી આવૃત્તી : 2001, પાન : 152, મુલ્ય : રુપીયા : 20, પ્રાપ્તીસ્થાન : લોકમીલાપ ટ્રસ્ટ, ભાવનગર : lokmilaptrust2000@yahoo.com ) પુસ્તકના પાન 124થી 128 ઉપરથી સાભાર..

&&&

232 : 04-12-2011

# ગઝલના ગોખલે

-નીલેશ પટેલ

અનુક્રમણીકા

.1.

આમ રોજે–રોજ ચીન્તામાં હતો,
જ્યારથી સમ્બન્ધ ચર્ચામાં હતો.

ફુલ કોણે, ક્યારે તોડ્યું શી ખબર?
હાથ મારો ત્યારે ખીસ્સામાં હતો.

ઘર સુધી રસ્તો બતાવ્યો'તો મને,
એ જ માણસ સાંજે ફોટામાં હતો.

આવ મારો છાંયડો ઓઢાડી દઉં,
હું ભલેને ઉભો તડકામાં હતો!

મીઠું પાણી પીને પણ ખારાશ છે,
ક્યાં ફરક આંસુ ને દરીયામાં હતો.

છાપાની જેમ જ તું વાંચી લે મને,
રોજ બનતી તાજ્જી ઘટનામાં હતો.

જોઉં દરીયો કે ડુબાડે માછલી,
બેઠો સાબીત કરવા નૌકામાં હતો.

.2.

એ જ દીવસે ચુલો સળગાવ્યો હતો,
બારણે ભીખારી પણ આવ્યો હતો.

આજ સાબીત કર તું મારા પ્રેમને,
હૈયું ચીરી હાથ પર લાવ્યો હતો.

મેં મદદ તમને કરી તો શું થયું..?
દીવો દીવાથી જ પ્રગટાવ્યો હતો.
તાવડી પર રોટલી શેકાય છે,
એ રીતે ભુતકાળ ઉથલાવ્યો હતો.

કેમ માણસ ના ઉગે ધરતી ઉપર?
એક દાણા જેમ દફનાવ્યો હતો.

ચંદ્ર નાહી ધોઈને આવી જશે,
એમ સમજી દીવો ઓલાવ્યો હતો.

શું કરું વરસાદમાં ભીનો થઈ?
આંસુએ હમણાં જ નવડાવ્યો હતો.

.3.

બે–ચાર વાંચ્યા સમાચાર કોઈ છાપામાં,
પતંગ જેમ ચગી અફવા શ્હેર આખામાં.

ઘણા પ્રયત્ન પછી પણ વીચાર ના આવે,
હવે તું પોતે જ નીર્ણય લે આ સમસ્યામાં.

બધાએ ખુબ મહેનત કરી’તી ખેતરમાં,
અનાજ માત્ર સમાઈ ગયું આ ગાડામાં.

તને જ જોવા હવે આંસુ બ્હાર આવે છે,
જરા નીહાળ, છે સૌંદર્ય એવું ચહેરામાં.

બધા જ જાણે લખીને થઈ ગયા સર્જક,
ઘણાં ચબરખી લઈને ફરે છે ખીસ્સામાં.

.4.

અહીં અન્યાય સામે આંગળી જે પણ ઉઠાવે છે,
બધા જાહેરમાં ચર્ચાનો એ હીસ્સો બનાવે છે.

તને તારા જ ઘરમાં ના ગમ્યું એનું કારણ શું છે?
પરંતુ, એ જ ઘરમાં ચકલી તો માળો બનાવે છે!.

હૃદયમાં માણસો કેવો ઝનુની ભાવ રાખે છે!

તુટેલા આયનાને એના ટુકડા બતાવે છે!

અહીં અજવાસમાં તો દોસ્ત પડછાયો નજીક રહેશે,
જે રીતે રુપીયા જોઈને સુખમાં મીત્રો આવે છે.

તરસ એવી છે કે પી નાંખુ હું આંખો નીચોવીને,
મેં પાણી માંગ્યું તો એ માટલું ખાલી બતાવે છે.

.5.

સુર્યનું પહેલું કીરણ ધરતીની કાયાને અડે,
સીમ, ખેતર ને બગીચે ફુલની નીંદર ઉડે.

ઝુલ્ફને પસવારતી બારીએ તું ઉભી રહે,
બ્હાર જોજે વાયરાને કેટલી મસ્તી ચડે!

તું જ ન્યાયાધીશ થઈને એ સમસ્યાને ઉકેલ,
ભીતરે અભીમાન ને સત્તા નસેનસમાં લડે.

એ હકીકત છે, તને સમજાવું કઈ રીતે હવે?
હોય તારું સ્વપ્ન તો આ રાત પણ ટુંકી પડે.

નામનાનો કીમતી સરતાજ ક્યાંથી લાવશો,
પારીતોષીક તો અજાણ્યા નામને પણ સાંપડે!

.6.

વરસાદ છેડછાડ કરે તારા અંગને,
રોકી બતાવ તું હવે એના ઉમંગને.

બહુ ચીત્રો દોર્યા, એમાં હવે જીવ પણ પુરો,
સહુએ વીષય પ્રમાણે પુરી નાખ્યા રંગને.

બસ, તો તો પગ ઝબોળ્યા કીનારે ઉભા રહી,
મસ્તી ચડી છે જળના ઉછળતા તરંગને.

આકાશમાં પતંગ કે ઉંચે અહમ્ ગયો,
એ પ્રશ્નનો જવાબ પુછી જો પતંગને.

લશ્કરમાં દીકરાને લખ્યું માએ પત્રમાં,
છાતી વીંધાય તોય લડી લેજે જંગને.

તું દરીયા જેટલું લખે લાંબુ લચક ભલે,
નાની ગઝલમાં હું લખું સઘળા પ્રસંગને.

બસ, આપણે અજાણી સડક અંગે પુછયું'તું,
કોણે દીશા બતાવી છે ઉડતા વીહંગને..?

.7.

પાંદડું નાજુક ખર્યું ને અફવા ફેલાઈ ગઈ,

કે હવા કહેતી ફરી, પતઝડ મને દેખાઈ ગઈ.

જેટલી સહુની ત્વચામાં રક્તની નસ હોય છે,
એટલી  શ્હેરમાં ચોતરફ સડક બંધાઈ ગઈ.

એક દહાડો કૈંક ઘરની બ્હાર એ ચાલી ગઈ,
આયનામાં ત્યારથી હડતાલ પણ મંડાઈ ગઈ.

કેટલો વરસાદ વરસ્યો આજ સઘળે શ્હેરમાં,
રંગ ભીંતો પરથી હટતા કાંકરી દેખાઈ ગઈ.

ચીત્ર પણ પ્રત્યક્ષ ના આકાશનું દોરી શક્યો,
સહેજ લીટી હું ભુંસું ને વાદળી ફંટાઈ ગઈ.

આંગળીમાં આપણે વીંટી પહેરી'તી અહીં,
ઝાડને પણ એમ ફરતે વેલીઓ વીંટાઈ ગઈ.

.8.

કુવાની પાળ પર બેસીને પંખી વીચારે છે,
ખરેખર કુવા કે આકાશમાં પાણી વધારે છે!

ખુશામતખોર ભાષા પર સરસ ફાવટ ધરાવે છે,
ઘણા તો ફુંક મારીને સુંવાળો ડંખ મારે છે.

અમીરો આભના રંગોની માફક વસ્ત્ર  બદલે છે,
અમારે દોસ્ત, બે કપડાંની જોડી પણ વધારે છે.

સરસ રસ્તા, લગોલગ પ્લોટની કીમ્મત વધુ લેવા,
ઉભાં વૃક્ષોને માલીક કાપણી કરવાનું ધારે છે.

ઉંચા પર્વતને છેદીને સડક પણ ના થઈ ‘નીલેશ’,
શીખર પર ઝાડ એનાં મુળીયાં પથ્થરમાં ઉતારે છે.

.9.

તમામ ઝંખના કાગળ પર ઉતારી છે,
ગઝલને વાંચો, ન વાંચો સમજ તમારી છે.

કહી દો આંસુને મોટી છલાંગ ન મારે,
બીચારી આંખની નાનીસુની જ ક્યારી છે.

જબાન પર હતા સહુના વીરોધનાં વાદળ,
પરંતુ લખતા રહ્યા એ જ તો ખુમારી છે.

તું તારા ઘરથી કદમ બે જ ચાલજે આગળ,
પછી જે આવશે બસ, એ ગલી અમારી છે.
કદાચ અમારી  ગઝલોમાં બહુ કચાશ હશે,
ઘણાની નબળી ગઝલ પણ અમે મઠારી છે.

ગગનમાં ગાબડું કરવું એ સહેલું કામ નથી,
કે તરસ્યા પંખીએ વાદળમાં ચાંચ મારી છે.

ભલે અમીર હશે કે ગરીબ માણસ પછી,
બધાનાં ઘરમાં જરુર પુરતી પથારી છે.

.10.

ટોચ પરથી એક ઝરણું ખીણમાં પટકાયું છે,
એ રીતે વરસાદથી ધરતી પર ઉતરાયું છે.

આપણી તો પર્યટન માટે જ ચીંતા હોય છે,
આપણાથી ખુદનું પુરું ક્યાં નગર જોવાયું છે!

એક માણસ છળ કરે એમાં નવાઈ શી હવે..?
દોસ્ત, ઘરની બ્હાર જા, આખું જગત બદલાયું છે.

આયના, મારું હવે પ્રતીબીંબ પાછું આપી દે,
તારી તો નાજુક ત્વચામાં મારું દીલ સચવાયું છે.

માત્ર તારી ભેટ સોગાતો હજી એવી રહી,
પણ જીવનમાં તો ઘણું સમયાંતરે બદલાયું છે.

ડાળને પંખીઓ ધક્કો મારીને ઉડી ગયાં,
ઝાડ તો ‘નીલેશ’ એના સ્થાન પર સચવાયું છે.

## --નીલેશ પટેલ--

કવીશ્રી નીલેશ પટેલ સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના નાનકડા એવા પરીઆ ગામે ગઝલની ધુણી ધખાવીને બેઠા છે. ધંધો સંભાળવા સાથે પોતાના પ્રથમ ગઝલસંગ્રહની પણ તૈયારી કરી રહ્યા છે.

કવી સંપર્ક: શ્રી કલ્યાણ ટ્રેડર્સ, સાયણ–ઓલપાડ રોડ, મુકામ: પરીઆ, પોસ્ટ: સાયણ, તાલુકે: ઓલપાડ, જીલ્લે: સુરત પીન: 394 130 મોબાઈલ: 99096 32291

ઈ–મેઈલ : nilesh.patel82@ymail.com

@@@

233 : 18-12-2011

# મારું કુટુમ્બજીવન

## •‘પુણ્યશ્લોક’–મારા પીતા•

–ગોવીન્દ રાવલ

અનુક્રમણીકા

મારા પીતાએ મને અમારી સાત પેઢીનાં પુર્વજોનાં નામ ગોખાવેલાં. મારા નામથી શરુ કરીને. ગોવીન્દલાલ, જેઠાલાલ, અમથારામ, ઉમેદરામ, અનોપરામ, પ્રેમજી, વાલજી. એ ઉપરાન્ત અમારા કુલ–ગોત્રની બધી વીગત પણ ગોખાવેલી. અમારી જ્ઞાતી નાગર; નાગર વીસનગરા. અમે અમારી જાતને બ્રાહ્મણ ન કહીએ, ‘નાગર’ કહીએ. બ્રાહ્મણ કરતાં નાગર ઉંચા એવું અમારું મીથ્યાભીમાન. નાગર છ પ્રકારના : વડનગરા, વીસનગરા, કશ્નોરા, પ્રશ્નોરા, સાઠોદરા અને ઉપેરીયા. અમારો નંબર બીજો; પહેલો નહીં. ત્યારે તો એટલું પણ ઓછું આવતું. કારણ હાઈ સ્કુલમાં અમારા આચાર્યનો દીકરો જે મારો સહાધ્યાયી, તે મને રુઆબથી કહેતો, ‘અમે વડનગરા. અમારો નંબર પહેલો, તારો બીજો.’ ત્યારે મને રડવું આવી જતું અને આજે એવા મીથ્યાભીમાન માટે હસવું પણ આવે છે.

જ્ઞાતી પછી ગોત્ર. ગોત્ર : પરાશર, શાખા : માધ્યાહ્નદીની, વેદ : યજુર્વેદ, કુલદેવ : હાટકેશ, કુળદેવી : અમ્બીકા, અટક : રાવલ. સભાનતાપુર્વક ‘રાવલ’માં ‘લ’ લખીએ; ‘ળ’ નહીં; કારણ ‘રાવળ’ તો તપોધન બ્રાહ્મણ લખે. અમે નાગર, ‘રાવળ’ તો કેવી રીતે લખી શકીએ? એક એક અક્ષર માટે આવી ચીકાશ, એ નાગરોની ખાસીયત. પાન, પાટીયું, હીંચકો, વરણાગી અને પારકી પંચાત એ નાગરોની લાક્ષણીકતા.

મારા પીતા મરજાદી. એટલે બીજાના હાથનું – નાગરના હાથનું પણ – ન ખાય. નાનપણમાં મારી મા મરી ગયા પછી રસોઈમાં માત્ર મારી મદદ લેતા; પણ હું હરીજનવાસમાં જતો થયો તે પછી રસોડામાં મારો પ્રવેશ પણ બન્ધ થઈ ગયો.

અમારા કુટુમ્બમાં ત્રણ પેઢીથી એક દીકરો અને એક દીકરી એમ ચાલતું. મારે પણ બીજો ભાઈ નહોતો. એક બહેન વીદ્યા; તે પણ છ વર્ષની થઈ, બાળપણમાં જ બળીયાના રોગમાં ચાલી ગયેલી. એટલે પીતૃપક્ષે મારા પરીવારમાં મારા કાકા, ભાઈ વગેરે કોઈ નહોતું. એવું જ માતૃપક્ષે
એક માત્ર મામા હતા. તે પણ તેમના બાળપણમાં જ ગુજરી ગયેલા. પણ સુમી(સુમતી) પરણીને આવતાં તેના પીતૃ–માતૃપક્ષના બહોળા પરીવારને લઈ, મને મારા કુટુમ્બજીવનમાં

ક્યાંય પણ પરીવારજનોની ઉણપ સાલી નથી. કારણ કે તેમણે બધાએ મને પરીવારનો પ્રેમ કેવો હોય તેનો ભરપુર અનુભવ આપ્યો છે.

## •‘પુણ્યગંધા’ મારાં સાસુ અને ‘પુણ્યશ્લોક’ મારા સસરા•

**અને** તેથી જ સૌથી પહેલાં તો મારે મારાં સાસુની વાત કરવી છે. એ પુણ્યગંધા માનું રેખાચીત્ર મારા મનમાં કંડારાયું છે તે કંઈક આવું છે. તેમનું નામ તો જશકોર; પણ વહાલમાં સૌ ‘જશી’ કહી બોલાવે. જશી પણ ગંગાનો ખોળો. ગંગાનાં નીર તો વધે–ઘટે; પણ આ તો એક સરખો વહેતો પ્રેમપ્રવાહ. જે એના સંગમાં આવે એ સૌને લાગે કે જશી મારી છે. આવું વહાલ કેમ કરીને જન્મતું હશે એનું રહસ્ય હજી વીજ્ઞાને શોધવાનું બાકી છે.

ન ભારે, ન એકવડીયું; બેઠી દડીનું શરીર. દહાડામાં ચાર વાર પાનની કચર ચાવે. જમી ઉઠીએ કે તરત પુછે : ‘પાન ખાશોને?’ પુછવાની લઢણ જ એવી માયાળુ કે ના પાડવાનું મન જ ન થાય. એના પાનની દોસ્તી અઢી વરસની આનલથી એંશી વરસના બુઢ્ઢા સુધી વીસ્તરેલી.

જશીને ઘડીનો જપ નહીં. દહાડે કોઈ દી’ સુવે નહીં. કશુંક ને કશુંક કામ એના હાથ કર્યા જ કરતા હોય. હવે અવસ્થા ઢળી. એંસી થયાં; તોય દીકરીઓનાં ઘરે જાય ત્યારે પાપડ, સારેવડાં તો કરી આપે જ.

ભર્યુંભાદર્યું ઘર. દીકરીઓને ઘરે મોટરગાડીઓ. વહુઓ કશું કામ કરવા ન દે. તો અંબર ચરખો ચલાવે. જુવાનીમાં પણ પેટી–રેંટીયો કાંતતાં. રેંટીયો ખાટલા નીચે ખુલ્લો જ રાખે. હરતાં–ફરતાં, ઘરનું કામ કરતાં, વાતો કરતાં, વચ્ચે હાથ રેંટીયા ઉપર ચાલ્યો જ જાય. કાંતે પણ ઘણું ઝીણું. આંટીઓ બતાવે ત્યારે એમના મોં પર જે રાજીપો દેખાય; જાણે કચકડામાં મઢીએ. જમાડવું એ જશીનો શોખ. એના હાથે દાળ એવી થાય કે જાણે આંગળાં કરડી ખાઈએ. વેઢમી એવી બનાવે કે સવાલ થાય : કોણ મીઠું? જશી કે એમની વેઢમી?

કોઈ માંદું પડ્યું કે જશી જાણે અડધીઅડધી થઈ જાય. ગાભરી ભારે. ડોશીમાનાં બધાં જ ઓસડીયાં એ જાણે. હુકમ કરતાં ન આવડે. બધું જાતે કરે. દીકરીઓને એક વાત ગળથુથીમાંથી ધુંટીને પાયેલી : ‘ કામ કરે તે કામણ કરે.’ ‘માણસ વહાલું નથી; માણસનું કામ વહાલું છે.’ ‘કામ કરવાથી કંઈ ઘસાઈ જતાં નથી.’ આવાં આવાં વેણ કામ કરતી જાય અને બોલતી જાય.

બાર વર્ષની બાળવયે જશી પરણીને સાસરે ગયેલી. પતીને પરમેશ્વર માનીને ચાલનારો એ જમાનો. જીવનની અનેક તડકીછાંયડી જોઈ છે. હૃદય તો રુના ગાભા જેવું પોચું અને મુલાયમ. વાદળ ગાજે ને વીજળી ચમકે તો છળી ઉઠતી જશી, જીન્દગીની તડકીમાં જ્યાં પુરુષ પોચો પડતો લાગે ત્યાં માણેકથમ્ભ જેવી અડોળ બનીને ઉભી રહે. ‘એમ હીમ્મત શું હારી જાઓ છો; હું બેઠી છું ને!’ રુના ગાભામાંથી આવો પોલાદી રણકો કેમ કરી ઉઠતો હશે વારુ!

પતી રાષ્ટ્રીય ભાવનાના રંગે રંગાયેલા. અન્યાય સહન ન થાય, લીધો તન્ત મુકે નહીં. જ્યારે જશી તો ક્ષમાની મુર્તી. ‘હશે, એમાં શું? સૌના નસીબનું સૌ કોઈ લઈ જાય.’ આવી આવી એની ફીલસુફી. એની ઉમ્મરનાં સૌ દેવદર્શન, તીર્થજાત્રા કરવા દોડાદોડ કરતાં હોય ત્યારે કોઈ એને પુછે કે તમે દે’રે કેમ જતાં નથી તો કહે, “ ‘આમને’ મુકીને મારાથી શી રીતે જવાય? દેવ કાંઈ દે’રામાં જ થોડો છે? ભગવાન તો ભાવ જુએ છે.” જશી વૈષ્ણવ હવેલીના પુજારીની જેમ મંગળાથી શયન સુધીની પતીની પ્રત્યેક ચર્યામાં પ્રતીપળ પરોવાયેલી રહે. પતીમાં જ પરમેશ્વર–બુદ્ધી. જો કે જશીની આસ્થા તો ભારે. દેરાસરમાં જાય ત્યારે તીર્થંકર ભગવાન

આગળ ખોળો પાથરતાં ગદ્ગદ્ થઈ જાય. પણ એને દેરાસરમાં જવાનું વ્યસન નહીં.

પતી પણ કહેતાં, 'તારી કક્ષા મારા કરતાં ઉંચી. તું તો બધું સમભાવે ભાળે છે એટલે તારો તો મોક્ષ જ થવાનો. અમારે તો હજી કોને ખબર કેટલા જનમ લેવા પડશે!' પતી પાકું પાન હતા. યથાકાળે ગયા.પણ હજી આજેયે 'તારા બાપુ' કહીને દીવસમાં કેટલીયેવાર એમની વાત કાઢે. ભક્તને ભગવાનના સ્મરણમાં જેવી મધુરતાનો અનુભવ થતો હશે એવી મીઠાશ જશી પતીની વાત કરતાં અનુભવે. પતી જતાં જશીનો પગ છુટો થયો. સાસરીયાં, પીયરીયાં, બહેનો, દીકરીઓનો વડલા જેવો બહોળો વસ્તાર, સૌ જશીને તેડાવે. પણ એ જાય ત્યારે છોકરાં રીસાય. 'જશી, તું કેમ જતી રહે છે? અમને તારા વીના ગમતું નથી.' ઘરનાં બધાં છોકરાંની એવી ફરીયાદ.

જશી ઝાઝું ભણી નહોતી; પણ વાંચવાનો શોખ ખરો. છાપું નીયમીત વાંચે. મહાપુરુષોનાં જીવનચરીત્રો ખાસ વાંચે. ગાંધીજી પર ઘણો ભાવ. બે દીકરીઓ ગાંધીનું કામ કરે. એમના આશ્રમમાં જાય. પ્રાર્થનામાં જવાનું બહુ ગમે. આસપાસના ગામમાં પણ જાય. ફુલની જેમ સુવાસ મુકી આવે. સૌ યાદ કરે.

જશીને સામયીક–પ્રતીક્રમણ કરતાં કે નવકારી ગણતાં કદી ભાળી નથી. પણ રાતે સુતાં અને સવારે ઉઠતાં અંતરના ખરલમાં ઘુંટીને જે સ્વરભાર સાથે 'અરીહન્ત...અરીહન્ત' બોલે એમાં કોટી–કોટી નામજપનું ફળ સમાઈ જાય.

સદ્યસ્નાતા, સફેદ ખાદીની સાડી પહેરેલી જશી, કશાયે પુજાપા વીના માત્ર પોતાના બે હાથનો અર્ઘ્ય કરી ઉગતા સુર્યનારાયણને વંદના કરે. એને ગાયત્રી મંત્ર તો ન આવડે અને છતાં એ મનમાં કંઈક ગણગણે ત્યારે એના ઘરડા મોં પર જે દીપ્તી દેખાય, તે અત્યંય રમણીય લાગે. એમાં ભાવોદ્રેકતા હોય. તેમાં જગત આખાના કલ્યાણની ભાવના હોય. આવી અનેક નામી–અનામી પુણ્યગંધા સ્ત્રીઓની જીવન અંજલીઓના અર્ઘ્યથી જ તો આ ધરતી પણ પુણ્યગંધા બની છે ને!

–ગોવીન્દ રાવલ

લેખક–સમ્પર્ક:

વીશ્વમંગલમ્, અનેરા - 383 001 Phone: (02772) 239 283 Mobile: 94278 53583

eMail : GOVIND RAVAL (govindbhairaval@gmail.com)

છેક આત્મકથા નહીં; એવા – લેખકના જીવનનાં સંભારણાં સમા પુસ્તક 'મને સાંભરે રે...' (પ્રકાશક – રચના પ્રતીષ્ઠાન, વીશ્વમંગલમ્ – અનેરા –૩૮૩ ૦૦૧, તા.

હીમ્મતનગર, જીલ્લે: સાબરકાંઠા, આવૃત્તી પહેલી: ૨૦૦૪, પાન: ૧૪૬ કીમ્મત: રુપીયા ૫૦)નાં પાન ૧૨૬થી ૧૩૦ ઉપરથી સહેજ ટુંકાવીને સાભાર...

**ખાસ નોંધ** : ગોવીન્દભાઈ અને સુમતીબહેનના દીકરા ભાઈ અતુલ રાવલ atulraval@gmail.com મીસીસીપી–અમેરીકા વસે છે. કમ્પ્યુટર અને પ્રીન્ટીંગ ટેકનૉલોજીના માહેર. સાહીત્યના રસીયા તો ખરા જ. ઈ–બુકના નવા યુગના પ્રચલનથી તેઓ વાકેફ અને તેથી તે માટે તેમણે એક મહત્ત્વાકાંક્ષી યોજના કરી. તેમણે ઈ–બુક્સ માટે 'એકત્ર' નામની એક વેબસાઈટ : http://www.ekatrabooks.com/ બનાવી છે. મફત ડાઉનલોડ કરવા માટે ત્યાં ઘણાં પુસ્તકો જડશે. હજી કામ ચાલુ છે. ઘણા પ્રકાશકોનો તેમણે સમ્પર્ક સાધ્યો છે. કામ પુર્ણ થતાં, ઘણાં પુસ્તકો ત્યાં મળતાં રહેશે.

http://www.ekatrabooks.com/book_list.php?authorname=Govindbhai આ લીંક પર ક્લીક કરશો કે 'મને સાંભરે રે..' પુસ્તકની એક રુપકડી ઈ–બુક તમારા આઈપેડ પર હાજર થશે. ડાઉનલોડ પણ થઈ શકશે અને અવકાશે ઘરે કે મુસાફરીમાં તમારા આઈપેડ પર નીરાંતે સાત્ત્વીક વાચનનો આનંદ આપશે...ઉત્તમ ગજ્જર..

@@@

234 : 01-01-2012

# બબુબા

-ચીનુ મોદી 'ઈર્શાદ'

અનુક્રમણીકા

હું માંડ છ વર્ષનો હતો એટલે કે જુન 1945માં મેં મારી માને બેડમીંટન કોર્ટમાં મારા બાપુજી સાથે બેડમીંટન રમતી જોયેલી. ગુજરાતી સાડી પહેરીને પણ એ કોર્ટમાં દોટાદોટ કરતી.

એ જ વરસોમાં વીજાપુર લેડીઝ ક્લબના મકાનમાં ગરબાની પ્રેક્ટીસ કરાવતી મેં મારી માને જોઈ હતી. એ પોતે લેડીઝ ક્લબની સેક્રેટરી હતી.

કસ્બાતીના વાંટામાં નળકાંઠામાં મેં મારી માને સગી આંખે રાતે ભેલાણ થયું ત્યારે ભાલો લઈને ખેતરમાં દોડતી જોયેલી અને સામે થયેલા એક હાથીયા નામના ભરવાડને એણે જડબાતોડ ભાલો મારેલો. ઢોર લઈ ભરવાડો ભાગી છુટેલા ત્યારે હુંયે એમની પાછળ પાછળ હાથમાં પથરો લઈ દોડતો મને દેખાઉં છું. આ વાત 1949ની.

એ ઢાળીયા વાળે, ઉપણે, હલર ચલાવી ડાંગર છડે; શેવરોલેટ કાર ચલાવે, રાત્રે અમારી સાથે પત્તે રમે.

પોતાની માની જેમ એયે દાંતે છીંકણી ઘસે, નીયમીત ટીવી જુએ. કોઈ પણ હૉટેલમાં અમદાવાદમાં એકલી એ ટેસથી નાસ્તો કરતી પણ મળી આવે.

મેં બીજી વાર લગ્ન કર્યાં ત્યારે મને ધારીયું લઈને મારી નાખવાયે ધસી આવે – આવી જનનીની જોડ ક્યાંય જડે?

હા, આ મારી મા : શશીકાન્તા ચંદુલાલ મોદી, ઉર્ફે નાનપણમાં મારા માટે ‘બબુ’, મારી મોટી વયે મમ્મી. આખા વીજાપુરમાં ‘બબુબહેન’ તરીકે ખ્યાત તે મારી મા આખાય નળકાંઠામાં ‘બા’ તરીકે ઓળખાય. આ ઉદ્ બોધન અમદાવાદમાં આજે રહું છું, એ બાવન બંગલાની સોસાયટીમાંય ઉપયોગમાં લેવાતું.

મારાં નાની–જીજીબાને મારી મા ક્યારેય નહીં ગમતી અને એટલે એની ગેરહાજરીમાં મને કાયમ કહે : ‘ કોઈની સાથે રહોને તો ધોળો કોઢ થાય; પણ આ તારી મા સાથે રહેને એને કાળો કોઢ થાય.’

ભારે હુશીયાર, બાહોશ, પોતાને લાગે તે સાચું એમ સ્પષ્ટ રીતે માનનારી, કાળો કકળાટ કરી કોઈનેય ધાર્યાં કામે લગાડવાની નાટ્યશક્તી. પાંચ પુરુષ ભાંગીને ઘડેલી એવી મારી મા હતી. પણ જ્યાં સુધી મારા બાપુજી જીવ્યા ત્યાં સુધી એની સારપો ખાસ્સી પ્રગટ થયેલી. બાપુજીથી મારી મા બીવે

પણ બહુ; પરન્તુ એમના અવસાન પછી સ્પ્રીંગ પરથી દબાણ ખસી ગયું અને સૌથી વધારે એથી કોઈને અડતરનડતર થયું હોય તો તે મને અને મારી પત્ની હંસાને. પણ હંસા એના મનને જીતી લઈ શકેલી અને એટલે મેં બીજી વાર લગ્ન કર્યાં ત્યારે મારે નામે હતી એ તમામ મીલકત એણે હંસા અને મારા ભાઈ દીલીપને નામે કરી આપેલી.

એણે મારા પગારનો કાયમ વહીવટ કરેલો. મને રોજનો રુપીયો એ વાપરવા આપતી, પછી 1975ની આસપાસ રુપીયા દસ રોજના એ આપે. લાભશંકરને સમજાવી એમની પાસે ખેડુતોને ધીરાણ કરાવે. આ પૈસા પાછા આવ્યા કે ન આવ્યા એની મને જાણ નથી. મારા તમામ ભાઈબન્ધો સાથે એનો અંગત વ્યવહાર. રાવજીને સાચવે ને ઠપકારે પણ. આદીલને જુએ અને કહે :‘સાલા મીયાં, તેં જ મારા દીકરાને બગાડ્યો.’ અને ત્યારે આદીલસાહેબ પ્રત્યેક શબ્દને ઈસ્ત્રી કરી, મારી માને કહે :‘માજી, તમારા દીકરામાં બગડવાની ક્ષમતા હતી જ.’ મનહર અને લાભ શંકર તરફ એને સ્પેશીયલ માન. રાજેન્દ્ર શુક્લને ‘બાવો’ જ કહે, દાઢીને કારણે; પણ એના માટેયે વહાલ ખાસ્સું. સુભાષ શાહને એ ‘ગીલીંડર’ કહે.

એ મારી મા હતી એ કેવળ અકસ્માત જ; પણ મારા જીવનમાં આટલી બધી આર્થીક સમૃદ્ધી મને એની કુખે જનમવાને કારણે જ મળેલી. એ રણછોડલાલ કસ્બાતીની

દીકરી – ખુબ લાડમાં ઉછરેલી. એકની એક દીકરી એટલે એનું નાનપણ ધોળકામાં રાજાની કુંવરીની જેમ વીતેલું. પણ પરણ્યા પછી મારા ગરીબ પીતાને તવંગર થતાં વાર લાગી. એ દરમીયાન એણે કોઈનેય ગરીબી ન જણાય એમ ઘર ચલાવેલું. મારા બાપુજીના અવસાન પછી 250 વીંઘા જમીન, વધેલી જમીનનો વહીવટ એણે જ કરેલો. પોતે અભણ છતાં લોંઠકા ખેડુતોએ એને ‘બા’ ‘બા’ કહી કહીને ફુલાવી મારેલી અને ધુતેલી. તે છેવટે 250 વીંઘા જમીન માત્ર રુપીયા પાંત્રીસ હજારમાં વેચી દેવી પડેલી. એટલે સ્વભાવે ફુલણશી.

સહેજ ઉતાવળી પણ આખા વ્યક્તીત્વએ ખરી. ખોટા નીર્ણયો લઈ એને પકડી પણ રાખે. પરન્તુ બીજી રીતે વીચારું છું ત્યારે લાગે છે કે એ ઉદારમતવાદી વ્યક્તીત્વ ધરાવતી હતી અને એટલે અમને સૌ ભાઈ–ભાંડુઓને એ પગભર બનાવી શકેલી. મારા બાપુજીના સ્વપ્નને મારા સન્દર્ભે પુરું કરવા એ ખાસ્સું મથેલી. મને એક પ્રસંગ યાદ છે : રણજીતસિંહ ગાયકવાડે વડોદરામાં મને એક સમારમ્ભમાં સાલ ઓઢાડી ત્યારે તે માનવા તૈયાર નહોતી; કારણ કે એમણે ગાયકવાડ સરકારની હજુરી કરતા મારા બાપુજીને જોયેલા. એમના પૅલેસમાં દરબારગઢમાં મારું સંગીતરુપક ભજવ્યું. ત્યારે પણ એણે ભારે ગૌરવ અનુભવેલું. એ મને ઘણી વાર પુછે:

'શ્રીમંત ગાયકવાડ સરકાર તને ઓળખે? તારી સાથે વાત કરે? હેં?'

શ્રી. રણજીતસીંહ ગાયકવાડના લક્ષ્મીવીલાસ પૅલેસમાં રાખવામાં આવેલા ભોજન સમારમ્ભમાં શ્રી નરેન્દ્ર મોદી સાથે એક 26મી જાન્યુઆરીએ જવાનું થયેલું, ત્યારે મનમાં થયું હતું કે 'આજે જો મારી મા જીવતી હોત તો કેવી ખુશ થાત!'

મને પસંદ પડે તેવું થોડુંઘણું પણ કરી શકેલી. હું એની પસંદનું ભાગ્યે જ કશું કરી શક્યો છું. હમણાં મારી માને મેં એક કવીતામાં યાદ કરી છે. એ કવીતા આમ છે :

કોણ જાણે કેમ; પણ હમણાં ઘણા સમયથી
મારાં રુંવાડાં ફરકવાની આનાકાની કરે છે
અણધારી–ગોઝારી – કોઈ લોહીલુહાણ
ક્ષણસન્મુખ મુકાઉં
તો પણ અચરજથી ડરથી, મારાં રુંવાડાં ખડાં થતાં નથી.
જાણે અક્ષયતૃતીયા ન હોય એમ
સુખ માટેનું વણજોયેલું મુહુર્ત નીકળ્યું હતું.
ત્યારે પણ હરખથી રુંવાડાં લહેરાયાં નહીં.
હું વીસ્મય ખોઈ બેઠો છું.
મા, તારી ગુફામાં
મારે ફરી એક વાર
ઉંધે માથે લટકી

તપ કરવું પડશે?

રુંવાડાં ખડાં થાય માટે ફરી જો જનમવાનું હશે તો કુખ શશીકાન્તા ચન્દુલાલ મોદીની જ જોઈશે. અન્યની નહીં, એ નક્કી.

–ચીનુ મોદી 'ઈર્શાદ'

'થેંક યુ મમ્મી' નામના યાદગાર ગ્રંથ (સંપાદકો : અમીષા શાહ અને મૃગાંક શાહ – sampark97@yahoo.com, મુખ્ય વીતરક : આર.આર.શેઠ, દ્વારકેશ, નેહરુ બ્રીજ કૉર્નર, ખાનપુર, અમદાવાદ–380 001 ફોન : 079-2550 6573, 022-2201 3441 ઈ–મેઈલ : sales@rrsheth.com – પાનાં–252 : મુલ્ય – રુપીયા 300) માંથી સાભાર..

પાંચ જ મહીનામાં જેની પાંચ હજાર નકલો ખપી ગઈ અને હાલ એની ત્રીજી આવૃત્તી બની રહી છે એવા આ 'થેંક યુ મમ્મી' ગ્રંથમાં અમીતાભ બચ્ચનથી અજય ઉમટ, મોહનદાસ ગાંધીથી મોરારી બાપુ, શબાના આઝમીથી શોભા ડે અને વીનોબા ભાવેથી વીનોદ ભટ્ટ જેવી નામાંકીત ૪૭ પ્રતીભાઓએ પોતાની માતા–મમ્મી વીશેની વીવીધ રંગી લાગણીને વહેવા દીધી છે. આ મહામુલા ગ્રંથ વીશે ગુણવંત શાહ લખે છે :

'માતા સીતા હોય કે તાટકા હોય;
માતા સતી હોય કે ગણીકા હોય;
માતા ગાય હોય કે વાઘણ હોય;
માતૃત્વ સદાય પવીત્ર જ હોય છે.
આ પૃથ્વી પર માતૃત્વથી અધીક પવીત્ર
એવી કોઈ ઘટનાની મને જાણ નથી;
કારણ કે આખરે તો
પૃથ્વી પોતે પણ એક માતા જ છે!'

સર્જક–સમ્પર્ક :

ચીનુ મોદી, 16–જીતેન્દ્રપાર્ક સોસાયટી, શંકર આશ્રમ પાસે, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ - 380 007; મોબાઈલ :97256 07173; ઈ–મેઈલ : drchinumodi@yahoo.com

## ગુજરાતી ગઝલનું પહેલું ઈ–મેગેઝીન, ઈ–બુકના રૂપે

ડૉ. ચીનુ મોદી 'ઈર્શાદે' ગુજરાતી ગઝલનું પ્રથમ ઈ–સામયીક આપીને આજના ઈ–યુગને વધાવ્યો છે ને ગુજરાતી ગઝલને પાંખો અર્પી છે. વાચકો http://chinumodi.com/ ની મુલાકાત લેશે તો એમના

કામનો ખ્યાલ આવશે. 'ગુજરાતીમાં ગઝલ ગુલઝાર' સામયીકની સીધી મુલાકાતે જવા માટે http://chinumodi.com/EC/ECat/Index.html લીંક પર ક્લીક કરતાં એક રુપકડું સામયીક, ઈ–બુકના સ્વરુપે નજર સામે આવશે.. બસ, પાનાં ફેરવતા જાઓ ને ગઝલ માણતા જાઓ..

ચીનુભાઈએ ફોન પર મને જણાવ્યું કે, 'આ માસીક ઈ–બુક સ્વરુપે દર માસની ૨૪મી તારીખે વેબસાઈટ પર મુકાશે. આ પહેલા અંકમાં ખોડેલા સ્તંભો કાયમી રહેશે. આ સ્થાયી સ્તંભો સીવાય પણ નવા અને જુના કવીઓની ગઝલો સતત પ્રકાશીત થતી રહેશે. હાલ પુરતું તો ગુજરાતવાસી કવીઓની જ ગુજરાતી, ઉર્દૂ, સંસ્કૃત, સીંધી ગઝલો સમાવાય છે; પરન્તુ ભવીષ્યે ગુજરાત બહાર રહેતા ગઝલકારોની રચનાઓ પણ સમાવાશે..' કમ્પ્યુટરકળાની તેમની આવડી જાણકારી બદલ મારા અભીનંદનના જવાબમાં કહે, 'ના રે ના, આ તો મારા દીકરા અને તેના મીત્રોની બધી કારીગીરી છે; બાકી મને તો તમે જાણો...!' આશા રાખીએ કે દર માસે નવી નવી માતબર ગઝલો કવી તરફથી મળતી રહેશે.. ઉત્તમ ગજ્જર..

235 : 15-01-2012

# ગઝલ–ગીત

–બકુલેશ દેસાઈ

અનુક્રમણીકા

1.

આદરી છે અને અધુરી છે,
જાતની જાતરા ક્યાં પુરી છે?

રાહ જોવામાં શુરીપુરી છે,
મારી આંખો ગજબની નુરી છે.

જીવવા યાદ બહુ જરુરી છે,
એટલે મેં સતત વલુરી છે.

ધુળ શ્રદ્ધા અને સબુરી છે?
લાગે છે, ભીરુતા ઢબુરી છે.

ભાવ–સમભાવ–ધ્યેય નહીં હો તો,
જીન્દગી કૈં નથી, મજુરી છે.

મીત્રતાનો ભરમ ન સચવાયો,
રામ મુખમાં, બગલમાં છુરી છે.

અધવચાળે મુલવણી શા માટે?
વાત પુરી નથી, અધુરી છે!

.2.

વૈશાખ–જેઠ માસની બળબળતી આગ છું,
ઝરમર રુપે તું આવે તો શબ્દોનો બાગ છું.

હમણાં તો ગુંચળું નર્યું પળને કરંડીયે,
જેવા વહાવે સુર તું, મદહોશ નાગ છું.

વરદાન દીર્ઘ આયુનું પહેલાં ગમી ગયું!
જાણ્યું અનુભવે કે એકાંગી કાગ છું.

છે રામનાં રખોપાં એવું હું કહું અને,
મંદીરની સીડી પર થતી હું નાસભાગ છું!

કૃપા–કટાક્ષ મારી ઉપર તારો ક્યાં થયો?!
હું આજની પળેય જો, યત્નો અથાગ છું!

માની લીધું નજીવું છે મારું વજુદ પણ,
*કોઈ વીરાટ યોજનાનો હુંય ભાગ છું.
(*પંક્તી સૌજન્ય: ભગવતીકુમાર શર્મા)

.3.

પાછું જોતાં હું ધાર પર આવ્યો,
ક્યાં જવું? એ વીચાર પર આવ્યો.

એક એના પુકાર પર આવ્યો,
વીતી પળના દુલાર પર આવ્યો.

સ્વપ્ન ભ્રામક છે: સાર પર આવ્યો,
યંત્ર માફક સવાર પર આવ્યો.

મેઘ ગાજ્યા; પરંતુ વરસ્યા નહિ,
લખતાં પહેલા જ હાર પર આવ્યો.

કેમ વેઠાય આ ડુમો? ધારી–
સાચ્ચું કહું? અશ્રુધાર પર આવ્યો.

સળ, છીદ્રો અને સ્મરણ મબલખ,
બંસી છોડી સીતાર પર આવ્યો.

સામે નર્મદનો દાખલો, તો પણ;
મામલો મુઠ્ઠી જાર પર આવ્યો.

.4.

હું ઈચ્છું કે એ એક વેળા સ્વીકારે,

પછીથી ભલે એ જીવનભર વીસારે.

હું બેચેન છું જેને જેને વીચારે,
તે બેચેન કરતાં વધારે વધારે.

પરાજયના મુખમાંથી એ તો ઉગારે;
પરંતુ અહીં કોણ એને પુકારે?

દગો દઈ શકે છે સજળ વાદળો પણ,
પવન જેને ઘસડી જતો વારે વારે.

બીજાઓ અચંબીત કે હું ચુપ રહું છું,
ફરક જે પડ્યો તે ફકત ઉંહકારે.

વધારો કરે તું 'બકુલેશ'! દુખમાં,
મળે કુદરતી એને નકારે.

.5.

સુકી આંખમાં સ્વપ્ન જોઈને જીવું,
વીફળતાના કૈં ડાઘ ધોઈને જીવું.

મને તો અભીશાપ પુરુષપણાનો,
તું જો મોકલે, આંસુ લો'ઈને જીવું.

મહાલય છે મારું અભરે ભરેલું,
ઝુરાપાનાં હું બીજ બોઈને જીવું.

ગણો તો છે મીત્રોનું વર્તુળ બહુ મોટું,
પરીઘેથી બસ જોઈ–જોઈને જીવું.

અરે નામ કોનું આ હોઠેથી નીકળ્યું?
ન જમવા હું પામ્યો રસોઈ, ને જીવું!

.6.

કાંકરી ફેંકાય રાબેતા મુજબ,
શાંત મન વમળાય રાબેતા મુજબ.

નહીં થવાનું થાય રાબેતા મુજબ,
તું બધે દેખાય રાબેતા મુજબ.

વીઘ્ન વીત્યે સહેજ સાનુકુળતા...
મગરુરી બમણાય રાબેતા મુજબ.

હું કૃપણ શો સાચવું વીતી પળો,
તું મળે ખર્ચાય રાબેતા મુજબ.

આંખમાં આંખો પરોવી માગ તું,
શાને તું શરમાય રાબેતા મુજબ?

પશ્ચીમે ડુબે ભલે મારો સુરજ,
‘પુર્વ’વત્ થઈ જાય રાબેતા મુજબ!

ના કહેવાની ‘બકુલેશ’, શીખ કળા!
ક્યાં સુધી પસ્તાય રાબેતા મુજબ?

.7.

પ્રશ્ન પુછવો હોય તો તું યક્ષ બન,
પ્રશ્ન બન, તું વહાલનો પ્રતીપક્ષ બન.

‘આવકારું કઈ રીતે’, એ મુંઝવણ!
પોતીકા શબ્દે સરજેલો કક્ષ બન.

જો પીડા બીરદાવવાની હો સભા,
કોણ બીજો યોગ્ય? તું અધ્યક્ષ બન.

આળ ને આક્ષેપ, કાં તો તું ઉવેખ,
યા તો તું પડકારવાને દક્ષ બન.

‘કોઈની ટીકા નહીં’– નું વ્રત લીધું,
ભોગ તારા, અન્યનો ભક્ષ બન!
કો’ને નાનો અગર નીચો ન ગણ,
કદ વધારી, એનો તું સમકક્ષ બન.

.8.

(Facebookની ગઝલ)

નથી સામે તો પણ પરીચયની દુનીયા,
અહીં દોસ્ત કેવળ સમુચયની દુનીયા.

કુંવારા કે સીંગલ... મહાશયની દુનીયા,
મહીલાના સંકુલ મહાલયની દુનીયા.

ખરીદીની દુનીયા... ને વીક્રમની દુનીયા...
કદી લાભ–હાનીના સંશયની દુનીયા.

ચહેરાનું પુસ્તક આ દળદાર ખાસ્સું...
ઉપરછલ્લી જો કે અનુનયની દુનીયા.

છબી છે, વીગત છે, ગમા–અણગમા છે...
છતાં દોહ્યલી છે સમન્વયની દુનીયા.

પહેલા તો દોસ્તી... પછીથી નીકટતા...
પછી પાંગરે પણ પરીણયની દુનીયા!

સુવીધા અહીં offline થવાની...!
છે ગાયબ થવાના અભીનયની દુનીયા!

અગર મૈત્રી–વર્તુળ પહેલેથી મોટું...

અહીં ક્લીક કરવું એ અપવ્યયની દુનીયા!

.9.

રોજ શાને પ્રશ્ન મનમાં થાય છે?
શાને એ તત્ક્ષણ શમી જાય છે?

કાં મુંઝારો આભનો ભુલાય છે?
એકલી જળધાર કાં વખણાય છે?

સીધી લીટીનું મન અટવાય છે,
સાવ સીધી વાત ક્યાં સમજાય છે?

જેટલો બોજો વધુ હૈયા ઉપર,
ડુબવાના ચાન્સ વધતા જાય છે.

છોળ છો, સમૃદ્ધીની ઉડ્યા કરે,
તૃપ્તી બદલે જીવ કાં કચવાય છે?

કોઈ પણ નહીં પ્રશ્ન હો: એવી સ્થીતી–
લો, મળી! તો પણ ખુશી છલકાય છે!
દુ:ખ જચે નહીં, સુખ પચે નહીં...શું કરું?
નહીં અવેજીમાં બીજું દેખાય છે.

.10.

કેવી રીતે ભાષા પર જાગે ભીના ભાવ?
સાથે બેસી હજી વીચારો…વધુ ન ગોથાં ખાવ!
કેવી રીતે…….
‘બા’ બોલ્યાં’તાં પહેલું–વહેલું દુધીયું જે ભાષામાં,
હાલરડાં ને ગીતકથા વીસરાયાં કૈં આશામાં?
કાગળ–ફોન ને ઈન્ટરનેટ પર મા–ભાષા છલકાવ…
કેવી રીતે……
માતા કરતાં માસી વહાલી! અંગ્રેજી કામણગારી!
ગુજરાતી છેક હડસેલાઈ… કેવી દુનીયાદારી!
ક્યારેક તો ભૈ મા–ભાષામાં રુદન કરો– હરખાવ!
કેવી રીતે……

*બકુલેશ દેસાઈ*

(કવીસંપર્ક: ‘મહર્ષી‘ સોપારી ગલી, ભરુચા સોસાયટી,
આસ્તીકનગર પાસે, નવયુગ કૉલેજ પાછળ, સુરત–395009
ફોન: 0261-276 9598, મોબાઈલ: 98251 52923, Email:
beedeesai@gmail.com)

@@@

236 : 29-01-2012

# ખાલીપો

–આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ખોં, ખોં, ખોં, ઉધરસ ખાતાં ખાતાં રમણલાલે પુછ્યું, ‘કેટલા વાગ્યા?’

કંટાળેલાં સરલાબહેને છણકો કર્યો, ‘હજી પાંચ મીનીટ પહેલાં તો પુછ્યું હતું! શું કરવું છે તમારે કેટલા વાગ્યા તે જાણીને? કંઈ કામ–કાજ તો છે નહીં!’

રમણલાલની આંખે ઝામરનાં પાણી ઉતરેલાં એટલે લગભગ અંધાપો અને સરલાબહેન અસ્થમા અને સંધીવાના દુ:ખાવાથી હેરાન પરેશાન. બન્ને એકમેકના ટેકે જીવન ઘસડ્યે જતાં હતાં.

‘જુઓને, આ બે જણની રસોઈ બનાવતાં તો મને શ્વાસ ચડી જાય છે. એવી થાકી જાઉં છું કે, મારાથી નક્કામું જ ખીજાઈ જવાયું. ખરાબ નથી લાગ્યું ને?’

‘ના, ના હુંયે સમજું છું. તારી ઉમ્મર થઈ એટલે, બાકી પરાગ હતો ત્યાં સુધી કેવી ફેરકુદરડી જેવી ફરી વળતી હતી!’

પરાગનું નામ આવતાં જ પગમાંથી બધું જ જોર ઓસરી ગયું હોય એમ સરલાબહેન ધબ્ દઈને ખુરસી પર બેસી પડ્યાં. ‘આજ–કાલ કરતાં દસ વર્ષ થઈ ગયાં. જ્યારે હોય ત્યારે ફોન પર આવું છું, આવું છું કર્યા કરે છે. પણ તમને શું લાગે છે, પરાગ આવશે તો ખરો ને!’

રમણલાલ જવાબ આપે એ પહેલાં એક યુવાન બારણામાં આવીને ઉભો. કદ, કાઠી બધું એ જ. રમણલાલે વીચાર્યું, અચાનક પહોંચી જઈને ડોસા–ડોસીને ખુશ કરી દેવાં એમ કરીને આવ્યો લાગે છે! ‘કોણ, પરાગ? નહીં ફોન, નહીં કાગળ–પત્તર ને આમ ઓચીન્તો જ!’

‘પરાગ નથી હવે! શું તમેય તે! આંખે સરખું દેખાતું તો છે નહીં ને! આવ ભાઈ, અંદર આવ!’ સરલાબહેને બારણું પુરું ખોલીને યુવકને આવકાર્યો.

અંદર ન આવતાં આગન્તુક ખચકાઈને ત્યાં જ ઉભો.

‘આ વોરાસાહેબનું જ ઘર છે ને?’

‘કોણ વોરાસાહેબ?’ સરલાબહેન હજી પુછે છે ત્યાં રમણલાલ બોલી ઉઠ્યા, ‘મુકને માથાકુટ વોરા ને બોરાની! ભાઈ, તું તારે અંદર આવ. બે ઘડી વાતો તો કરીએ! બોલ્યા વગર મોંમાં જાળાં બાઝી જાય છે.’

યુવાન અંદર તો આવ્યો; પણ આ બન્નેનું વર્તન એને કંઈક વીચીત્ર લાગ્યું. ડગુમગુ થતાં સરલાબહેન પાણી લાવ્યાં, 'લે ભાઈ લે, ઠંડુ પાણી પી. ને હા દીકરા, તારું નામ શું?'

'મારું નામ વીનય. હું ધંધુકાથી અહીં કૉલેજમાં ભણવા આવ્યો છું. મારે પેઈંગગેસ્ટ તરીકે રહેવું છે. મી. વોરા સાથે ફોન પર વાતો પણ થઈ છે.'

રમણલાલ અને સરલાબહેન બન્નેની આંખોમાં એકીસાથે ઝબકારો થયો, આ તો બાજુવાળા! વીનયને મુંઝવણ થઈ આવી. શું વાત કરવી? ત્યાં તો રમણલાલ જ બોલ્યા, ' અમારે તારા જેવડો જ દીકરો છે, પરાગ. ખુબ હોશીયાર, હં! દસ વર્ષ થયાં એને અમેરીકા ગયાને. બહુ સારું કમાય છે.'

'તો તો હવે પાછો શેનો આવે?' વીનયથી બોલાઈ ગયું.

ચા–નાસ્તો લઈને આવેલાં સરલાબહેનને માઠું લાગી ગયું, 'આવશે જ વળી. નહીં શેનો આવે! એનેય થતું તો હશે જ ને કે, મારાં ઘરડાં મા–બાપ એકલાં એકલાં શું કરતાં હશે?'

વીનયને થયું, આ આશાભર્યાં માવતર પાસે મારે આવું નહોતું બોલવું જોઈતું. ત્યાં રમણલાલે વાતને ધક્કો

મારતાં કહ્યું, 'અમને બન્નેને આ ઘર ખાવા દોડે છે. તું આ વોરાને બદલે અહીં જ રહેવા આવી જાય તો!'

વીનય ચોંકી ઉઠ્યો. આ બે મળીને મને સાણસામાં લેવાની કોશીશ તો નથી કરતાં ને! એ વધુ કંઈ વીચારે તે પહેલાં વળી રમણલાલે આગળ ચલાવ્યું, 'જો, તને કોઈ વાતે તકલીક નહીં પડવા દઈએ. ને રહેવા, ખાવા–પીવાનું બધું જ સાવ મફત...'

'મફત? શા માટે? તમે કેમ મારે ખાતર આ બધું કરવા તૈયાર થાઓ છો? હું તો તમારે માટે સાવ અજાણ્યો છું?' વીનયે અકળાઈને કહ્યું.

'કારણ કે, આ બધું કરવાથી અમને થશે કે, ઘડપણમાં અમે બે સાવ એકલાં નથી. અમારી પડખે કોઈ તો છે, એવો સધીયારો રહેશે. અને બીજી વાત, અમારા બેમાંથી એક ઓચીન્તું મરી જાય તો લોકોને ભેગા કરવા કોઈક તો જોઈશે ને?' સરલાબહેન બોલતાં બોલતાં રડી પડ્યાં.

વીનયને બન્નેની ખુબ દયા આવી; પણ અચાનક ઉભા થયેલા આ સંજોગોમાં શું કરવું તે એને સુઝતું નહોતું. 'હું જરા વીચાર કરીને જવાબ આપું. અત્યારે તો મારે મોડું થાય છે.' કહેતાં તે ઉભો થયો.

રમણલાલ દીવાલને ટેકે ટેકે તેની પાછળ ગયા, 'ઘડીક બેઠો હોત તો સારું લાગત; પણ વાંધો નહીં. હવે તો

તું અમારી સાથે જ રહેવા આવી જઈશ. ઘર ભર્યું ભર્યું લાગશે.'

'ક્યારે જવાબ આપીશ, દીકરા? કાલે કે પરમ દીવસે? ને હા, ફોન નંબર તો લેતો જા. તું એક ફોન કરી દઈશને તો હું તારે માટે બધી તેયારી કરી રાખીશ. આવજે હં, બેટા!' સરલાબહેનનો અવાજ તરડાઈ ગયો.

બારણું બંધ કરી બન્ને અંદર આવ્યાં. 'શું લાગે છે, તમને? એ આવશે કે નહીં?'

'હું કેવી રીતે કહી શકું? પોતાના લોકોનાં મનમાં શું છે એનીયે ખબર આપણને પડતી નથી; તો વળી પારકાનાં મનની તો કેમ ખબર પડે?'

સરલાબહેને ભીની આંખ પર સાડલાનો છેડો દાબ્યો; પછી રમણલાલ તરફ જોઈને બોલ્યાં, 'આમ ને આમ આપણે ક્યાં સુધી રાહ જોયા કરીશું...?'

(જયન્ત દળવીની મરાઠી વાર્તાને આધારે)

તા. 16/11/2010ના 'ભુમીપુત્ર' પાક્ષીકના છેલ્લે પાનેથી સાભાર...

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

બી–401, દેવદર્શન, હાલર, વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

237 : 12-02-2012

# જીવનની અન્તીમ સાંજ....!

-નીલમ દોશી

અનુક્રમણીકા

‘બસ, હવે બહુ થયું. આ જીવનનો કોઈ અર્થ નથી. કોઈને મારી પડી જ નથી. આખી જીન્દગી શું બધાંનું સાંભળ્યા જ કરવાનું અને સહન કર્યા કરવાનું? કોઈને મારી જરુર નથી. હું તો સાવ વધારાની થઈ ગઈ છું... નક્કામી... સાવ નક્કામી બની ગઈ છું. જાણે ખાલી શીશીમાં તડકો ભરવાની રમત રમ્યા કરું છું. અર્થહીન જીન્દગીની માફક અર્થહીન રમત.... આવા જીવન કરતાં તો... અને હવે આ નીર્ણયમાં કોઈ ફેરફાર નહીં.

આમ પણ, આ ચાર દીવસ એકલી છું. આવો મોકો બીજી વાર મળે ન મળે. બસ, જેને જે માનવું હોય, જે વીચારવું હોય તે વીચારે. મર્યા પછી મને શો ફરક પડે છે? દુનીયા આખી સ્વાર્થી છે. બે દીવસમાં બધું ભુલી જશે. દીશા હોય કે ન હોય કોને ફરક પડે છે? મારા એક વીના દુનીયા અટકી તો નથી પડવાની. હું નહીં હોઉં ત્યારે જ બધાને મારી કીમ્મત સમજાશે.’

બધાને ખબર પાડી દેવા માટે હાથમાં ગોળીઓની આખી બૉટલ સાથે બેઠેલી દીશાની વીચારમાળા આગળ ચાલે તે પહેલાં જ બાજુમાં ટીપોય પર રહેલ ફોન રણક્યો. દીશાએ કંટાળાથી ફોન તરફ જોયું. ‘આને પણ છેલ્લી ઘડીએ રણકવું છે? નથી ઉપાડવો... હવે ઉપાડીને કામ પણ શું છે? ભલે વાગતો... મારે હવે આ બધી બાબતો સાથે કોઈ નીસબત ખરી?’ પણ ફોન કરનાર જાણે જીદે ભરાયું હોય તેમ રણકવાનું બન્ધ જ નહોતું થતું.... કંટાળીને કે ગુસ્સાથી દીશાએ ફોન ઉપાડ્યો. ‘લાવ, જોઉં તો ખરી... મારા નસીબમાં અન્તીમ વાત કોની સાથે કરવાની લખાઈ છે...’

‘હલ્લો...’

‘વીરલ છે?’

‘કોણ વીરલ?’

‘વીરલ... વીરલ શાહ....’

‘સોરી... રોંગ નમ્બર... અહીં કોઈ વીરલ રહેતો નથી.’
‘તો કોણ રહે છે ત્યાં?’

'તમારો મતલબ?' દીશાના અવાજમાં ગુસ્સો ભળ્યો.

'પુછવાનો અર્થ એ હતો કે આપ કોણ બોલો છો?'

'હું વીરલ તો નથી જ બોલતી... એટલું પુરતું નથી?'

'એ તો સમજાઈ ગયું... આ અવાજ વીરલનો નથી... પણ... પ્લીઝ કોઈ ગેરસમજ ન કરશો. આ તો જસ્ટ તમારો અવાજ ખુબ સરસ... બહુ મીઠો લાગ્યો તેથી પુછાઈ ગયું. સોરી... કંઈ ખરાબ લાગ્યું હોય તો....'

દીશાનો ગુસ્સો થોડો શાન્ત થયો. એકાદ પળ મૌન રહી તેણે જવાબ આપ્યો :

'હું દીશા બોલું છું. આઈ મીન... મારું નામ દીશા છે.'

'ઓહ....! ગ્રેટ.... જીવનમાં બધાંને ગાઈડ કરનાર... દીશા બતાવનાર.... વાહ!'

'સોરી... હું કોઈને ગાઈડ કરતી નથી.'

'અગેઈન સોરી... આઈ વોઝ જસ્ટ જોકીંગ....'

‘અજાણ્યાઓ સાથે જોક કરવાની તમને આદત છે?’

‘ના, પણ તમે અજાણ્યાં લાગ્યાં જ નથી... એનું શું?’

‘વાત કરવામાં સ્માર્ટ લાગો છો.’

‘ખાલી વાત કરવામાં? હું આખ્ખો સ્માર્ટ છું.’

‘તમારી જાત વીશે બહુ ઉંચી માન્યતા ધરાવતા લાગો છો.’

‘પોતાની જાત વીશે માન હોવું એ મારા ખ્યાલ મુજબ કંઈ ખરાબ વાત તો નથી જ. નીજની જાતની વળી અવગણના શા માટે?’

‘લેખક છો?’

‘લેખક થવાનાં સ્વપ્નો જોઉં છું ખરો....’

‘સપનાં? હમ્મ! ખાલી દીવાસ્વપ્નોમાં રાચો છો કે પછી મહેનત પણ કરો છો?’ દીશા અજાણપણે વાતમાં ગુંથાતી જતી હતી.

'આ અત્યારે શું કરી રહ્યો છું? મહેનત જ ને? દીશા નામની કોઈ સુંદર છોકરીને પટાવવાની....'

'વોટ?' હવે દીશાના અવાજમાં ગુસ્સો ભળ્યો.

'સોરી...સોરી.... મીઠાશની સાથે તીખાશ પણ છે કે નહીં તે જરા ચકાસતો હતો. એકલી મીઠાશ બહુ સારી નહીં. ડાયાબીટીસ થઈ જાય. આમ પણ મને રોગીઓ પ્રત્યે બહુ માન નથી જ. પણ તમારે માટે વાંધો નથી.

મીઠાશ... તીખાશ બંને છે તમારામાં....'

'બોલતાં... મસ્કાં મારતાં સારું આવડે છે....'

'થેન્ક્સ ફોર કૉમ્પ્લીમેન્ટ્સ... તમારા જેવી સુન્દર યુવતીઓની શુભેચ્છાઓની મહેરબાની હમ્મેશાં મારી ઉપર રહી છે.'

'હું સુન્દર છું એમ કોણે કહ્યું?'

'યુવતીઓને હું સુન્દર જ ગણું છું. આમ પણ, સુન્દરતા તો દૃષ્ટીમાં છે... અને મારી દૃષ્ટી સુન્દર છે જ. તેથી મને વીશ્વમાં

કશું અસુન્દર દેખાતું જ નથી. હું તો સીધો કવી કલાપીનો વંશજ....' અને સામે છેડેથી ખડખડાટ હાસ્યનો અવાજ સાંભળી દીશા થોડી ખીજાઈ.

'જાતે સુન્દર બની જવાનો તમારો આ આઈડીયા સારો છે. પેલા દલા તરવાડીની વાર્તા વાંચી લાગે છે.'
'તમે બધા નાહક દલા તરવાડીને વગોવો છો.... તેણે બીચારાએ તો આપણને કેટલી બધી સગવડ કરી આપી છે.'

'ઓહ...! તમને દલા તરવાડી માટે પક્ષપાત લાગે છે.... કે પછી એના જ વંશજ છો? એની વે.... તમારી સેન્સ ઓફ હ્યુમર સારી છે.' નહોતું હસવું તો પણ દીશાના ચહેરા પર એક મન્દ સ્મીતની લહેરખી તો ફરી જ વળી. બાકી આત્મહત્યાની અન્તીમ પળે વળી હાસ્ય કેવું? જીવનમાં હાસ્યની પળો નીર્માણી હોત તો તો આવો વીચાર જ....

'મારી સેન્સ ઑફ હ્યુમર માટે મીત્રોને માન છે.'

'તમારા મીત્રોને હ્યુમર એટલે શું? એ ખબર નહીં હોય.'

'કેમ તમને હ્યુમરમાં ખબર નથી પડતી?'

'હું તમારી મીત્ર થોડી છું?'

'નથી? હું તો ભ્રમમાં હતો કે તમે મારા મીત્ર બની જ ગયાં છો. રોંગ નમ્બર સાથે કોઈ આટલી વાત થોડી જ કરે?' દીશાએ ધડ દઈને ફોન કાપી નાખ્યો... સમજે છે શું એના મનમાં? બે-પાંચ મીનીટ એમ જ પસાર થઈ. ત્યાં વળી ફોન રણક્યો. ન જાણે કેમ પણ દીશાથી આ વખતે ફોન તુરત ઉપાડાઈ ગયો. નક્કી એ જ....! એમ સહેલાઈથી પીછો છોડે તેમ નથી લાગતું. જરા ખખડાવવો પડશે. સમજે છે શું પોતાની જાતને? 'હલ્લો....' દીશા સાચી હતી. સામેથી ફરી એ જ અવાજ...

'સોરી દીશાજી, મારો ઈરાદો તમને હર્ટ કરવાનો નહોતો. આ તો મને એમ કે જીવનની અન્તીમ પળે કઈ નસીબદાર વ્યક્તી સાથે વાત કરીને હું સંસારને અલવીદા કરીશ? એ જાણવાના લોભમાં....' દીશા ચમકી. આ પણ કોઈ પોતાના જેવું સમદુખીયું છે કે શું? નહોતું બોલવું તોયે મોમાંથી નીકળી જ ગયું. 'એટલે? તમેય મારી જેમ....?' સામે છેડે એકાદ ક્ષણ મૌન...

'મારી જેમ એટલે? તમે પણ....?'

‘હા, મારી પણ આ અન્તીમ સાંજની અન્તીમ વાત છે. આપણી મુલાકાત કંઈક અનોખી નથી લાગતી?’

‘અનોખી છે જ. અન્તીમ પળના સાથીદાર નહીં?’

‘પણ તમે તો પુરુષ છો…. તમારે વળી આત્મહત્યાનું શા માટે વીચારવું પડે?’

એકાદ બે ક્ષણ મૌન પછી….

‘કેમ પુરુષને કોઈ તકલીફ ન હોય એવો કોઈ નીયમ છે?’ દીશા ગુંચવાઈ…..

‘ના, ના, નીયમ તો નથી…. પણ સામાન્ય રીતે આપણો સમાજ પુરુષપ્રધાન છે તેથી જે સહન કરવાનું આવે તે મોટે ભાગે સ્ત્રીઓને જ ફાળે આવે છે ને?’

‘એ તમારો ભ્રમ છે. આપણી અન્તીમ સાંજે હવે એ ભ્રમ તોડીને શું ફાયદો? નહીંતર જરુર કહેત. જતાં પહેલાં કદાચ દીલ હળવું કરવાની એક તક… પણ ના જવા દો… અન્તીમ સાંજે દીલ હળવું થાય કે નહીં… શો ફરક પડે છે ખરું ને?’

'હા...ના... સાવ એવું તો નહીં.... કોઈ સહૃદયી વાત સાંભળનાર મળે તો જરૂર ગમે. હસતાં હસતાં દુનીયાને અલવીદા કહેવાનું સદનસીબ બધા પાસે નથી હોતું.'

'તમે તો ફીલસુફની માફક વાત કરવા લાગ્યા....'

'અન્તીમ પળે કદાચ દરેક માનવી ફીલસુફની અવસ્થાએ આપોઆપ પહોંચી જતો હશે નહીં?' દીશા અનાયાસે વાતોના પ્રવાહમાં ખેંચાઈ. આમ તો પોતાની વાતો સાંભળવાનો સમય કોઈની પાસે હતો જ ક્યાં?

'બની શકે તમે સાચા હો... પણ મને તો આ પળે મોત જેવું બીજું કોઈ સુખ દેખાતું નથી.' સામે છેડેથી નીરાશ અવાજ સંભળાયો.

'ના, ના, સાવ એવું નથી... તમે તો પુરુષ થઈને પણ સાવ હીમ્મત હારી ગયા. આમ સાવ નીરાશાવાદી થવું તમને બરાબર લાગે છે?'

'મને તો કશું જ બરાબર નથી લાગતું.... બરાબર લાગતું હોત તો મરવાનો વીચાર જ શા માટે આવત?'

'બધું બરાબર હોય ત્યારે સૌ કોઈ જીવે... મરવું તો બહુ આસાન છે. બની શકે તમે જીવવાનો પુરતો પ્રયત્ન જ ન કર્યો હોય?' દીશા જાણ્યે-અજાણ્યે કાઉન્સેલરની ભુમીકામાં આવી ગઈ. 'બની શકે.... બધું બની શકે.... પણ હવે એક વાર નીર્ણય લેવાઈ ગયો એમાં ફેરફાર કરવાની મને કોઈ ઈચ્છા નથી.'

'જીવનમાં કેટલીયે વાર આપણે આપણા નીર્ણય ફેરવતા નથી હોતા? દૃષ્ટી થોડી બદલીએ... થોડા પોઝીટીવ થઈએ તો બની શકે, દુનિયા કંઈક અલગ પણ દેખાય.' 'કદાચ તમારી વાત સાચી હશે....'

'કદાચ નહીં... સો ટકા સાચી જ છે.' દીશા જાણે એક ઝનુનમાં આવી ગઈ.

'હશે..... પણ મારે હવે એવું કશું વિચારવું નથી. જીવવા માટે આટલાં બધાં સમાધાન કરવાનાં હોય... ડગલે ને પગલે આપણે જ....' સામે છેડેથી શબ્દો અધુરા જ રહ્યા.

'મુશ્કેલીઓથી હારીને રણમેદાન છોડી દેવું, એ તો કાયરતા કહેવાય...' દીશાની કાઉન્સેલરની ભુમીકા આગળ ચાલી, 'ઘણી

વાર સાવ નાની વાતમાં આપણે આવેશમાં આવી જતા હોઈએ એવું પણ બને.'

'હા, બની તો બધું શકે.... આમ તો કોઈએ કહ્યું જ કે 'એક દરવાજો બંધ થાય ત્યારે બીજો આપોઆપ ખુલે છે. ફક્ત આપણી દૃષ્ટી જ એ ખુલ્લા દરવાજા તરફ બદલવાની જરુર હોય છે.' હમ્બગ બધું.... અને કોઈ દોઢડાહ્યા કવીએ તો વળી ગાયું જ છે ને કે, ''આગલા વળાંકે વાટ જુએ છે વસંતો.....'' કવીઓને બીજું કામ પણ શું હોય છે?'

'અરે, વાહ! તમે તો કવીતાના શોખીન લાગો છો!'

'કવીતા? સારું છે તમારું નામ કવીતા નથી.'

'સમજાયું નહીં.....'

'મને પણ પુરું ક્યાં સમજાયું છે? આમ પણ આપણે બધી વાત સમજીને જ બોલીએ છીએ એવું થોડું છે?
સમજ્યા વીના પણ જીવનમાં કેટકેટલું થતું હોય છે... કરતા હોઈએ છીએ...'

'તમે તો સારું એવું વાંચ્યું લાગે છે.... અભ્યાસી છો.....'

'થેન્ક્સ ફોર કૉમ્પ્લીમેન્ટ્સ... પણ વાંચેલું બધું અમલમાં થોડું મુકી શકાય છે? એ બધું તો પોથીમાંના રીંગણાં જેવું. બીજાને કહેવું આસાન છે. બાકી પોતાની ઉપર થોડા પ્રોબ્લેમ આવે ત્યારે પોતે બધું ભુલી જાય છે. જુઓ, કોઈ હૈયાફુટો લેખક શું કહે છે? : ''ફુલે નીસાસો નાખ્યો હાય.... મારું ઝાકળબીન્દું સુકાઈ ગયું; પણ સવાર પડી ત્યારે આસમાનનો તો આખો તારાલોક ખોવાઈ ગયો હતો..'' લેખકોને તો ઠીક છે લખી નાખવું છે....'

'ના, ના, સાવ એવું નથી, ઘણાં પુસ્તકોએ અનેકની દુનીયા બદલી નાખી હોય એવાં ઉદાહરણોની ખોટ નથી જ.'

'તમારી વાત વીચારવા લાયક તો ખરી જ. અને સાચું કહું તો ક્યારેક મને એવો વીચાર પણ આવે છે કે હું તો આત્મહત્યા કરીને છુટી જઈશ. મારે તો પછી કંઈ જોવાનું રહેતું નથી.... પણ એટલો સ્વાર્થી હું થઈ શકું? કદાચ આપણા જવાથી દુનીયાને ખાસ કોઈ ફરક ન પડે પણ એકાદ-બે વ્યક્તી તો ક્યાંક હોવાની જ જેમને આપણા જવાથી ખરેખર દુઃખ થાય. અને તેથી જ આટલા સમય સુધી વીચારતો હતો.'
'તે વીચારી વીચારીને અન્તે તો આવું નેગેટીવ જ વીચાર્યું ને?'

'શું કરું? આદત સે મજબુર....'

'ના, ના, એમ કહીને છુટી જવાનો આપણને કોઈ હક્ક નથી. આપણી અત્યાર સુધીની જીન્દગીમાં કેટલાયે લોકોનો ફાળો હશે જ. માતા-પીતા, સગાં-વહાલાંઓ. મીત્રો.... કોઈક તો હશે જ જેમણે આપણા માટે....' બોલતાં બોલતાં દીશા અચાનક અટકી ગઈ. પોતે આમ વાતોના પ્રવાહમાં આવીને કોઈ અપરીચીત વ્યક્તી સાથે આ બધું શું બોલી રહી છે? અને એ પણ ક્યારે? જ્યારે પોતે પણ મરવાનું નક્કી કરી લીધું છે. આ ક્ષણે આવી કોઈ દલીલો પોતાને શોભે ખરી? પણ ના, પોતાની દલીલોથી કોઈનું જીવન બચી શકતું હોય તો... જતાં જતાં એક સત્કાર્ય...

'કેમ, તમે પણ બોલતાં બંધ થઈ ગયાં ને? પોતાની વાત આવે એટલે બધા આમ જ કરે. બીજાને ઉપદેશ આપવો કે મોટી મોટી વાતો કરવી જ આસાન છે. અમલ આસાન થોડો જ છે? અને હું જાણું છું કે હવે તમે આવું જ કશું લેક્ચર કરશો કે 'જીવન અણમોલ છે. અરે, સમાજમાં આપણાથી વધારે દુઃખી અગણીત લોકો છે... તેમના તરફ દૃષ્ટી રાખીએ ત્યારે જ સમજાય કે ઈશ્વરે આપણને કેટલું આપ્યું છે....!' આવું જ કંઈક કહેવું છે ને તમારે? અરે, મેડમ.... આવું ઘણુંબધું હું સાંભળી ચુક્યો છું... અને મને હવે એની કોઈ અસર નથી થતી.'

દિશાને થોડો ગુસ્સો ચડ્યો. બધું જાણવા છતાં જેને સમજવું જ નથી, એને કોણ સમજાવી શકે? છતાં... જાણ્યા પછી કોઈને આમ મરવા થોડા દેવાય? જીન્દગી કંઈ આમ ફેંકી દેવા માટે થોડી જ છે?

‘જુઓ મીસ્ટર, તમે જે હો તે... પણ... લેટ મી ટેલ યુ વન થીંગ... તમે નીર્ણય ભલે કરી લીધો પણ એક કામ કરો... તમે વધારે નહીં તો એક દીવસ માટે તમારો આ વીચાર મુલતવી રાખી ન શકો? આત્મહત્યા કરવી જ હોય તો આવતી કાલે કરો તો પણ ચાલે ને?’

‘એક દીવસમાં શો ફરક પડી જવાનો?’

‘એ તો મને પણ નથી ખબર.... પણ કદાચ તમે આ પગલું કોઈ ક્ષણીક આવેશમાં લીધું હોય.... બની શકે આવતી કાલનો સુરજ તમારે માટે કોઈ શુભ સંદેશ લઈને પણ ઉગે.... તમારાં કારણોની તો મને જાણ નથી... પણ બની શકે કાલે તમને જીન્દગી જીવવાલાયક પણ લાગે.... તમે જ કહ્યું તેમ આગલા વળાંકે કોઈ વસંત તમારી પ્રતીક્ષામાં....’

‘દલીલ પુરતી તમારી વાત સાચી છે. લોકોને સમજાવતાં તમને

સારું આવડે છે. તમે એક કામ કરો ને... એક કાઉન્સેલીંગ સર્વીસ ખોલી નાખો.... સારી ચાલશે.'

'તમારી ઉપર મારા કાઉન્સેલીંગની કોઈ અસર થતી નથી તો મારી સર્વીસ સારી ચાલશે એમ કેમ કહી શકાય?'

'કોણે કહ્યું? અસર નથી થઈ?'

'એટલે? તમે...તમે મારી વાત સ્વીકારી?' પોતે ઉત્સાહમાં કેમ આવી ગઈ તે દીશાને સમજાયું નહીં.
'આ પળે તો લાગે છે એક વધુ દીવસ રાહ જોવાનું તમારું સુચન કંઈ ખોટું તો નથી જ. વીચારવાલાયક તો ખરું જ.'

'ફક્ત વીચારવા લાયક જ નહીં. અમલમાં મુકવા લાયક પણ ખરું જ.' દીશાએ ભારપુર્વક પોતાની વાત દોહરાવી.

'ઓકે... મેડમ... તમે જીત્યાં... અને હું હાર્યો.... તમારી વાત સ્વીકારી હું આજનો દીવસ... ફક્ત આજનો જ દીવસ મારો મરવાનો કાર્યક્રમ મુલતવી રાખું છું. બની શકે આપ મારા માટે ખરા અર્થમાં દીશાસુચક બનો.... ખુબ ખુબ આભાર.... સો નાઈસ ઓફ યુ....' અને રોંગ નંબર કપાઈ ગયો.

દીશાના કાનમાં પોતાના શબ્દો જ પડઘાઈ રહ્યા.... બે-પાંચ મીનીટ મૌન પસાર થઈ ગઈ. તેના મનમાં આખી વાતચીત પડઘાતી રહી. થોડી વારે તેણે હાથમાં રહેલી ગોળીઓની બૉટલનો ઘા કર્યો. બરાબર તે જ વખતે પેલો ‘રોંગ નમ્બર’ ખુશખુશાલ થતો પીક્ચર જોવા જતો હતો. બાજુમાં બેઠેલો તેનો મીત્ર પુછતો હતો :

‘શું હતું આ બધું? આ આત્મહત્યાની વાતો કોની સાથે કરતો હતો?...’

‘હું જરા જોક કરવાના મુડમાં હતો. અને સામે સાચેસાચ કોઈ દીશા નામની સ્ત્રી હતી... આત્મહત્યા કરવાના વીચારોમાં અટવાયેલી હતી. મેં મારી સાઈકોલૉજી કામે લગાડી. બની શકે કે તેણે મરવાનો તેનો વીચાર પડતો મુક્યો હોય...’ અને રોંગ નમ્બરે ખુશ થઈ મોઢેથી વ્હીસલ વગાડી...

–નીલમ દોશી

નેટજગત સાથે જેમનો નાતો છે તેવા વાચકોમાંથી નીલમબહેનના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. લેખીકા બહેન નીલમ દોશીના પુરા પરીચય માટે, તેમની પ્રકાશીત રચનાઓ વીશે, અત્યાર સુધીમાં પ્રકાશીત થયેલાં તેમનાં પુસ્તકો વીશે વીગતપુર્ણ માહીતી મેળવવા, એમના પ્રસીદ્ધ

બ્લોગની http://paramujas.wordpress.com/about/ મુલાકાત લેવા વીનન્તી..

સર્જક–સમ્પર્ક :

Address: Harish Doshi, Bunglow E/2, Paeadeep Phosphate Ltd., P.P.L.Township, BHUVANESHWAR, Pin code : 754 145, Dist: Jagatsinghpur, ORISSA-INDIA

ઈ–મેઈલ : nilamhdoshi@yahoo.com ; મોબાઈલ ફોન નંબર – 95561 46535

♦●♦

238 : 26-02-2012

# ગઝલતત્ત્વ

–રાકેશ હાંસલીયા

અનુક્રમણીકા

.1.

આ ખભે શાથી જમેલો રાખીએ?
સાવ ખાલી ‘હું’નો થેલો રાખીએ.

શી ખબર અંધાર ક્યારે ખાબકે?
એક દીપક પેટવેલો રાખીએ.

સંત હોવાનો ન રહે મીથ્યા ભરમ
હાથને બસ સ્હેજ મેલો રાખીએ.

શક્ય છે ક્યારેક ઉત્તર પણ મળે,
પત્ર એને પાઠવેલો રાખીએ.

.2.

જીવવા એકાદ કારણ જોઈએ,
જીવને ક્યાંક ગુંચવેલો રાખીએ.

આખરે એની કૃપા તો થાય છે,
આપણાથી રાહ ક્યાં જોવાય છે?

એ પધારે; દ્વાર પણ હરખાય છે,
ખુદ ઉઘડવાને અધીરા થાય છે!

કોણ બનવાકાળને ટાળી શકે?
તે છતાં ક્યાં સ્હેજ સ્વીકારાય છે?

માત્ર કંકર ફેંકવાના ખ્યાલથી,
જળમાં વમળો અણદીઠાં સર્જાય છે!

'સર્વનું કલ્યાણ કરજો, હે પ્રભુ'
વેણ એવાં એમ ક્યાં બોલાય છે!

.3.

શું મહેકે છે બધે લોબાન જેવું?
ઉર્મીઓનું થાતું હો સન્માન જેવું.

સ્થીર છે ચહેરાની એક્કેએક રેખા,
ભીતરે નક્કી હશે તોફાન જેવું.

...ને પ્રપંચોની પછી શરુઆત થાશે,
બાળકોમાં જ્યારે આવે ભાન જેવું.

જાત આખી ઓગળી રહી છે કશામાં,
આ હ્રદયનું હો કશું સંધાન જેવું.

કૈંક પાથરણાં મળ્યા રેશમ સરીખા,
ક્યાં કદી ચાહ્યું હતું કંતાન જેવું!

એક પ્રાચીન વૃક્ષનું ઊભું છે ઠુંઠું,
કેટલીયે મોસમોનાં બયાન જેવું.

કેમ બારીને કરું હું બંધ 'રાકેશ',
આ હવાનું થાય ના અપમાન જેવું.

.4.

આમ આ કોનું સ્મરણ થઈ જાય છે,
જાતનુંયે વીસ્મરણ થઈ જાય છે!

એ તો સપનામાં પરીઓને જુએ,
આપણે બસ જાગરણ થઈ જાય છે!

ઝાંઝવા નજરે પડે સુદ્દર તો,

ઝંખનાઓનું હરણ થઈ જાય છે!

સાવ કોરી આંખ જોઈ – કોઈની,

અશ્રુભીનો એક જણ થઈ જાય છે!

સઘળું વાંચેલું રહે છે યાદ ક્યાં?

કેટલું તોયે ગ્રહણ થઈ જાય છે!

.5.

ક્યાં બધે દીલથી જવાતું હોય છે,

એટલે કાયમ થકાતું હોય છે.

સૌ ફરે છે આમ તો દેશાવરો,

તોય ઘરને ક્યાં વટાતું હોય છે.

કાયમી કોઈ દશા હોતી નથી,

બે-ઘડી ધુમ્મસ છવાતું હોય છે.

એક ખુલ્લી પાઠશાળા છે જીવન,

કંઈ ને કંઈ હરપળ ભણાતું હોય છે.

નામ ક્યાં આવે છે હોઠે કોઈનું,
તોય ભીતર કૈં રટાતું હોય છે.

તાપ ભાદરવાનો વરસે તીર થઈ,
ને ઝરણ ભોળું ઘવાતું હોય છે.

.6.

સોંપી દે ઈશ્વરને સઘળા ભાર મનવા,
હર પળે ના વ્યર્થ વલખાં માર મનવા

સૌ સુતાં છે ઓઢીને અંધાર મનવા,
કોણ સુણે સુર્યનો પોકાર મનવા.

હોય છે સંકેત એમાં ગેબનો પણ;
આપણા ક્યાં હોય છે નીર્ધાર મનવા.

રાઈના દાણા નહીં; વાવ્યા છે શબ્દો,
લાગશે એને તો ફળતા વાર મનવા.

બાંધજે ના ધારણા કોઈ અમંગલ
આખરે એ થાય છે સાકાર મનવા.

બસ ચરણને મુકી દે પદ્માસને તું,

પામવો છે દુરનો અણસાર મનવા.

.7.

એય અંધારા મહીં ગમતું હતું,

દુર જો કે કૈંક ટમટમતું હતું.

કાન માંડી પથ્થરો બેઠા હતા,

એક ઝરણું કૈંક ગણગણતું હતું.

અન્યથા ના ધુપની આવે મહેક,

કોઈનું નક્કી હૃદય બળતું હતું.

વ્યાધનું ચોક્કસ અહીંયાં ઘર હશે,

શેરીમાં ભોળું હરણ ભમતું હતું.

જાણે ઝરણાનો થવાનો હોય જન્મ,

એમ પથ્થરમાંથી જળ ઝમતું હતું.

.8.

એના તરફ ઉર્મી વહાવી તો જુઓ,

એના હૃદયતલને ભીંજાવી તો જુઓ!

કોને ખબર વટવૃક્ષનું પામે સ્વરુપ?
ઝીણું ભલે હો બીજ, વાવી તો જુઓ!

છે શક્ય કે કોઈ ગઝલ પણ નીપજે,
લેખણ છે કર માંહે, ચલાવી તો જુઓ!

શીખર પર પ્હોંચી ગયા સારું થયું,
પણ ત્યાં હવે ખુદને ટકાવી તો જુઓ!.

એવું બને એ દોડીને ભેટી પડે,
એને હૃદયપુર્વક મનાવી તો જુઓ!

.9.

પાસનાં સૌ ગામ ખાતાં જાય છે,
શહેર પણ મેદસ્વી થાતાં જાય છે.

જેમ દાણા હર કણસલામાં ભરાય,
એમ સૌ અહીં ગોઠવાતા જાય છે.

ઘર, મકાનો, બંકરો, ઈમારતો,

તોય સઘળાં જોખમાતાં જાય છે.

અડચણો છે માર્ગની કોરે બધી,

તોય ચરણો ઠોકરાતાં જાય છે.

જેમ મોટાં થાય છે આ બાળકો,

કોણ જાણે ઝંખવાતાં જાય છે!

.10.

હું જો બોલું ધુળધાણી થાય છે,

એના શબ્દો વેદવાણી થાય છે.

મારાં પગલાં સાથ ન આપે મને,

એના હર પગલે ઉજાણી થાય છે.

હું જો આપું તો સખાવતમાં ખપે,

એ કૈં આપે તો લ્હાણી થાય છે.

વાત એની સાંભળે સૌ ધ્યાનથી,

હું કહું તો રામકહાણી થાય છે.

## ⁎રાકેશ હાંસલીયા⁎

કવીના સંયુક્ત ગઝલસંગ્રહ ‘તત્ત્વ 111 ગઝલ’, (પ્રકાશક: દીનેશ કાનાણી, ‘શ્રીરામ’, 7 – નારાયણનગર, ઢેબર કોલોની પાસે, રાજકોટ – 2, મુલ્ય: રુ. 111)માંથી સાભાર..

કવી સંપર્ક: ‘સૌમ્ય’, સીલ્વર ગોલ્ડ રેસીડેન્સી – 3, ગોલ રેસીડેન્સી પાછળ, નાના મવા રોડ, રાજકોટ – 5, મોબાઈલ – 98248 85416, Email : Rakesh.Hansaliya@gmail.com

@@@

239 : 11-03-2012

# દરેક સફળ સાસુની પાછળ એક કામગરી વહુ હોય છે!

–કલ્પના દેસાઈ

અનુક્રમણીકા

આજથી ૧૦–૨૦ વર્ષો પહેલાંની ‘એ–વન’ સાસુઓની એક ખાસ ઓળખ રહેતી. બેઠી કે ઉભી દડીનું શરીર, શોભે કે ન શોભે, તોય કરાતો લાલચટ્ટક, ગોળ, મોટ્ટો ચાંદલો, ખોટા વાળ નાખેલો મોટો ગોળ અંબોડો, ઠસ્સાદાર વ્યક્તીત્વ લાગે એટલે બધે નજર રહે એવી કરડી આંખો અને સદાયે ખુલ્લા, ટાંકણી પડે તોયે સાંભળી શકે એવા તેજ કાન! ચીવટથી પહેરેલી ગુજરાતી ઢબની જરા ઉંચી સાડી ને હાથમાં શૉ–પીસ જેવી માળા અથવા ભજનની ચોપડી. દીવાનખંડમાંથી રસોડા તરફ નજર રહે અને ફોન પણ નજીક રહે એવી બેઠક, તેમ જ જેના વગર ચાલે નહીં એવું વાતે વાતે વાંકુંચુંકું થઈ શકે તેવું મોં!

મારે પણ એક સાસુ હોય એવું મેં કહ્યું નો’તું છતાં; અસ્સલનાં ઘી–દુધ ખાધેલાં એવાં એક તન્દુરસ્ત સાસુનો મારી કુંડળીમાં યોગ હતો. મારાં લગ્ન થયાં ત્યાં સુધી રસોડાનો

કારભાર એમના હાથમાં હતો જ એમાં શી નવાઈ! પણ મારા આગમન પછી એમને પગે વા થઈ ગયો ને કમ્મરનો મણકો છટકી ગયો. એટલે ફક્ત ઘરનો કારભાર એમની પાસે રહ્યો ને રસોડાની રાણી હું બની ગઈ! હું તો ખુશખુશાલ! ચાલો, આજે રસોડાની રાણી છું, કાલે ઉઠીને ઘરની રાણી પણ બની જઈશ! પણ થોડા દીવસો પછી મને ખબર પડતી ગઈ કે, મારે સવારથી સાસુજીના ઉઠ્યા પહેલાં નહાઈ–ધોઈને તૈયાર થઈ જવું પડતું અને એમની સામે બે હાથ જોડી, મસ્તક નમાવી સવાલો શરુ કરવા પડતા : ‘ બા તમારી ચા મુકું? નાસ્તો હમણાં આપું કે પછી?’ નહાઈને આવે એટલે પુછું, ‘બા, ચા પીવી છે કે બોર્નવીટા? આજે શાક શેનું બનાવીએ? દાળ બનાવું કે કઢી? રોટલી કે ભાખરી? ભાત કે ખીચડી?...’ એમનું સવાર–સાંજનું મેનુ બહાર પડે પછી જ મારે રાંધવાનું... ત્યાં સુધી ભજન કરવાનાં!

મને તો રાંધતાં આવડતું હતું; છતાંય ભેટમાં કેટલાંક વાનગીનાં પુસ્તકો મળેલાં! વળી, મને તો એમ જ ને કે, મારે રોજેરોજ સ્વાદીષ્ટ પક્વાન્નો બનાવીને પતીને ખુશ રાખવાના છે. પણ પુસ્તકો તો બધાં અભરાઈએ ચડી ગયાં અને એકનું એક મેનુ મહીનામાં કેટલીયેવાર રીપીટ થતું જોઈને હું ભાંગી પડેલી. એવા સહેલા મેનુને પણ પાછું ખુબ

વીચારીને, ચીન્તા દર્શાવીને, પ્રતીપ્રશ્નો કરીને રજુ કરાતું; ત્યારે મને તો કંટાળો આવી જતો. રોજ સાંજે હું એમને(એટલે કે, સાસુને) પુછવા જાઉં, 'બા, આજે શું બનાવીશું?' તો એ મને પુછતાં, 'શું બનાવીએ?' 'એ જ તો પંચાત છે!' હું કહેતી. 'રોજ સાંજની આ...જ માથાકુટ! હવે રોજ રોજ શું બનાવે? એક કામ કર. ગુવારનું શાક બનાવી દે.' 'પણ ગુવાર તો સવારે જ બનાવી.' 'તો દુધી–ચણા બનાવી દે.' 'એ તો કાલે જ બનાવ્યુ.'(શાકની પસંદગી? કહેવું પડે!) ' તો પછી દાળઢોકળી બનાવી મુક.' ( ચીડ, કંટાળો ચાલુ થવા માંડે.) મેનુ તો ખુટે નહીં એવું બની શકે પણ ગણેલાં શાક અને વાનગીઓની ફરતે અમે ગોળ–ગોળ ફરીએ ને છેલ્લે મગ, મગની દાળ કે પછી બટાકાનું રસાવાળું શાક બની જતું. મને હાશ થતી, કંઈક તો નક્કી થતું.

શાકની તૈયારી કરવા જાઉં કે ધીમે ધીમે ડગ માંડતાં તેઓ રસોડામાં આવે. 'એક કામ કર. આ શાક તો પાછું વાયડું પડશે; એટલે થોડું 'આ' પણ બનાવી મુક. 'આ ' એટલે? ફરતું ફરતું હાથમાં આવેલું એ જ જુનું–પુરાણું શાક! એમ રોજ–રોજ બે શાક બને. મને પુછે તો, જાતજાતની વાનગીઓ અને શાક બનાવું; પણ સાસુના રાજમાં? રસોઈની તૈયારી કરવા માંડું કે વળી આંટો મારી જાય! 'થોડી રોટલી

કરજે ને થોડી ભાખરી કરજે.' વળી, ડગમગ–ડગમગ માળા ફેરવવા જતાં રહે. કુકરની સીટી વાગે ને વઘારની તૈયારી કરું એટલે ફરી આવે, 'આમાં રાઈનો વઘાર કરજે ને હળદર થોડી નાખજે. મરચું સાચવીને નાખજે – પાછું તીખું થઈ જશે તો કોઈ ખાશે નહીં. બહુ પાણી નહીં નાખતી ને બહુ સુકું પણ ન બને તે જોજે.' શરુશરુમાં તો હું હોંશેહોંશે 'હા–બા, હા–બા' કર્યા કરતી; પણ પછી 'હમ્મ…હમ્મ…' કરવા માંડ્યું ને પછી તેયે બન્ધ કર્યું. કોઈ વાર કંટાળી જતી તો વાસણ પછાડતાં રાંધતી અથવા ધમ્મ–ધમ્મ ચાલતી! જો કે કોઈ વાર બબડી પણ લેતી (કોઈ ન સાંભળે તેમ) ને કોઈ વાર(જ), ડોક વાંકી કરી, ડોળા કાઢી, ભ્રમર તંગ કરી લેતી.

પણ અમે બન્ને એકબીજાથી ટેવાઈ ગયેલાં એટલે અમારો સંસાર ચાલ્યા કરતો, ગાડું એમ જ ગબડ્યા કરતું. પતીને અને સસરાને આવી બધી વાતોમાં ખાસ રસ નહોતો. (રોજ એકની એક વાતમાં કોને રસ પડે? ખોટું ટેન્શન વધારવાનું!) એ લોકો તો બીચારા જે આપે તે ખાઈ લેતા!(પણ એમની પાસે બહાર હૉટલમાં ખાઈ લેવાનો વીકલ્પ ખુલ્લો હતો એટલે શું ખાઈને બોલે?)

અચાનક જો કોઈ મહેમાન આવી ચડતા તો સાસુજી પોતે તો બાવરાં બની જતાં ને મનેયે જ્યાં ને ત્યાં ઠેબે ચડાવતાં. 'પહેલાં પાણી આપી જા, પછી ચા મુકી દે ને નાસ્તાની તૈયારી કરતી થા.' પાણી આપવા જાઉં કે, 'આ લોકોની ચા મૂકજે ને એમ કર – બટાકાપૌંઆ બનાવી કાઢ.' પેલા જેમ જેમ ના કહેતાં જાય તેમ તેમ તેમને આગ્રહ કરીને, નાસ્તો બનાવડાવીને, ખવડાવીને જ મોકલે! વર્ષોથી બધાને બટાકાપૌંઆ ખવડાવી ખવડાવીને હું તો કંટાળેલી એટલે એકાદ વાર જરા ફેરફાર કર્યો તે એમણે વાંકું મોં કરી રીજેક્ટ કર્યો! (આનો અર્થ મારે એવો કરવાનો કે તેઓ જે કહે તે જ બનાવવું.) ખેર, મને બટાકાપૌંઆ સીવાય બીજું કંઈ જ આવડતું નથી એવી છાપ લોકોમાં પડતી તો ભલે પડતી. એમને ત્યાં પણ તેઓ એ જ ખવડાવે છે ને! ( બીચારી, બધાને ત્યાંની વહુઓ!)

મહેમાન રહેવાના હોય તો, સાસુજીનો અડ્ડો રસોડામાં આવી જતો. રોજનાં કામોની સાથે મહેમાનોનાં કામ ભેગાં કરીને એટલી બધી ગુંચવણ ઉભી કરતાં કે મહેમાન એમનાં સગાં હોય તો મને જબરી સમજે ને મારાં સગાં હોય તો સાસુજી જબરાં ગણાય! એ દીવસોમાં એમનાં વા અને કમરનાં દર્દ છુ થઈ જતાં. ગૅસ નીચે ઉતારાવે, મસાલાના ડબ્બા,

રાંધવાનાં વાસણો નીચે ગોઠવાવી, મીની રસોડું બનાવી કાઢે. પછી ઓર્ડરની મશીનગનમાંથી એક એક ગોળી છુટતી જાય. 'ગૅસ ચાલુ કર.. આ જાડી તપેલી ઉપર મુક. બીજી તપેલીમાં થોડું પાણી ગરમ કરવા મુક. જાડી તપેલીમાં થોડું ઘી નાખ. અંદર તજ, લવીંગ, એલચી નાખી હવે અંદર એક વાટકી લાપસી નાંખ. લાવ હું શેકું!' ચાર–પાંચ વાર તવેથાથી હલાવીને 'લે, હવે થોડી વાર તું લાપસી શેક, એમ જ આવડે ને!' (એમ? મેં તો આજે જ લાપસી જોઈ!) મહેમાન આવતાં દેખાયા તો ફરી તવેથો એમના હાથમાં પહોંચી જાય, 'ચાલ, હવે એક વાટકી ખાંડ કાઢ, જો, હવે લાપસી શેકાઈ ગઈ. હવે આટલું પાણી અંદર નાખી દે.'

લાપસી ગૅસ પરથી ( કંટાળીને) નીચે ઉતરે ત્યાં સુધીમાં તો મેં મુક બનીને કેટલીયે વાર લે–મુક, લે–મુક કર્યું હશે! 'લાવ, હવે ભજીયાંનું ખીરું તૈયાર કરી આપું.' બધ્ધો સામાન આપું ત્યારે ખીરું તૈયાર થાય, ને પછી રસોડામાંથી પ્રસ્થાન કરતાં કરતાં પણ સુચનાઓ તો ખરી જ! 'જો, મેં આ દાળ તૈયાર કરી છે તેને ઉકળવા મુકી દે ને પુરી બનાવી નાખ.' પછી ડ્રોઈંગ રુમમાં જઈને, 'હા... શ !' બીચારી વહુ એકલી કેટલુંક કરવાની? મારે સાથે રાખીને એને કેળવવી તો પડે જ ને?' મહેમાનો અહોભાવથી એમને જોઈ રહે અને હું?

મહેમાનોની નજર ચુકવીને અને મારી નજર સામે જ સાસુજી ટેસથી બધું પેટમાં ઓરીને બેઠાં હોય. પછી જમતી વખતે દયા ઉઘરાવે. ‘ મને તો પ્રેશર, હાર્ટવાળું અને પાછો ડાયાબીટીસ! એટલે આ જરાતરા ખાઈ લઉં. હવે આ ઉમ્મરે ખાવામાં શો જીવ વળગાડવો? તબીયત પહેલી.’ (મને તો આ એમની તબીયત પણ હવે તો કોઠે પડી ગયેલી.)

અને છેલ્લે, જ્યારે બધા જમવા બેઠા હોય અને મારા સસરાજી રસોઈના વખાણ કરી કરીને, ખાતાં ખાતાં, ભાર દઈ દઈને બોલતા હોય કે, ‘ દાળ તો તારી બાની!’ કે પછી ‘લાપસી તો તારી બા જેવી કોઈ નહીં બનાવી શકે!’ કે ‘ભજીયાં તો તારી બાનાં જ.’ ત્યારે મને આખા દીવસની મહેનત પર સાસુજીના નામનું રોલર ફરી ગયેલું લાગે. આખો દીવસ રસોડામાં રહેવા છતાંય લાગે કે રસોડાની અસલી રાણી તો મારાં સાસુજી જ છે.

મને થતું, છો બીચારાં ક્રેડીટ લઈ જતાં, દુનીયા પણ જાણે છે કે, એક સફળ સાસુની પાછળ એક કામગરી વહુ જ હોય છે! ( જો કે, મારા સસરાજીની એક કુટેવ – સૌના દેખતા બાનાં વખાણ કરવાની – મારાં સાસુ છોડાવી નહોતાં શક્યાં!

મને નવાઈ એ લાગે છે કે એ કુટેવ એમના દીકરાને કેમ ન પડી?)

–કલ્પના દેસાઈ

લેખીકાનું પુસ્તક 'લપ્પન–છપ્પન' ( પ્રકાશક : હર્ષ પ્રકાશન, 403 – ઓમ્ દર્શન એપાર્ટમેન્ટ, 7 – મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ - 380 007- પ્રથમ આવૃત્તી – 2006, પાન : 152, મુલ્ય : રુપીયા - 60)માંથી પાન પાંચથી નવ પરથી સાભાર..

લેખીકા–સમ્પર્ક :

કલ્પના દેસાઈ, 'ગુલમહોર', ઉચ્છલ - 394 375,

જીલ્લે–સુરત

ફોન – (02628) 231 123

E-Mail - kalpanadesai.in@gmail.com

♦●♦

240 : 25-03-2012

## ગામનો ઉતાર!

–ડૉ. શરીફા વીજળીવાળા

અનુક્રમણીકા

ઘર માથે વીજળી ત્રાટકી હોય ને બધાં મડાં થઈ ગયાં હોય એવી સ્મશાન સમી શાન્તી હતી આખા ઘરમાં! બાપુ ફળીયામાં માથે હાથ દઈને બેઠા હતા. આમ તો અમે ગામથી દુર આવળ, બાવળ, બોરડીના પાડોશમાં રહેનારા...પણ તોય જેમ જેમ ગામમાં ખબર પડતી ગઈ એમ એમ આઘે રે'નારા પણ આંગણામાં ઠલવાતા ગયા. આખું ગામ અમારા ઘરની હાલત જાણે. બાપુ છાપાં વેચવાની ટુંકી આવકમાંથી ઘરના બે છેડા માંડ ભેળા કરતા, ને પાછા અમને ભણાવતાયે ખરા. ૧૯૭૨નું એ વર્ષ... ચોથું પાસ કરીને હું પાંચમામાં ગઈ હતી. હું સોનગઢની નીશાળમાં દાખલ થઈ અને મોટી બહેને મૅટ્રીક પાસ કરી નીશાળ છોડી. એને સણોસરાની લોકભારતી સંસ્થામાં પી.ટી.સી.માં પ્રવેશ મળી ગયો હતો. લોકભારતીમાં છ મહીનાના પૈસા એક સાથે ભરવા પડતા. પાંચ–દસ જણાં પાસેથી ઉછીના–પાછીના કરી બાપુએ ફી તો ભરી દીધેલી. હવે બેત્રણ ખાદીની જોડ્ય ને નાની–

મોટી ચીજવસતનો મેળ પાડીને બાપુ બહેનને મુકવા સણોસરા જાતા'તા.

બસમાં ચડીને ટીકીટ લેવા ગજવામાં હાથ નાખ્યો ઈ ભેળી એમની રાડ્ય ફાટી રહી : 'અરે, મારું ખીસ્સું કાપી ગ્યું કો'ક.' તાણીતુસીને, બે–પાંચ પાંહેથી ઉછીના લઈને બાપુએ માંડ ત્રણસો રુપીયા ભેળા કર્યા'તા. ખીસ્સું કાપનારો બસની ટીકીટ જેટલા પૈસા પણ નો'તો મેલતો ગયો. ઘરમાં માણસ મર્યા જેવું માતમ ફેલાઈ ગયું'તું. માએ તો બસ કુટવાનું જ બાકી રાખેલું, હાથ લાંબો કરી શકે એવાં હૈયાંવાળાંઓનાં ઘરની હાલત અમારા જેવી જ હતી. ઉઘાડો ઉઘાડાને શું રાખ ઢાંકે? બધા ઉભા હતા ફળીયામાં, પુતળાની જેમ. કોણ બોલે ને શું બોલે? રોંઢો થાતામાં તો હજારેકની વસ્તીવાળા આખા ગામમાં ખબર પડી ગઈ. અમને ભણાવવા માટે તુટી મરતાં મારાં માબાપના કારમા સંઘર્ષનું ગામ આખું સાક્ષી હતું. સૌનાં હૈયે સરખી જ અરેરાટી હતી. આમ જુઓ તો ત્રણસો રુપયડી જ ગઈ'તી ને એમ ગણો તો મોટી બહેનના ભણવાની દશ દેવાઈ જતી દેખાતી'તી. (ઈ નો ભણી હોત તો અમારામાંથી કોઈ ભણ્યું હોત કે કેમ એ તો ઉપરવાળો જ જાણે!)

સાંજ પડવા આવી ને ધીરે ધીરે આંગણામાંથી લોક વીખેરાવા માંડ્યું. બપોર તો આ હૈયાહોળીમાં વીતી ગયેલી; પણ રાત પડે પેટ કંઈક માગશે એવું જાણતી મા ચુલા બાજુ વળી. રુંઝ્યું વળવા ટાણું થઈ ગયું'તું. ઝડવઝડ દી' ર'યો'તો. મા આવગુણ્યમાંથી રાખ કાઢી અડાયાનો ઓંબાળ ભરતી'તી ને અમારા ગામમાં સાઈકલ રીપૅરીંગનું કામ કરતા ઓસમાણ ભાઈએ ફળીયામાં પગ દીધો. આમ તો ઈ કાળા પરસેવાની કમાણી ખાનારો માણસ; પણ ક્યારેક છાંટાપાણીની લત ને ગામના ઉતાર જેવા લોકો સાથે એનું ઉઠવું–બેસવું. એટલે ગામમાં કોઈ એની હાર્યે વેવાર નો રાખે.

અચાનક આ માણસને અમારા ફળીયામાં જોઈને નવાઈ તો બધાયને લાગી; પણ આજ આખા દી'માં ફળીયામાં કે દી' પગ નંઈ મેલનારા પણ ખરખરો કરી ગ્યેલા એટલે બાએ ફળીયામાં ખાટલો ઢાળીને બેહાડ્યા. ( આમ પાછા ઓસમાણભાઈ બાનાં એક બહેનપણીના ભાઈ થા'તા એટલે બોલાવવું જરુરી થઈ પડે તો અમે 'મામા' કે'તાં પણ ખરાં!) ખાટલે બેસતાંવેંત લાગલું એણે પુછ્યું : ' ખીસ્સું બસમાં બેઠાં પેલાં કપાણું કે પશી?' આમેય કોઈનામાં માથા ફોડવાની તાકાત રઈ નો'તી. બાપુએ કહ્યું, 'ભાઈ, મને કાંઈ સરત રઈ નથી કે ખીસ્સું ક્યારે કપાયું; પણ બસ નો'તી ઉપડી ન્યાં મને

ખબર પડી એનો અરથ તો એ જ થયો ને કે બસ આવ્યા પેલાં જ કોઈ હાથચાલાકી કરી ગયું હશે?'

ઓસમાણભાઈ કાંઈ બોલ્યા વગર જેવા આવ્યા હતા તેવા વયા ગ્યા. પાણી પણ નો પીધું. બાએ શાક–ખીચડી ને રોટલા કર્યાં ને બધાએ કટકબટક ખાધું. કોઈની આંખ્યુંમાં આજ નીંદર નો'તી. કુદરત સામે બથોડા ભરતા ભરતા બાપુ જાણે થાકી ગયા, ડુકી ગયા હોય એમ હામ હારી બેઠા'તા. 'ખુદા કરે એ સારા માટે જ કરે' એવો એમનો કાયમી તકીયાકલામ આજ હાથતાળી દઈ ગ્યો'તો. બીજો દી' એમ ને એમ ગયો. રાત્યે ફળીયામાં ખાટલા ઢાળી, બધાં નીંદરની ગોત્યે ચડ્યાં'તાં. ન્યાં ઝાંપો ખખડ્યો ને કુતરાં ભસ્યાં. અમે જંગલમાં રે'નારાં... જરાક ખખડાટ ભેળાં બધાં સડાપ દેતાંકને બેઠાં થઈ ગ્યાં. ફાનસની વાટ ચડાવીને જોયું તો ઓસમાણભાઈ...! ' આ ગામનો ઉતાર અટાણે કાં ગુડાણો?' એવા બબડાટ સાથે મા ઉભી થઈ. ઓસમાણભાઈ ઢાળેલા ખાટલે બેઠા. બેસતાંની સાથે જ બાપુના હાથમાં રુપીયા ૨૮૫ મુકી દીધા. ' કાંઈ બોલતા નંઈ... પણ આ જાકુબીના ધંધા કરનારા હંધાયને હું પાક્કા ઓળખું. મને તમારી વાત પરથી ગેડ્ય બેહી ગ્યેલી કે કયો મોરલો કળા કરી ગ્યો હશે... થયો સીહોર (તાલુકો) ભેળો અને તમારું કામ

થઈ ગ્યું. પણ ઈ માદરબખત આમાંથી પંદર રુપીયા વાપરી ગ્યો સે. તમે તો મારા ઘરની હાલત જાણો સો નકર હું આ દીકરીના નામે પંદર રુપયડી ઉમેરીને જ તમને પાછા વાળત; પણ…' ઓસમાણભાઈને ગળે ખખરી બાઝી ગઈ. કાલે ચા–પાણી વગર જતા રહેલા આ ભાઈ, આજે પણ આંખ લુંછતાંક ઉભા થઈને વયા ગ્યા… અમારા બધાની નીતરતી આંખ્યું જોવાની હામ કદાચ ઈ 'ગામના ઉતાર' જેવા આદમીમાં નો'તી!

–ડૉ. શરીફા વીજળીવાળા

તાજેતરમાં જ પ્રકાશીત થયેલા લેખીકાના પુસ્તક 'સમ્બન્ધોનું આકાશ' (કુલ પાન : 71+8; કીમ્મત રુપીયા 80; પ્રકાશક અને પ્રાપ્તીસ્થાન – 'સ્વમાન પ્રકાશન', આલ્ફા ભવન, 12– સુહાસનગર, સેલ્સ ઈન્ડીયાની પાછળ, ઑફ આશ્રમ રોડ, દીનેશ હૉલ રોડના છેડે, સંકલ્પ રેસ્ટોરાંની સામેની ગલીમાં, અમદાવાદ-380 009. ફોન : +91 94276 06956 ઈ-મેઈલ : mdave.swaman@gmail.com )માંથી લેખીકાની પરવાનગીથી સાભાર..

સર્જક–સમ્પર્ક:

Dr. Sharifa Vijliwala,

(Head of Gujarati Department, M.T.B. Arts College, Surat 395001)

Resi. B-402, Vaikunth Park, B/H Bejanwala Complex, Cause-Way Road, Tadwadi,

Surat-395 009

eMail : skvijaliwala@yahoo.com

♦●♦

241 : 08-04-2012

# ગઝલ–ઉર્વીશ

-ઉર્વીશ વસાવડા

અનુક્રમણીકા

.1.

જાતની સાથે જ સોબત થઈ ગઈ,
એકલા રહેવાની આદત થઈ ગઈ.

એક આંસુ કો’કનું લુંછી દીધું,
જો ખુદા કેવી ઈબાદત થઈ ગઈ.

આયના સામે કશા કારણ વગર,
આજ બસ, મારે અદાવત થઈ ગઈ.

શબ્દ ખુલ્લે આમ વહેંચ્યો છે બધે,
કેવડી મોટી સખાવત થઈ ગઈ!

એમણે પીડા વીશે પુછ્યા પછી,
કેટલી પીડામાં રાહત થઈ ગઈ!

કાલ મન ઉજ્જડ હતું પણ આજ તો,
કૈંક સ્મરણોની વસાહત થઈ ગઈ.

.2.

કાચ તુટ્યો એક પથ્થરની કથા પુરી થઈ,
શબ્દ પ્રગટ્યો એક અક્ષરની કથા પુરી થઈ.

ટોડલે બાંધેલ તોરણને ખબર પણ ના પડી,
કેમ? ક્યારે? એક અવસરની કથા પુરી થઈ.

એક ફળ સાથે જ થઈ આરંભ માનવની કથા,
એ ક્ષણે ત્યારે જ ઈશ્વરની કથા પુરી થઈ.

એમણે આવી, સહજ આંસુ લુંછ્યું મારું, પછી
કૈંક પીડા, કૈંક કળતરની કથા પુરી થઈ.

શ્વાસની સાથે વણાઈ છે જીવનની હર પીડા,
શ્વાસની સાથે જ જીવતરની કથા પુરી થઈ.

.3.

આ ચરણને શું થયું છે એ જ સમજાયું નહીં,

બારણાં ખોલ્યાં પછી પણ બહાર નીકળાયું નહીં.

રંગ, પીંછી, કાગળો, ને આંખ સામે એ હતા,
ચીત્ર એનું તે છતાં મારાથી ચીતરાયું નહીં.

ખીણની ધારે ઉભા રહી નામ જે વ્હેતું કર્યું,
છે પ્રતીક્ષા આજ પણ, એ નામ પડઘાયું નહીં.

કૈંક તો ઓછપ હશે આ આપણી પીડા મહીં,
એટલે તો આંસુઓનું પાત્ર છલકાયું નહીં.

પત્રની પહેલી લીટીના સહેજ સંબોધન પછી,
એ અભીવ્યક્તીનું ધોરણ ક્યાંય જળવાયું નહીં.

.4.

ચીત્કાર જેવું કૈંક છે પ્રત્યેક શ્વાસમાં,
ને કમનસીબે કોઈ નથી આસપાસમાં.

વર્ષો વીતી ગયાં, છતાં ન ઓળખી શક્યો,
એવું ફરે છે કોણ આ મારા લીબાસમાં?

સુરજ ડુબી જવાની પ્રતીક્ષા કરો હવે,
ના આગીયાઓ હોય દીવસના ઉજાસમાં.

તથ્યોની આરપાર નીકળવું કઈ રીતે,
ભટક્યા કરે છે કેટલા એની તપાસમાં!

અન્યોને દોષ આપવો કેવી રીતે પછી,
મારો જ હાથ હોય જ્યાં મારા રકાસમાં.

.5.

એ કશું બોલ્યા વગર બેચેન રાખે છે મને,
કો'ક તો મારી ભીતર બેચેન રાખે છે મને.

હું હવે વ્યક્તી મટીને ભીડ છું ને તે છતાં;
ચાંપતી કોઈ નજર બેચેન રાખે છે મને.

એટલે ઉંઘી શક્યો ના હું કદાપી મોજથી,
કાલ ઉઠવાની ફીકર બેચેન રાખે છે મને.

છે દીવાલો ખુબ આઘે ને કદી દેખાય ના,
એક એવું કાચઘર બેચેન રાખે છે મને.

કાફલો મંઝીલ ઉપર પ્હોંચી જશે નક્કી જ છે,
તે છતાં આખી સફર બેચેન રાખે છે મને.

કૈંક તો ચાલ્યું જશે સાવ જ અચાનક દેહથી,
એ હકીકત ઉમ્રભર બેચેન રાખે છે મને.

.6.

સૌ પલળવા બહાર આવો, આ પ્રથમ વરસાદ છે,
વૃક્ષને અનહદ વહાલો, આ પ્રથમ વરસાદ છે.

કેમ મહેંકે છે ધરા પહેલા ટીપાના સ્પર્શથી,
પુછ મા એવા સવાલો, આ પ્રથમ વરસાદ છે.

દેડકો, કોયલ, બપૈયા, સુર છેડે છે ભીના,
રાજવી એનો રસાલો, આ પ્રથમ વરસાદ છે.

જે અભણ હો' એય પણ વાંચી શકે એને સહજ,
નેહ નીતરતી ટપાલો, આ પ્રથમ વરસાદ છે.

આભથી ટપકેલ અમૃત તરબતર કરશે બધું,
તું ભરી પી લે પીયાલો, આ પ્રથમ વરસાદ છે.

.7.

એટલે તો આ ખુણામાં ક્યાંય અંધારું નથી,
તેં ધર્યો દીપક, ભલેને કોડીયું તારું નથી.

ગાલ જેવો હોય છે કોમળ સહારો હર વખત,
કોઈ ટીપું અશ્રુનું ક્યારેય નોધારું નથી.

કેટલાં વ્હાણો સ્મરણનાં આવ–જા કરતાં રહે,
ને છતાં આ મન કંઈ બંદર નથી, બારું નથી.

છે મમત ઘરમાં મને પ્રત્યેક વસ્તુની છતાં;
હું સતત મનને મનાવું છું : કશું મારું નથી.

સાચવી છે કૈંક વાદળની પીડાઓ સામટી,
નીર દરીયાનું અકારણ આટલું ખારું નથી.

.8.

બધાની આંખ આગળથી અમે નીકળી જવાના
અગર જો રોકશો, છળથી અમે નીકળી જવાના.

તમારી ભુલ છે કે મત્સ્ય માની જાળ નાખી

બનીને બુદબુદા, જળથી અમે નીકળી જવાના.

કરીને લાખ કોશીશ કેદ ના થઈશું કદી પણ
ઉઘાડી બારણાં, કળથી અમે નીકળી જવાના.

ગતી ખુશબુ સમી છે ઉર્ધ્વગામી એટલે તો
પવન સંગાથ, ભુતળથી અમે નીકળી જવાના.

અમારી જાત શબ્દોની નહીં, સ્વરની બની છે
હશું કંઠે, જો કાગળથી અમે નીકળી જવાના.

.9.

મને પ્રત્યેક ગમતી ક્ષણ ગઝલમાં લઈને આવ્યો છું,
ઘણી વાતો તમારી પણ, ગઝલમાં લઈને આવ્યો છું.

સતત ચાહી છે કુદરતને પુરી નીષ્ઠાથી જીવનમાં,
નદી, પર્વત ને તપતું રણ, ગઝલમાં લઈને આવ્યો છું.

શીલાલેખો, ગીરી ગીરનાર, દામોકુંડ, કેદારો
જુનાગઢની ધરાના કણ, ગઝલમાં લઇને આવ્યો છું.

સમજપુર્વક હકીકતને જુદી, આભાસથી પાડી
અરીસામાં પ્રગટતો જણ, ગઝલમાં લઇને આવ્યો છું.

નથી મારી ખુબી એમાં, લખાવે છે કૃપા એની,
સતત એ વાતની સમજણ, ગઝલમાં લઇને આવ્યો છું.

.10.

માર્ગ રચનારા બધાનો અંત દેખાશે તને,
સ્હેજ ધીરજ ધર સફરનો અંત દેખાશે તને.

દૃશ્ય ને દ્રષ્ટાની વચ્ચેનો ભેદ સમજી લે પ્રથમ,
દૃશ્ય સઘળાં પછી જીવંત દેખાશે તને.

તું હકારાત્મક નજરથી મળ, મળે તું જેમને,
શક્ય છે પ્રત્યેક જણમાં સંત દેખાશે તને.

વાત મારી લાગણીની હું નથી કરતો છતાં;
તું ગઝલ મારી સમજ સાદ્યાંત દેખાશે તને.

એ અગર આંખોની સામે હોય ના તો શું થયું?
કર સ્મરણ એનું તો મુર્તીમંત  દેખાશે તને.

.11.

## કવીના મૃત્યુ પર યમરાજાનો સંદેશ

કવીના ગામ મધ્યે જઈ, કવીના પ્રાણ લઈ આવો,
કવન અકબંધ રહેવા દઈ, કવીના પ્રાણ લઈ આવો.

ફુલોથી પણ વધુ નાજુક કવીનું ઘર છે સમજીને,
સુકોમળ ઓસ જેવા થઈ, કવીના પ્રાણ લઈ આવો.
પડે વીક્ષેપ ના સ્હેજે કવીની ગાઢ નીદ્રામાં,
ચરણને મૌન રહેવા કહી, કવીના પ્રાણ લઈ આવો.

પ્રતીક્ષારત હશે શબ્દો જવા ઘરમાં ગરીમાથી,
અદબથી સાથ એના રહી, કવીના પ્રાણ લઈ આવો.
ખજાનો છે ખરેખર સ્વર્ગ માટે પણ મહામુલો,
જતનપુર્વક ને સાવધ રહી, કવીના પ્રાણ લઈ આવો.

કલમ હો હાથમાં તો બે ઘડી દ્વારે ઉભા રહેજો,
રજા મા શારદાની લઈ, કવીના પ્રાણ લઈ આવો.

.12.

એ તરફ રસ્તા હવે વળતા નથી,

આપણે બસ, એટલે મળતા નથી.

આયનાના છે ઉપાસક આ બધા,
સુર્ય માફક રોજ ઝળહળતા નથી.

એક દરીયો આપણી અંદર વહે,
ઝાંઝવાં વચ્ચેય ટળવળતાં નથી.

આંખ અજવાળામાં ઉઘડી ગઈ, અખા!
કોદરા તલમાં હવે ભળતા નથી.

આઠમો સુર જેમણે સાધી લીધો,
એ ષડ્જ ગંધાર સાંભળતા નથી.

*ઉર્વીશ વસાવડા*

કવી–સમ્પર્ક:

આશીર્વાદ એક્સ–રે ક્લીનીક, ચીતાખાના ચોક, જુનાગઢ – ૩૬૨ ૦૦૧

ફોન – (0285) 267 1641 મોબાઈલ – 98242 95259

Email: urvishju@gmail.com

કવી–સર્જન:

1. 'ટહુકાનાં વન' ગઝલસંગ્રહ, પ્રથમ આવૃત્તી–2006, પ્રકાશક: વનરાજ પટેલ, મીડીયા પબ્લીકેશન, 103-4, મંગલમુર્તી , કાળવાચોક, જુનાગઢ, મૂલ્ય રૂ. 100

2. 'પુષ્પનો પગરવ' ગઝલસંગ્રહ, પ્રથમ આવૃત્તી–2011, પ્રકાશક: વનરાજ પટેલ, મીડીયા પબ્લીકેશન, 103-4, મંગલમુર્તી, કાળવાચોક, જુનાગઢ, મૂલ્ય રૂ. 100

3. 'ગિરનાર સાદ પાડે' તથા 'ઉત્તંક' દીર્ઘ કાવ્યોનો સંગ્રહ, પ્રથમ આવૃત્તી–2011, પ્રકાશક: વનરાજ પટેલ, મીડીયા પબ્લીકેશન, 103-4, મંગલમુર્તી, કાળવાચોક, જુનાગઢ, મૂલ્ય રૂ. 80

4. 'નાનીલુ' તેલુગુ કાવ્યોનો અનુવાદ, પ્રથમ આવૃત્તી–2011, પ્રકાશક: વનરાજ પટેલ, મીડીયા પબ્લીકેશન, 103-4, મંગલમુર્તી, કાળવાચોક, જુનાગઢ, મૂલ્ય રૂ. 60

@@@

242 : 22-04-2012

# સીત્તેર વર્ષની ઉમ્મરે...

–ડૉ. શશીકાન્ત શાહ

અનુક્રમણીકા

## સીત્તેર વર્ષની ઉમ્મરે જો ચાળીસની અનુભુતી કરવી હોય તો, જીન્દગી શી રીતે જીવવી જોઈએ?

નવસારીના વરીષ્ઠ નાગરીકોનું મંડળ ખુબ સક્રીય રહીને અનેકવીધ પ્રવૃત્તીઓ કરે છે. નવસારીના સાપ્તાહીકપત્રના તંત્રી શ્રી સુરેશ દેસાઈ, બૅન્કના નીવૃત્ત અધીકારી શ્રી પરભુભાઈ મીસ્ત્રી, શ્રી દીલીપભાઈ જાની અને શ્રી કૃષ્ણકાન્ત વાની જેવા અન્ય વીચારશીલ મીત્રોના નીમન્ત્રણથી, 'ફીલ ફોર્ટી એટ સેવન્ટી' એ વીષય પર સમુહચીન્તન કરવાની ને મને વ્યાખ્યાન આપવાની તક પ્રાપ્ત થઈ. યુરોપના દેશોમાં તથા કૅનેડા અને અમેરીકામાં ઘણાં સ્ત્રી–પુરુષો આવાં છે જેમણે સીત્તેરની ઉમ્મર વટાવી દીધી છે; પરન્તુ તેઓ ચહેરા ઉપરથી અને શરીર પરથી ચાળીસ–પચાસનાં હોય એવાં લાગે. એમને મળો ત્યારે ચહેરા પર સ્મીત હોય, શરીરમાં તાજગી હોય અને પ્રત્યેક વર્તન–

વ્યવહારમાં ઉત્સાહ–ઉમંગ વર્તાતાં હોય. કેટલાંક તો શરીરમાંથી સતત વીજળીનો પ્રવાહ વહેતો હોય એ રીતે અક્ષરસ: જમ્પીંગ કરતાં નજરે પડે! તેઓ એટલી તેજ ગતીથી ચાલતાં હોય છે કે જાણે દોડતાં હોય તેવું લાગે! ત્રીજા–ચોથા માળે જવા માટે તેઓ કદી એલીવેટર(લીફ્ટ)નો ઉપયોગ ન કરે, ઝડપથી પગથીયાં ચડી જવાનું જ પસંદ કરે.

જીન્દગીમાં સફળ થયેલા માણસો અને સમૃદ્ધ બનેલા માણસોનો મેં અભ્યાસ કર્યો છે. તેઓ હમ્મેશાં છટાદાર રીતે, મોહી પડાય તેવી અદાથી, ઝડપભેર ચાલતા દેખાયા છે; ચહેરા પર તેજ અને સ્મીત હોય, શરીર ટટ્ટાર અને થંભ્યા વગરની તેજ ગતીની ચાલ એ એમની ઓળખ. આ બધું ક્યાંથી આવી મળે છે? જીન્દગીના સાત–આઠ દાયકા વટાવી લીધા પછી પણ  ચૈતન્યવન્તું શરીર અને વર્તન–વ્યવહારમાં યુવાનીનો અહેસાસ એ કોઈ આકસ્મીક બનતી ઘટના નથી; માણસના આયોજનપુર્વકના જીવનનું એ પરીણામ છે. પોતાના દ્વારા અપાતા પ્રત્યેક પ્રતીભાવથી માણસ જાગૃત રહે છે, સચેત રહે છે અને સાવધાન રહે છે ત્યારે આ પ્રકારનું ચીરયૌવન પ્રાપ્ત થાય છે.

માણસ અકાળે વૃદ્ધ ક્યારે બને છે? એ મનથી દુ:ખી રહેતો હોય, મનમાં બળતો રહેતો હોય, બીજાના પ્રમાણપત્રો પર જીવતો હોય, મફતનું ખાવાનો શોખીન હોય, કોઈનું હરામનું પડાવી લેવાની દાનત ધરાવતો હોય, શેતાનવૃત્તીનો હોય, બીજાને પીડા પહોંચાડીને રાક્ષસી આનન્દ મેળવતો હોય તો ઉમ્મરના પ્રમાણમાં તે જલદી વૃદ્ધ થઈ જાય છે. સીત્તરની વયે પણ ચાલીસના રહેવું હોય તો પોતાનો આનંદ, પોતાનું સુખ બીજાના હાથોમાં ન સોંપાય. દામ્પત્ય જીવનમાં પણ આ વાત ખુબ મહત્ત્વની છે. પતી–પત્ની બન્નેને પોતાની રીતે જીવવાની સ્વતન્ત્રતા હોવી જોઈએ – સાંઠ  વરસની ઉમ્મરે તો ખાસ! પતીને દસ વાગ્યે ઉઠવાનું ગમે છે; એને શાન્તીથી ઉંઘવા દો. પત્નીને રાત્રે અગીયાર સુધી જુદી જુદી સીરીયલો જોવાનો શોખ છે; ભલે જુએ. કોઈને બાપુની કથા સાંભળવા જવું છે; જાય. પતીને નથી આવવું; ખુશીથી ઘરે ઉંઘ ખેંચે!

આપણા સમાજોમાં પતીપત્ની વચ્ચે મીત્રતાનો સમ્બન્ધ નથી હોતો; માલીક અને ગુલામનો રીશ્તો હોય છે. એંશી ટકા કીસ્સાઓમાં 'મૅડમ'નું રાજ ચાલે છે, બાકીનાં વીસેક ટકા પરીવારોમાં પુરુષનો હુકમ પત્નીએ સાંભળવાનો રહે છે. આવું બને ત્યારે બન્નેની ઉમ્મરમાં દસ વરસ ઉમેરાઈ જાય છે. જ્યાં નીર્ભયતા હોય, જીવન પોતાની રીતે જીવવાની

સ્વતન્ત્રતા હોય ત્યાં તન અને મન સ્વસ્થ અને પ્રસન્ન રહે છે અને સીત્તેરની ઉમ્મરે ચાળીસની અનુભુતી થઈ શકે. પત્નીના ભયથી પતી ફફડતો હોય કે પતીના ત્રાસથી પત્ની સતત માનસીક યાતના ભોગવતી હોય તો વૃદ્ધત્વ જલદી આવે છે. અહીં પોતાની રીતે જીવવાનો અર્થ એટલે ‘જાતીય સ્વચ્છંદતા’ એવો હરગીજ નથી. પતીને ચોથી વખત ચા પીવાની ઈચ્છા થાય તો પત્નીનો ગુસ્સો ન સાંભળવો પડે, સાંજે રસોઈ બનાવવાનો પત્નીનો મુડ નથી તો પતી પ્રેમથી એ માટે સમ્મતી આપે છે. પતીપત્નીના ગમા–અણગમા અલગ અલગ હોઈ શકે છે અને બન્નેને પોતાને ગમતી પદ્ધતીએ જીન્દગી જીવવાની છુટ મળવી જોઈએ.

પોતાને મનપસંદ ની:સ્વાર્થ સમાજસેવાની પ્રવૃત્તીમાં થોડાક કલાક સમર્પીત કરવા એ સીત્તરની ઉમ્મરે પણ યુવાન રહેવાનો શ્રેષ્ઠ ઉપાય છે. માણસ સીત્તેરમાં વર્ષે પણ ધન કમાવા માટે કે સત્તા ટકાવી રાખવા માટે કુતરાની જેમ દોડતો હોય તો એના ચહેરા પર તેજ ક્યાંથી જોવા મળે? તમે સીત્તેર–પંચોતેર વર્ષની ઉમ્મરના પ્રધાનનો ચહેરો ધ્યાનથી તપાસજો. એ તમને નેવુંનો હોય તેવો દેખાશે. કારણ સ્પષ્ટ છે; એણે સત્તામાં ટકી રહેવાનું છે. સંઘર્ષ કરવાનો છે, વીરોધીઓ વચ્ચે જીવવાનું છે; મુખ્યમંત્રીને,

પ્રજાને જવાબો આપવાના છે, પત્રકારોનો સામનો કરવાનો છે. એના મનને શાન્તી ક્યાંથી હોય? એ પંચોતેરની વયે ચાળીસનો ક્યાંથી દેખાય?

જેઓ નીરન્તર યુવાન રહેવા ઈચ્છતા હોય તેમણે બીજાઓના અભીપ્રાયને બીનજરુરી મહત્ત્વ ન આપવું જોઈએ. એક પાંસેઠ વર્ષના વીધુર પુરુષે પુનર્લગ્ન કરવાનો નીર્ણય કર્યો. છપ્પન વર્ષની એક વીધવાબહેન જોડે એમનો મનમેળ થયો અને લગ્ન નક્કી થઈ ગયાં. સ્ત્રીના પચીસ વર્ષના પુત્રે અને પુત્રવધુએ ખુશીથી સમ્મતી આપી; પરન્તુ પુરુષને પુત્રની મંજુરી  ન મળી ને તીવ્ર ઝઘડો થયો. સમાજના લોકોએ પણ ટીકા–નીન્દા કરવા માંડી. પાંસઠ વર્ષનો એ માણસ થોડાક મહીના પર ચાળીસ–પીસ્તાળીસનો લાગતો હતો તે અચાનક સીત્તર વર્ષનો વૃદ્ધ બની ગયો! મેં કારણ પુછ્યું ત્યારે રડતાં રડતાં કહે છે, ‘બધી દીશાઓમાંથી વીરોધ શરુ થયો છે. આગળ વધાય એમ લાગતું નથી. હું ભાંગી પડ્યો છું.’ મેં બાજી સમ્ભાળી લીધી અને કહ્યું, ‘ કોઈના વીરોધને કે અભીપ્રાયને ધ્યાનમાં લેવાની જરુર નથી. હું તમારી પડખે છું. નીરાશા ખંખેરી નાખો અને લીધેલા નીર્ણયને હીમ્મતપુર્વક વળગી રહો.’ પન્દર દીવસમાં બધું પતી ગયું. નીન્દા–ટીકા કરનારાઓ પણ બધા શાન્ત થઈ

ગયા. સીત્તેરની વયનો લાગતો એ પુરુષ ચાળીસનો દેખાવા લાગ્યો! આપણું જીવન આપણે જીવવાનું છે. કોઈ શું કહે છે તે વાતને મહત્ત્વ આપવાની જરુર શી છે? ઘરમાં બેસીને આખો દીવસ બીજાની નીન્દા–ટીકામાં રચ્યાંપચ્યાં રહેતાં પતી–પત્ની અકાળે વૃદ્ધ થઈ જાય છે.

અમારા ‘જ્યોતીન્દ્ર દવે ગાર્ડન’માં મોર્નીંગ વૉકમાં મળી ગયેલા, ઉમ્મરે વૃદ્ધ ગણાય એવાં, અનુક્રમે બોત્તેર અને છોત્તેર વર્ષનાં યુવાન પત્ની તથા પતી મને કહે, ‘ અમે પચાસ–પંચાવનના દેખાઈએ છીએ તેનું રહસ્ય એ છે કે, ‘અમને રીડીંગનો તીવ્ર ક્રેઈઝ છે. સુરેશ દલાલ, કૃષ્ણ દવે, વીનોદ જોશી, રમેશ પારેખ અને ‘મરીઝ’ અમારા અતીપ્રીય સર્જકો. ‘ લેપટોપ’ની મદદથી રોજ બે કલાક એમની કવીતાઓને મન ભરીને માણીએ. રાત્રે નવથી અગીયાર ‘લેપટોપ’ પરથી સુરીલી કવીતાઓને સંગીતના સુરો વચ્ચે આંખોની મદીરા પીતાં પીતાં સાંભળીએ અને ડોલતાં રહીએ. સાંજે જમવાનું ખુબ ઓછું; પરન્તુ મસાલાવાળી ચા રાત્રે અચુક પીવાની! અમે આપનાં પ્રવચનોમાંથી શીખ્યાં કે ઘરમાં ગેરહાજર માણસની વાત કદી કરવાની નહીં, કોઈની નીન્દા–ટીકા તો બીલકુલ નહીં. અઠવાડીયે એકાદ વાર અમારા દમ્પતીમીત્રોમાંના એકાદ અમારે ત્યાં જમવા આવે અને

અમારે એમને ત્યાં જમવાનું. દર ત્રણચાર મહીને એક અઠવાડીયાનો બહારનો પ્રવાસ. બસ, મઝા જ મઝા! આનન્દ જ આનન્દ! ચીન્તા કે વીષાદને અમે અમારી તરફ ફરકવા દઈએ તો વૃદ્ધ થઈએ ને? છેલ્લાં દસ વરસથી અમારી ઉમ્મર જ વધતી અટકી ગઈ છે!'

પતીપત્ની વચ્ચે મનમાં ઉદ્વેગ જન્મે, નફરત જન્મે એવો ઝઘડો ન થતો હોય ત્યારે, રાત્રે ભોજન લેવાને બદલે ફ્રુટ્સથી ચલાવી લેવાની આદત કેળવી હોય ત્યારે, રોજ સવારે ત્રીસથી ચાળીસ મીનીટ મોર્નીંગ વૉક કે પન્દરવીસ મીનીટ યોગ અને પ્રાણાયામનું વ્યસન વળગ્યું હોય ત્યારે, ગીત–સંગીત અને પસન્દગીના બેત્રણ મીત્રો ( કહેવાતા મીત્રોનું ટોળું નહીં) વચ્ચે જીવવાની અને મહેફીલ જમાવવાની ટેવ પડી ગઈ હોય ત્યારે, બીજાનાં સુખ–સમૃદ્ધી જોઈને ઈર્ષ્યાની આગ હૃદયમાં ન જલતી હોય ત્યારે સીત્તેરની ઉમ્મર ઘટીને ચાળીસની થઈ જાય છે.

જેમણે સદા યુવાન રહેવું છે એમણે ઘરમાં નીષ્ક્રીય થઈને પડ્યા રહેવાથી બચવું જોઈએ. ઘરમાં ગોંધાઈને પડ્યા રહેવું એ ડીપ્રેશનનું એક મહત્ત્વનું કારણ છે. અ–કારણ બહાર નીકળી પડો, બાગબગીચામાં ફરો, સાંઠ–સીત્તેરની વયે સાંઠ–

સીત્તેરના દાયકાનાં સદાબહાર ગીતો હોઠ પર ગુંજતાં રાખો. મહમ્મદ રફીનો અવાજ અને શમ્મીકપુરની અદા કે પછી મુકેશના સ્વરમાં રાજકપુરની લાજવાબ અદાઓ યાદગાર બનેલાં ગીતોને લલકારતા રહો... વૃદ્ધત્વ ભુલથીયે તમારી તરફ ફરકે તો જવાબદારી મારી! ખરેખર, વૃદ્ધત્વ એ ઉમ્મરની નહીં; વૃત્તી અને જીવનશૈલીની ફલશ્રુતી છે.

મેઘધનુષ

રક્ત રોકીને તને મારગ દઉં,
આવ તો વ્હેલા બધી રગરગ દઉં;
આ સતત લખવાનો આશય એ જ કે,
સ્વપ્ન જેવું જ કંઈ લગભગ દઉં.

–મનોજ ખંડેરીયા

–ડૉ. શશીકાન્ત શાહ

સુરતના દૈનીક 'ગુજરાતમીત્ર'માં દર બુધવારે વર્ષોથી પ્રકાશીત થતી જીવનઘડતરની એમની લોકપ્રીય કટાર 'માણસ નામે ક્ષીતીજ'માંથી ( તા. 16મી નવેમ્બર, 2011ના અંકમાંથી) ગુજરાતમીત્ર અને લેખકશ્રી. શશીકાન્તભાઈની પરવાનગીથી સાભાર...

@@@

243 : 06-05-2012

# માને માટે પડકાર

–ડૉ. ઉર્મીલા શાહ

અનુક્રમણીકા

'બહેન! આ શ્રીરાજ તો જુઓ, ક્લાસમાં આ રમકડાં રમતો હતો અને એટલે બહેને તમારી પાસે મોકલ્યો છે.'

'શ્રીરાજ, શું લાવ્યો છે મને જોવા દે તો બેટા!' પણ શ્રીરાજ તો ચુપચાપ , ન બોલે કે ન ચાલે. અરે, હાલે પણ નહીં, એકદમ સજ્જડ થઈને ઉભો હતો અને હાથની કઠ્ઠણ મુઠ્ઠી વાળેલી! માંડ માંડ ઉઠીને એની પાસે જઈને મુઠ્ઠી ખોલાવી તો એમાં બંદુકમાંથી છોડવાની ત્રણ ચકરડીઓ જેવું કંઈક હતું. ને બંદુક પેલા છોકરા પાસે હતી જે ફરીયાદ કરવા આવેલો. હજી તો માંડ બીજા ધોરણમાં ભણતો હશે. એની ઉમ્મરેય શું? રમવાનું મન તો થાય જ ને! અને મનેય દયા આવી ગઈ. આવડાં છોકરાં તો એવાં વહાલાં લાગે ને આમ એમને માટે ફરીયાદ આવે ત્યારે મને વહાલથી તેની સાથે વાતો કરીને એના હૃદયની વાતો જાણવાનું ખાસ ગમે. એટલે મેં શ્રીરાજને મારી પાસે બોલાવ્યો. વહાલથી માથે હાથ ફેરવ્યો, ને પુછ્યું, ' બેટા! તું આ બધું લઈને કેમ સ્કુલમાં આવ્યો છે? સ્કુલમાં તો ભણવા આવવાનું હોય, નોટ–ચોપડી

લાવવાની હોય. કંઈ રમકડાં લઈને અવાય? તને મમ્મીએ ના ન પાડી?

'બહેન! રીસેસમાં મારે રમવું ન હોય? મને ઢીશુમ્ ઢીશુમ્ રમવું બહુ ગમે.'

'પણ મમ્મીએ,  તને આવું બધું લઈને આવવાની 'ના' ન કહી?'

'બહેન, મમ્મીને ખબર જ ક્યાં છે?'

સાવ ભોળાભાવે બાળસહજ નીર્દોષતાથી તેણે બધી વાત કરી અને મને સાચે જ તેની પર વહાલ આવ્યું. છોકરાંઓ રમે, ખરેખર તો એમને એમનું બાળપણ માણવાની આ ઉમ્મર છે ત્યારે આપણે એમને અગીયારથી પાંચ જેવા છ કલાકના લાંબા ગાળા સુધી ગોંધી રાખીએ છીએ. એને કંટાળો ન આવે? એને અકળામણ ન થાય? અને એટલે એનેય કંઈ રમવાનું તો મન થાય ને! બાળક જ રમશે ને! કંઈ આપણે થોડા રમવાના છીએ! પણ વાંધો એની ગન સામે છે. એના રમવા સામે નથી.

મેં એને પુછ્યું, 'બેટા શ્રીરાજ, તમે લોકો પકડદાવ, સાતતાળી, ખો એવું બધું નથી રમતાં? એવું રમવાની તો કેવી મઝા આવે! અને એ રમવા માટે પાછાં ઘરેથી કશાં

રમકડાં પણ લાવવાં નહીં પડે... આપણે તો આવડું મોટું મેદાન છે. તમે લોકો એવું કેમ નથી રમતાં?'

'બહેન, એ શું? અમને તો એવી કંઈ ખબર નથી. અમે તો 'ઢીશુમ્ ઢીશુમ્' જ રમીએ છીએ, એવી મઝા આવે છે...!'

અને મને આજની આ ઉગતી પેઢી માટે હૃદયમાં કરુણા ઉપજી. શી દશા થઈ છે બીચારાં આજનાં ઉગતાં આ નાદાન–નીર્દોષ ભુલકાંઓની! સઢ વીનાનાં વહાણ જેવી દશા છે એમની... ચારે બાજુથી ટીવી અને બીનસંસ્કારીતાના એવાં પ્રદુષણમાં તેઓ ઉછરી રહ્યાં છે કે ક્યારેક તો મનમાં ચીંતા થાય છે કે આ લોકોનું ભવીષ્યમાં થશે શું?

પહેલાં તો દરેક ઘરમાં દાદા–દાદી હોય, સાંજ પડે એટલે વાળુ કર્યા પછી છોકરાંઓને પોતાની પાસે બેસાડી ચારીત્ર્યઘડતરની વાતો થાય. સંસ્કારનું ઘડતર થાય તેવી વાર્તાઓ કરે, એટલે છોકરાંઓને પ્રેમ મળે, હુંફ મળે. વડીલો સાથે વીવેકથી વર્તતાં અને બોલતાં આવડે. એમનાં હૃદયને હાશ મળતી; પણ હવે તો દાદા–દાદી આજનાં કેટલાં ઘરોમાં રહ્યાં છે? મા–બાપને સાચવવાં એ આજના યુવાનોને બોજારુપ લાગે છે, 'એ કોણ વડીલોની વેઠ કરે? આપણે આપણાં કામ ન હોય! અને એમની સગવડો સાચવવી એ કંઈ સહેલું કામ

છે! આપણે તે આપણી નોકરી સંભાળીએ, ઘર સંભાળીએ, છોકરાં સાચવીએ કે પછી એમની આળપંપાળ કરીએ! એકલાં હોઈએ તો ચીન્તા તો નહીં, મન થાય તો રાંધીએ ને નહીં તો એક વસ્તુય કરીને ચલાવી લઈએ. અરે! બહાર જઈનેયે ખાઈ લેવાય; પણ ઘરમાં વડીલો હોય તો સત્તર વાર વીચાર કરવો પડે, એમને શું ફાવશે, શું માફક આવશે – એ બધી પળોજણ કોણ કરે?'

અને એટલે જ આજે બધાં ઘરોમાં નહીં; તોયે મોટા ભાગનાં ઘરોમાં વડીલોની ખોટ વર્તાય છે. વળી, કુટુમ્બનીયોજન પણ ખરું જ. એટલે ઘરમાં એક કે બે જ બાળકો હોય. એટલે એમને કોઈની સાથે હળીમળીને, સહભાગીદારીથી જીવવાના પાઠ જ મળતા બન્ધ થઈ ગયા છે. અરે! પેલો મીરાજ, રોજ એની ફરીયાદ આવે : 'બહેન, મીરાજ અમને બહુ મારે છે.' એક દીવસ તો એનો ગુસ્સો એવો ગયો કે એની બાજુના છોકરાના વાળ પકડી એનું માથું જોરથી ભીંત સાથે અફાળ્યું. બીચારા સ્મીતને તો નાકમાંથી લોહી નીકળવા માંડ્યું...! બીજા ધોરણમાં ભણતા મીરાજને આવો ગુસ્સો ચડે! એનાં મમ્મીને બોલાવ્યાં ને કહ્યું, 'બહેન, મીરાજની બધાને મારવાની ફરીયાદ તો છે જ; પણ આજે તો પેલા સ્મીતને તેણે ભીંત સાથે એવો પછાડ્યો છે કે એને

વહેતું લોહી બન્ધ થતું નથી. એનાં માબાપને મારે શો જવાબ આપવો?' ત્યાં તો મીરાજનાં મમ્મીની મીરાજના બચાવપક્ષની દલીલો શરુ થઈ ગઈ. 'બહેન, મીરાજ મારે છે, મારે છે તમે કહો છો; પણ મીરાજને બધા શું કરે છે તે તમે કેમ નથી જોતાં? એને કોઈ છંછેડશે તો એ તો સામો મરશે જ, એ સહન નહીં કરે.'

અને મને એ મા માટે આશ્ચર્ય થયું! મેં કહ્યું : 'બહેન, તમને તો આ એક મીરાજ જ છે. એને ઘરમાં તો એકલા રહેવાનું છે. એટલે એને ઘરમાં તો તકલીફ પડતી જ નથી; પણ સ્કુલમાં તો અનેક બાળકો હોય. કોઈનો હાથ વાગે તો કોઈનો પગ વાગી જાય. બધાં સાથે હળીમળીને જીવતાં તો શીખવું જ જોઈશે ને! અને તમે કહો છો કે એને કોઈ છંછેડશે તો એ તો મારશે જ! બહેન, એના દેખતાં જ તમે એનામાં રહેલી આ ઉણપનો બચાવ કરી એનામાં રહેલી આક્રમકતાને પ્રોત્સાહીત કરો છો. ભવીષ્યમાં એ સમાજમાં રહેશે કેવી રીતે? સૌની સાથે હળીમળીને રહેતા તો એણે શીખવું જ પડશે ને? બહેન, એ માટે તો તમારે ખુબ ધ્યાન રાખવું પડશે. એનું ઘડતર કરવું પડશે. પરીક્ષામાં માર્ક્સ કદાચ ઓછા આવશે તો હજીયે ચાલશે; પણ સમાજમાં સૌની સાથે હળીમળીને રહેતાં નહીં શીખે તો એ ક્યાંયનો નહીં રહે, બહેન!'

www.gujaratilexicon.com

'અરે બહેન, હું તો હવે એનાથી એવી થાકી ગઈ છું! એના પપ્પા તો એને ઘણોયે મારે છે; પણ સુધરે તો ને! હું તો તેને ટીવી પર ખાલી કાર્ટુન જ જોવા દઉં છું; પણ એને ક્યાં કશી અસર જ છે!'

અને મને મીરાજની આક્રમકતાનું ખરું કારણ જડી ગયું. ઘેર પપ્પાનો માર ખાતો મીરાજ એના મનની અકળામણ, મનનો ગુસ્સો ક્યાં કાઢે? બાળકને માબાપ પાસેથી પ્રેમ જોઈએ, સ્વીકાર્યતા જોઈએ, સહીસલામતી જોઈએ, સહભાગીદારી જોઈએ. એને બદલે ઘરમાં તે સાવ એકલું. એને રમવું હોય તો એને સાથીદાર કોણ! કોઈ જ નહીં ને! પણ સ્કુલમાં આવે એટલે સાથીદાર તો એક કહેતાં અનેક મળે; પણ એકલા રહેવા ટેવાયો હોય એટલે કોઈનો હાથ કે પગ અડે તે સહન ન કરી શકે. અણગમતું કંઈ પણ બને એટલે જેમ પપ્પા એને મારે છે તેમ એ પણ બીજા છોકરાઓને મારવા મંડી પડે..! એમાં વળી ટીવીનાં દૃશ્યોથી એને એવા વર્તન માટે પ્રોત્સાહન મળે. 'બાળક આપણે કહીએ તેમ નહીં; આપણે કરીએ તેમ કરે છે.' તેની સાથે આપણે જેવું વર્તન કરીએ છીએ તેનો જ પડઘો તેના વર્તનમાં અચુક પડે છે. એમાં વળી, ટીવીમાંયે હમ્મેશાં આવાં ઉશ્કેરતાં જ દૃશ્યો! કહેવાય ફક્ત કાર્ટુન જ. આપણે એમ માનીએ કે

નાનાં બાળકો માટે તો એ નીર્દોષ છે; પણ એના સંવાદોની ભાષામાં, અવાજમાં, ક્યાંય વીવેક કે વીનય દેખાય છે ખરાં! નરી દાદાગીરી, નરી મારામારી... જાણે આતંકવાદ જ જોઈ લો. બાળક સતત આ જ જોતું હોય તો એ નમ્રતાભર્યું...વીનયભર્યું વર્તન શીખેય ક્યાંથી!

આવા ઘેરા પ્રદુષણમાં ઉછરતાં બાળકને આપણે આવી આતંકવાદી મનોવૃત્તીમાંથી ઉગારવો એ સહેલું કામ નથી. એને માટે તો દરેક માએ ધીરજ કેળવવી પડશે. પળેપળ બાળક સાથે તન્મય થઈને જીવવું પડશે. એને ટીવી જોવાનું પ્રલોભન પણ ન થાય એટલા વહાલથી દરેક માએ પોતાની સાથે એને ઓતપ્રોત કરવો પડશે. મા માટે આ એક પડકાર છે. કાદવમાંથી કમળ ઉગાડવું સહેલું નથી; પરન્તુ એ પણ શક્ય તો છે જ, તે કેમ ભુલાય!

–ડૉ. ઉર્મીલા શાહ

ફેબ્રુઆરી -2012ના ‘નુતન બાલશીક્ષણ સંઘ’, (લાલબહાદુર શાસ્ત્રી વીદ્યાલય, હરણી રોડ, વડોદરા–390 022,)ના માસીક મુખપત્ર ‘બાલમુર્તી’ (વાર્ષીક લવાજમ રુપીયા 100)માંથી.. લેખીકાબહેનનાં સૌજન્ય અને સમ્મતીથી સાભાર..

આ લેખ લેખીકાનું પુસ્તક ‘સન્તાનનું ઘડતર–એક સાધના’(પ્રકાશક : ‘ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય’, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - 380 001; પ્રથમ આવૃત્તી: 2008, પુનર્મુદ્રણ - 2011; પૃષ્ઠસંખ્યા -200; મુલ્ય– રુપીયા 110)માંથી તેમણે લીધો હતો..

લેખીકા–સમ્પર્ક:

ડૉ. ઉર્મીલા ગૌતમ શાહ, 25–પાર્થ બંગલોઝ, કર્ણાવતી ક્લબ સામે, સરખેજ–ગાંધીનગર હાઈ–વે, અમદાવાદ–3800 015 ફોન : 079-2692 9700/079-2692 8003 મોબાઈલ : 99792 30404 ઈ–મેઈલ : urmigsha@gmail.com

@@@

244 : 20-05-2012

# અછાંદસ

–એષા દાદાવાળા

અનુક્રમણીકા

## અનુભુતી

કોઈ માના પેટમાં,

બચ્ચું સળવળે,

એમ જ

ડાળી પર પાંદડાંઓ

હળવેકથી હાલે

ત્યારે

ઝાડને શું થતું હશે?!

★ ★

## ગર્ભપાત

એ રાત્રે

આંખો અને પાંપણો વચ્ચે

સફળ સંસર્ગ થયેલો.

અને આંખોને ગર્ભ રહી ગયેલો સપનાંનો!

માના પેટમાં બચ્ચું આકાર લે,

બસ એમ જ

સપનું વીકસવા લાગ્યું આંખોમાં....

આંખોને મીઠાં ગલગલીયાં પણ થયાં!

ત્યાં અચાનક

પોપચાં ફડક્યાં.

હાથેથી આંખોને પસવારી પણ ખરી.

ત્યાં જ આંખેથી નીકળ્યું પાણી.

સફેદ શ્વેતપટલ લાલ–લાલ થઈ ગયો.

આંખો ખુલી ગઈ

અને

ફરી એકવાર

કસમયે

ગર્ભપાત થઈ ગયો એક સપનાનો!

★ ★

## પગફેરો

દીકરીને અગ્નીદાહ આપ્યો,

ત્યારે ઈશ્વરને બે હાથ જોડીને કહ્યું હતું,

સાસરે વળાવતો હોઉં,

એવી જ રીતે મારી દીકરીને વીદાય કરું છું,

ધ્યાન રાખીશને એનું?

અને પછી જ

મારામાં અગ્નીદાહ દેવાની તાકાત આવી.

લાગ્યું કે, ઈશ્વરે વેવાઈપણું સ્વીકારી લીધું!

દીકરીને ‘વળાવીને’ ઘરે આવ્યો,

ત્યારે પત્નીએ આંગણામાં પાણી મુક્યું હતું,

નાહી નાખવાનું હતું હવે દીકરીના નામનું!

–દીકરી વીનાનું ઘર આજે દસ દીવસનું થયું,

પત્નીની વારે વારે ભરાઈ આવતી આંખો–

છેલ્લા દસ દીવસથી એકદમ વ્યવસ્થીત રહેલાં

દીકરીના ડ્રેસીંગટેબલ અને તેનાં વોર્ડરોબ

પર ફરી વળે છે,

હું પણ ત્યાં જોઉં છું.

અને એક નીસાસો નંખાઈ જાય છે,

ઈશ્વર.... દીકરી સોંપતાં પહેલાં

મારે તારા વીશે તપાસ કરાવવાની જરૂર હતી!

કન્યાપક્ષના રીવાજોને તારે માન આપવું જોઈએ,

દસ દીવસ થઈ ગયા,

અને અમારે ત્યાં પગફેરાનો રીવાજ છે!

★ ★

## ઘાત

જ્યોતીષકાકાએ કહ્યું છે,

કુંડળીમાં જળની ઘાત છે.

નદી, જળ, દરીયાથી દુર રહેજે!

પણ.....

તારા

વીરહમાં

મારી તો

આંખ જ થઈ ગઈ છે દરીયો...

હવે?!

★ ★

## ડેથ સર્ટીફીકેટ

પ્રીય દીકરા,

યાદ છે તને?

તું નાની હતી ને આપણે પાનાં રમતાં,

તું હંમેશાં જીતી જતી,

અને હું હંમેશાં હારી જતો,

ક્યારેક–ક્યારેક જાણી જોઈને પણ....

તું કોઈ પણ હરીફાઈમાં જતી,

ત્યાંથી કાયમ જીતીને જ આવતી,

પછી તે જીતેલાં તમામ શીલ્ડ અને સર્ટીફીકેટ્સ

તું મારા હાથમાં મુકી દેતી.

અને ત્યારે મને તારા બાપ હોવાનો ગર્વ થતો,

મને થતું કે હું દુનીયાનો સૌથી સુખી બાપ છું!

આપણને કોઈ દુખ હોય,

કોઈ તકલીફ હોય,

તો એક બાપની હેસીયતથી

તારે મને તો કહેવું જોતું હતું....

આમ અચાનક,

તારા બાપને આટલી હદે

હરાવીને જીતાતું હશે...મારા દીકરા....?

તારાં બધાં જ શીલ્ડ અને સર્ટીફીકેટ્સ

મેં હજી સુધી સાચવી રાખ્યાં છે,

પણ એનો અર્થ એ તો નથી ને,

કે તારું ડેથ–સર્ટીફીકેટ

પણ મારે જ સાચવવાનું?!

★ ★

## ડાયાબીટીસ

તું નાની હતી,

ત્યારે યુનીફોર્મના ગજવામાં

મારે માટે બે–ચાર શીંગદાણા લઈ આવતી.

હું ટેસથી ખાતો.

તારી મમ્મી વઢતીયે ખરી

તમને બાપ–દીકરીને આ બે–ચાર શીંગદાણામાં

શું મઝા આવતી હશે?

મને ડાયાબીટીસ નીકળ્યો

ત્યારે સૌથી વધારે તું જ રડેલી.

પપ્પા, તમને તો મીઠું બહુ ભાવે, હવે?

પછી– તારી મમ્મીએ બનાવેલા

સ્ટ્રીક્ટ–ફુડ શીડ્યુલમાં તોડફોડ કરી

તું મારા માટે ગુલાબજાંબુ લઈ આવતી.

ખવડાવતી જાય ને કહેતી જાય,

પપ્પા.... બે ટેબ્લેટ્સ વધારે લઈ લેજો!

–આજે તારા લગ્ન હતાં

ઉકેલાઈ ગયું, સમેટાઈ ગયું–બધું જ.

હું પણ!

કાશ....આંસુઓને પણ પેરેલીસીસ થઈ શકતો હોત તો?

એક વાત કહું?

કદાચ બધી જ દીકરીઓના બાપને

ડાયાબીટીસ હોવો જોઈએ.

એટલે તો અમારે અમારી મીઠડીઓને

સાસરે વળાવી દેવી પડે છે.

પણ તું આવીશ ને,

તારા આ બાપને મળવા...

બે ટૅબ્લેટ્સ વધારે લઈ લઈશ, બસ?!

★ ★

## ઈન્ટરવ્યુ

તને રાંધતાં આવડે?

મેં હા પાડી.

કઈ ડીશ સારી બનાવી શકે?

મેં એનો પણ જવાબ આપ્યો.

ફીલ્મો જોવાની ગમે?

મેં ફરી હા પાડી.

પછી તો પ્રશ્નોનો રીતસરનો મારો શરૂ થયો...

કયો હીરો બહુ ગમે, શું ભાવે, ક્યાં ફરવાનું ગમે?

ધીમે ધીમે હું બધા જ પ્રશ્નોના

જવાબો આપતી ગઈ!

પછી થોડીઘણી વાતો પણ કરી–

ભવીષ્યના આયોજન માટેની– ગમતી ફીલ્મોની

સ્ટાઈલ ઓફ લીવીંગની– મીત્રોની...

પણ..

ઉભાં થતી વખતે

'ચાર દીવાલોમાંથી ઘર બનાવવાનો'

ઉલ્લેખ

ન તો એણે કર્યો

ન તો હું કશું બોલી!

★ ★

## સંભવામી યુગે યુગે

નાની હતી ત્યારે

બાએ મંદીર આગળ મુકેલું માખણ ખાવા જતી

અને બા વઢતી, 'અલી, મારા ઠાકોરજીને તો પહેલાં ખાવા દે!'

હું બાને ખીજવતી,

'તારો ઠાકોરજી જાણે તારું માખણ ખાવા આવવાનો હોય!'

અને બા–

ચાર ગણા વીશ્વાસથી બોલતી, 'હા, એ આવશે જ!'

મોટી થઈ

પછી હું બાના ઠાકોરજીને રીતસરના શોધતી.

પણ ક્યાંય એમના હોવાના અણસાર દેખાતા નહીં મને.

એ જો આવ્યા હોત,

તો એમના જ મંદીરની બહાર ફુલ વેચતી ચંપાની દીકરી

ઠેકાણે ન પડી ગઈ હોત ક્યારની?

અને ચાર રસ્તા પર ભીખ માંગતા મોહ્નીયાને
કોઈ બાળસંસ્થાએ દત્તક લઈ લીધો હોત અત્યાર સુધીમાં.
એ જો આવ્યા જ હોત તો,
કાનજીભાઈએ દીકરીના જન્મદીવસે પણ
ખાલી હાથે પાછા ન ફરવું પડ્યું હોત ઘરે!
હું બાને સમજાવતી,
‘તારો ઠાકોરજી નહીં આવે હવે!’
અને બા ગીતા હાથમાં લઈ
એમાં લખેલું ‘સંભવામી યુગે યુગે’ વંચાવતી..!
બાને પૅરેલીસીસનો પહેલો સ્ટ્રોક આવ્યો
ત્યારે ઢીલી પડી ગયેલી બાને મેં જ કહેલું,
‘ચીંતા નહીં કરતી, તારો ઠાકોરજી આવશે જ’
પછી તો એક દીવસ બાએ જ કહ્યું,
‘જો, આવ્યો મારો ઠાકોરજી મને લેવા’
મને મારી અંદર ફાળ પડેલી
ઠાકોરજીના રુમમાં દોડી જઈ મેં એમને ખખડાવેલા.
‘ખબરદાર છે જો તમે આવ્યા છો તો’
અને પછી બા ચાલી ગયેલી!

બાના ઠાકોરજીનું
સંભવામી યુગે–યુગેનું વચન પાળવાની આ રીત

મને હજી સુધી સમજાઈ નથી!

★ ★

## અંધારું

ત્યારે
મને અંધારાની બહુ બીક લાગતી,
મા કહેતી 'જયશ્રી કૃષ્ણ– જયશ્રી કૃષ્ણ' બોલ
બીક ચાલી જશે
અને હું આંખ બંધ કરી
જયશ્રી કૃષ્ણ બોલતી બોલતી અંધારા વચ્ચેથી પસાર થઈ જતી.
થોડી મોટી થઈ પછી માએ જ સમજાવ્યું,
'અંધારું હોય ત્યારે આંખોને ખુલ્લી રાખવાની–
અંધારાથી એ ટેવાઈ જશે'
અને મને ખુલ્લી આંખે અંધારું જોતાં આવડી ગયું,
પછી તો અંધારું મારી વચ્ચેથી પસાર થઈ જતું
અને હું સ્થીર રહી શકતી.
અને હવે હું
બધી જ લાઈટ્સ ઓફ હોય છે ત્યારે પણ,
મારી બર્થડે કેક પર ગોઠવેલી મીણબત્તીને
ફુંક મારી શકું છું.

કારણ– મને

અંધારું ઉકેલતાં પણ આવડી ગયું છે

અને હવે મને બીક,

અજવાળાંની લાગવા માંડી છે.

★ ★

## ઝાડ

જોઈએ છે એક ઝાડ!

જેની ડાળી પર પંખીઓના માળા

ન હોય તો ચાલશે,

પણ એ પાનખર–પ્રુફ હોવું જોઈએ!

બારે માસ લીલું ને લીલું રહેતું હોય એવું–

ઉંચું–

બીજા માળે આવેલ મારા ફ્લેટની

મારી બાલ્કની સુધી પહોંચી શકે એટલું!

અને

ઘટાદાર પણ જોઈએ જ,

જેનાથી બાલ્કનીનો વ્યુ તો સુધરી જ જાય

પણ

જેને બતાવીને

અંગ્રેજી મીડીયમમાં ભણતા દીકરાને

ગ્રીનરી પર એસે લખાવી શકાય!

–એષા દાદાવાળા

(કવયીત્રી એષા દાદાવાળાના કાવ્યસંગ્રહ 'વરતારો' (પ્રકાશક: ઈમેજ પબ્લીકેશન પ્રા. લી. 191/1, ગોપાલભુવન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ– 400 002 તથા 1-2, સેંન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, આંબાવાડી, અમદાવાદ– 380 006 પ્રથમ આવૃત્તી: નવેમ્બર, 2008, મુલ્ય: રૂ. 100)માંથી સાભાર...

(કવીયીત્રી–સંપર્ક: 105, શાલીભદ્ર કૉમ્પ્લેક્સ, એલ.આઈ.સી ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત મોબાઈલ : 90990 48882, Email: edadawala@gmail.com )

@@@

245 : 03-06-2012

# ધરતીની સોડમ – અમીનાબીબી

–મનસુખ સલ્લા

અનુક્રમણીકા

કેટલાંક માણસો અમથાંઅમથાં ગમી જાય. એવું કંઈક હોય એમનામાં કે બસ, તેઓ ગમે! અમીનાબીબી તેમાનાં એક. પહોળો પાયજામો, ઘેરદાર અચકન, બંધબેસતી ઓઢણીમાં દુરથી પણ ઓળખાય. પુરતાં કાંઠાળાં. ભર્યું શરીર, ગોળમટોળ ચહેરો અને મોટી પણ પ્રેમાળ આંખો. જુવાનીમાં પુરતાં રુપાળાં હશે. મેં જોયાં ત્યારે તો જીન્દગીના ચાસથી ખેડાયેલો ચહેરો હતો. સહજ હાસ્ય, જે કંઈ કરે, વ્હવહરે તેમાં અનાયાસ સાહજીકતા હોય.

અમીનાબીબી પંદરેક દીવસે સાવરકુંડલાથી મારે ગામ નેસડી આવે. ઈંઢોણી ઉપર કૅન જેવું મોટું વાસણ હોય. તેમાં માથામાં નાખવાનું તેલ ભર્યું હોય. અંદર માપની પળીઓ હોય. બીજા હાથમાં થેલો હોય. તેમાં ભાતભાતની સામગ્રી હોય. અમીનાબીબીની જીભે મધનો કુપો. શેરીમાં દાખલ થતાંની સાથે તેમની જીભ સૌને મીઠો સ્પર્શ કરે : 'જેશી કૃષ્ણ, વાલીબા! કેમ હુકાણાં લાગો છો કે હું?', 'મોંઘીકાકી, તમારે

વાસ્તે ગળણી લેતી આવી છું.' માણસ એટલી અને એવી વાતું. હાથ અને જીભની હરીફાઈ ચાલતી હોય. સૌ જરુરત મુજબ માથાનું તેલ માગે. પળીથી ભરીને તેમને આપે. એમનું તેલ બહુ વખણાય. મોથ, મેંદી, દુધી, આંબળાં, અરીઠાં, ભાંગરો, ગુલાબની પાંદડી નાખેલું તેલ 'મોથીયું તેલ' નામે ઓળખાતું. આજની પેઢીને એ વાસ કદાચ બહુ નહીં ગમે; પણ વાળ માટે એ બહુ ગુણકારી. અમીનાબીબી હરતાંફરતાં ડૉક્ટર જેવાં. કોઈને ખોડો હોય, કોઈને વાળ બહુ ઉતરતા હોય, કોઈના વાળ ઓછા વધતા હોય – જેવી વ્યક્તી તેવી સલાહ આપે; પણ મીઠાશથી આપે, તેલ વેચાતું આપે; પણ સલાહ મફત આપે. એમની સલાહ એવી અનુભવસમૃદ્ધ હોય કે અસરકારક બને.

ભર્યું શરીર એટલે એમને ગરમી બહુ લાગે. ત્યારે લાઈટ કે પંખા નહોતાં. માથા પરની ચુંદડીથી ચહેરો સાફ કરે, હવા નાખે અને ફરીયાદ કરે, 'આ ગરમી તો જીવ લેય તેવી છે.' પગ લાંબા કરે, દાદીમાની ડબીમાંથી બજર લઈ બેચાર સડાકા લઈ લે. ત્યાં કોઈ વહુવારુ ટપકી પડે, 'અમીનામા, મારી બંગડી ભુલી ગ્યાં છો ને?' તેમને આવી ઉઘરાણી થવાની એની ખબર જ હોય. હાથ ઝાલીને વહુવારુને પડખે બેસાડે. પહેલાં તો એની તપેલીમાં માગે

www.gujaratilexicon.com

તેટલું તેલ ભરી આપે. વેપાર પહેલો, સેવા પછી. પૈસા ગણીને કોથળીમાં નાખતાં–નાખતાં કહે, ‘ જો, તારે વાસ્તે એકદમ ફસકલાસ બંગડી લાવી છું. તારો વર ખુશ થઈ જવાનો.’ કહી થેલામાંથી બંગડીઓ કાઢે. વહુવારુ શરમાઈ જાય, ‘ શું તમેય મા!’ કહીને વધુ લજ્જાળુ બને. બંગડી હાથમાં આવતાં જ પહેરવા માંડે. અમીનાબીબીની વાત ચાલુ હોય, ‘જો, વહુ, અમે તો બોવ ખાઈ–પી લીધું. બુઢાં થૈ ગ્યાં. પહેરવા–ઓઢવાનો તારો વખત છે. કેવી સરસ લાગે છે બંગડી તારા હાથમાં!’ વહુવારુ પુછે, ‘કેટલા પૈસા થ્યા, મા?’ તો કહેવાનાં, ‘મુક ને મારી બૈ, તને ગમી એટલે બસ.’

‘ના–ના, મા! પૈસા તો આપવા જોઈએ ને?’

અમીનામા મંગાવેલી વસ્તુમાં થતી રકમ જ કહે, નફો ન ચડાવે. તેલમાં કસીને પૈસા લે; પણ મંગાવેલી વસ્તુ ભાવોભાવ આપે. કોઈની બોપટ્ટી તો કોઈની બંગડી, કોઈની ગળણી તો કોઈ જુવાન છોકરીનું અત્તર. તો કોઈનું વળી બીજું કંઈ. અમીનામા પાસે બધું મંગાવી શકાય. કોઈને સંકોચ ન થાય. તેઓ યાદ રાખીને બધું લાવે. ભણેલાં તો શાનાં હોય; પણ હીસાબ બધો મોઢે. તો અઘરણીવાળી વહુની ગમ્મત પણ કરે, ‘પહેર, પહેર! મોઢાનું તેજ જોતાં જ લાગે છે કે તારે ટબા જેવો દીકરો આવશે.’ વહુ જ નહીં; આસપાસનાં

સૌ હસી પડે. અમીનાબીબી હોય ત્યાં ફુલની સુગંધ જેવી હળવાશ વાતાવરણમાં સતત ફેલાતી રહે.

બા આગ્રહ કરે, ‘ચા પીશો ને?’ તો ભારપુર્વક કહે, ‘બૌ ચા સારી નૈ. રકાબીથી ઝાઝી નો કરતાં.’ ચા ભાવપુર્વક પીએ. ચા પીતાંપીતાં એમની ભુગોળ પહોંચતી હોય ત્યાં સુધીની બધી વાતો ઉથલાવે. ઘરેઘરે ફરે એટલે હરતોફરતો માહીતીભંડાર! તારવીને બીજાને કહેવા જેટલું કહે. એમાં અનુભવ અને સમજણનો યોગ હોય. ઉઠતાંઉઠતાં કોઈ વાત યાદ આવી જાય તો વેપાર પડતો મુકીનેય, પાછાં બેસીને બે વાત કરી લે. જીવ જ વાતોનો.

એક ફળીયામાં એક જગ્યાએ બેસે. એમનો અવાજ સાંભળીને સૌ આવીને માથાનું તેલ લઈ જાય. વેપારમાં ગણીત પાકું હોય. કોણ હજી તેલ લેવા નથી આવ્યું એ ધ્યાનમાં હોય, ‘અરે કાશી, નીકળું છું. પછી નો કેતી કે તેલ લેવાનું રહી ગ્યું.’ કાશીભાભી ખુલાસો કરે, ‘મા, હજી પડ્યું છે.’ તો હસીને કહેતાં, ‘પુછવું હારું. નો જોતું હોય તો વાંધો નૈં. જોતું હોય તો રહી જાવું નો જોયે.’ ટેકો લઈને ઉઠે. બોલતાં જાય, ‘હવે ગુડા ગળ્યા છે. અલ્લા રજા આપે ત્યાં સુધી કામ કરશું.’ ત્યાંથી બીજી ફળીમાં. ત્યાં આવું જ દૃશ્ય ભજવાય.

એમના સ્વભાવમાં વહેરોવંચો નહીં. નાનાં છોકરાંનેયે હેતમાયાથી બોલાવે. કોઈ વહુવારુએ કહ્યું ન હોય અને ગમતું રમકડું લેતાં આવ્યાં હોય તો તેના છોકરાને આપે. વહુવારુ પૈસાનું પુછે જ ને પ્રારંભમાં લેવાની ના પાડે, 'છોકરા સારુ છે' એમ કહે પણ ખરાં; પણ આગ્રહ થાય એટલે પૈસા લઈ લે. એમને તો આખા ગામમાં ફરવાનું. ઉદાર થવુંયે મોંઘું પડે, એટલે બધાનું પ્રમાણ જાળવે.

અમીનાબીબીનું કામ ઘાંચીનું. પહેરવેશ બીનહીન્દુનો; પણ કોઈ કરતાં કોઈને તેઓ હીન્દુ નથી એવું લાગતું નહીં. એ કાળે એવી સભાનતા કે વહેંચણી જ નહોતી. કોઈના ઘરે આગલી રાતે સત્યનારાયણની કથા થઈ હોય ને પ્રસાદ આપે તો તેઓ પ્રેમથી ખાય. ભગવાનને ભાવથી યાદ કરે. ખાધા પછી લગભગ બોલે જ, 'અલ્લા હૌનું હારું કરજો.' આ એમનો તકીયાકલામ હતો. એ એમના મનમાં એટલી હદે બેઠેલો કે કોઈના પર ગુસ્સો આવે, બે કડવાં વેણ બોલી નાખે, પછી છેલ્લા વાક્યનું અનુસન્ધાન જાળવતું વાક્ય જ બોલાતું હોય તેવી સહજ રીતે બોલી જાય, 'અલ્લા હૌનું હારું કરજો.'

પસંદગીઓ ખરી; પણ મન ખુલ્લું અને સાફ, આંટીઘુંટી વગરનું. સૌ સાથે એમનો ઘરોબો એવો કે એમને

અંગત વાતો કહી શકાય. ક્યારેક સાસુ વહુ વીશે દુ:ખ પ્રગટ કરીને એમની આગળ હળવાં થાય તો અમીનામા વહુને મીઠાશથી; પણ હકથી બે સાચાં વેણ કહી શકે. વાત કહેવાની રીત એવી હોય કે વહુને સગી માએ શીખામણ આપી હોય એવું લાગે. ને વહુ રડી પડીને કંટી સાસુની વાત કરે તો અમીનામા સાસુનેય સમજાવી શકે. વાતની રીત તળપદી, ઘરગથ્થુ – ‘જો અલ્લાએ વાસણ બનાવ્યાં છે તો ખખડેય ખરાં. ભટકાય તો બોલેય ખરાં. એટલે કંઈ વાસણ ફોડી નો નખાય. એમ મારી બઈ, માણહ છીએ તે મન વાંકું થઈ જાય, બે વેણ બોલાઈ જાય, એટલે કંઈ સંબંધ કપાઈ નો જાય. બસ, આટલું હમજ્યા કે બેડો પાર. લ્યો ઉઠું, અલ્લા હૌનું હારું કરજો.’ ગામમાં બીજે ફેરે આવે ત્યારે પરોક્ષ ઑડીટ પણ કરી લે. કીચુડાટ ઓછો થયો હોય તો હાંઉ ગણે, પછી ખણખોદ ન કરે.

અમીનાબીબીનું મુળ કામ તેલ વેચવાનું. તો જ પોતાનું ને ઘરનું પેટ ભરાશે એ સ્પષ્ટ સમજ હતી; પરન્તુ સમ્બન્ધ કેવળ વેપારનો નહીં. ફળીએ–ફળીએ એમનું તેલ વેચાય. તેમને માટે કોઈ ચડીયાતું–ઉતરતું નહીં. બધાં સાથે ઘાટી માયા. એમાંથી ઉભા થયેલા અધીકારે જરુર પડ્યે બે સાચાં વેણ કહી શકતાં; પરન્તુ એ તો ક્યારેક, બાકી તો

ગમ્મત, હળવાશ, શીખામણ, અનુભવકથા, ઉદારતા, એમ જરુર મુજબ એમનાં રુપો પ્રગટતાં. બધું મેળમાં રહેવું જોઈએ, કીચુડાટ હોય તો ઘટવો કે મટવો જોઈએ એ વાત હૈયે બેઠેલી. તેથી તેઓ બધાંને પોતાનાં કરી શકતાં. એટલે તેમને બધે આવકાર મળતો. કામ તેલ વેચવાનું; પરન્તુ ધર્મ ચાહવાનો. એમ કહી શકાય કે સ્નેહવાવેતર કર્યા વીના તેમનાથી રહેવાતું નહીં.

નીશાળનું ભણતર એમને સુલભ નહોતું. ચોપડી એ દુરની વસ્તુ હતી. જીવતરમાંથી એમણે જાણ્યું–પારખ્યું હશે કે માણસ તરીકે જીવવું. રાતદીવસની મહેનત તેમને અજાણી નહોતી. જીન્દગીની થપાટોએ ઓછામાં ઓછી જરુરીયાતોથી જીવવાની તાલીમ આપી હતી, એટલે સાધારણ હોવું એની નવાઈ નહોતી. તેઓ કોઠાસુઝથી સમજ્યાં હશે કે ધંધાનાં કામ, સમ્બન્ધના આનન્દમાં આડે આવતાં નથી. તેથી તેઓ નીર્ભાર રહી શકતાં અને સૌને પોતાનાં કરી શકતાં. રવીન્દ્રનાથ ટાગોરને વાંચ્યા વીનાય તેઓ જાણી ગયાં હતાં કે, ‘ પ્રયોજનના સમ્બન્ધને સ્નેહનો સમ્બન્ધ બનાવવો એ મનુષ્યત્વની સાધના છે.’

માણસની અસાધારણતાનું માપ તેનાં સ્થાન કે પ્રતીષ્ઠા નથી; પરન્તુ તેનું શીલ છે એ સૉક્રેટીસ–વીચારને

www.gujaratilexicon.com

યથાર્થ ગણીએ તો શીલ એ સાચી સમ્પત્તી છે. એ દૃષ્ટીએ અમીનામા ખરે જ અસાધારણ હતાં.

એટલે તો અરધી સદી વટાવીને અમીનામા માથે તેલનું કૅન લઈને સામે ઉભાં હોય તેવાં પ્રત્યક્ષ અનુભવાય છે.

–મનસુખ સલ્લા

લેખકના તાજેતરમાં પ્રકાશીત ‘હૈયે પગલાં તાજાં’ – શૈશવ સ્મરણકથા ( પ્રકાશક : અમરભાઈ ઠાકોરભાઈ શાહ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ–380 001 ફોન– 079-2214 4663 ઈ–મેઈલ : goorjar@yahoo.com આવૃત્તી : પહેલી–2011, પૃષ્ઠ : 16+224, મુલ્ય : રુપીયા–170)માંથી સાભાર... સસ્નેહ પુસ્તક મોકલવા બદલ લેખકશ્રી મનસુખભાઈનો નો ખુબ આભાર..ઉત્તમ ગજ્જર..

સર્જક–સમ્પર્ક:

સી–403, સુરેલ એપાર્ટમેન્ટ, દેવાશીષ સ્કુલ સામે, જજીસ બંગલા વીસ્તાર,

અમદાવાદ – 380 015 ફોન : 079-2687 09810 મોબાઈલ : 98240 42453

ઈ–મેલ : mansukhsalla@gmail.com

@@@

246 : 17-06-2012

# બાબુ વીજળી

–અનીરુદ્ધ બ્રહ્મભટ્ટ

અનુક્રમણીકા

પોષ મહીનાના છેલ્લા દીવસો. ઠંડી ઓછી થઈ ગયેલી. રાત્રે જમ્યા પછી લગભગ આઠેક વાગ્યે હું નીકળ્યો. રસ્તે અંધારું અને ઉત્તર ગુજરાતના એક નાના ગામડાનો ધુળીયો રસ્તો. ફાનસનું પીળું અજવાળું આછું આછું કેટલાક ઘરોમાં દેખાય. લગભગ સોપો પડી ગયા જેવું વાતાવરણ, સીવાય કે થોડાંક ઘરોમાંથી વાતચીતના આછા અવાજો સંભળાય.

થોડા દીવસ માટે મારા એક સમ્બન્ધીને ત્યાં હું આવ્યો હતો. એ વખતે હું વડોદરામાં માધ્યમીક શાળામાં ભણું; પણ આ નાના ગામથી પરીચીત. થોડાક મીત્રો પણ ગામમાં મને મળી આવ્યા હતા. રાત્રે જમ્યા પછી થયું કે ચાલ એકાદ મીત્રને પકડું અને થોડેક સુધી આંટો મારું. એક વળાંક વટાવી હું આગળ ચાલ્યો તો એકનું એક વાક્ય મેં અનેકવાર બોલાતું સાંભળ્યું :

‘મીરજાફર નામનો નવાબ હતો.’ જઈને જોઉં તો બાબુ એની ઓશરીમાં દીવેલના દીવાના ઝાંખા અજવાળામાં ગોદડું

ઓઢીને બેઠો બેઠો ધુણતો હોય એમ ડોલતો ડોલતો ઉપરના વાક્યના મંત્રજાપ કરે! એ ત્યારે ગુજરાતી સાતમા ધોરણમાં ભણે અને 'વર્નાક્યુલર ફાઈનલ'– ની પરીક્ષાની તૈયારી ચાલે. વચ્ચે એણે કેટલાંક ધોરણોમાં બબ્બે વર્ષ કાઢ્યાં હતાં અને છેક સાતમા સુધી પહોંચ્યો હતો! ઉંમરમાં અમે બંને લગભગ સરખા.

બાબુ પાસે હું ગયો ત્યારે એના ઘરનાં પગથીયાં પાસે ડાબી બાજુએ ભેંસ બાંધેલી અને જમણી બાજુએ ત્રણ કુતરાં બેઠેલાં. મને જોયો એટલે ચોપડી ફગાવી દઈ એ ઉભો થઈ ગયો અને મોટેથી બોલ્યો: 'મીરજાફર નામનો નવાબ હતો.' પછી કહે : 'ચ્યારનો ગોખુ સુ પણ દીયોરનું ઈયાદ જ નથ રે'તુ.'

'આમાં યાદ રાખવાનું છે શું?'

'મીરજાફર નામનો એક નવાબ હતો.'

'તું વાંચતો હતો એમાં ''એક'' નથી.'

'સાપ્પાનું ભુલી જ્યા હસી.'

'એવું નથી. એનો બીજો એક અર્થ થાય છે.' મેં કહ્યું. બાબુની આંખો પહોળી થઈ ગઈ : 'ચીયો?'

'મીરજાફર નામનો, એટલે કે માત્ર કહેવાનો નવાબ હતો.'

'ઓત્તારી બુનનુ ભલુ થાય…' ને એ પુસ્તકનાં પાનાંને કુતુહલથી જોઈ રહ્યો. પછી થોડીવારે બોલ્યો : ' આવી ભુલભુલામણી ચ્યમ સાપતા હસી? મીરજાફર ઠોયા જેવો નવાબ હતો ઈમ સાપતા ઈંચોંના બાપનુ સુ જતુ'તુ?' પછી ધીરે રહીને બોલ્યો : ' મીરજાફર નામનો નવાબ હતો. મારી હાહુનું જબરુ સ હોં!' ને એના મગજમાં એ બરોબર ઉતરી ગયું હોય એમ એ હળવો ફુલ થઈને હસી પડ્યો.

'તેં ગોદડું કેમ ઓઢેલું?'

'ઓઢ્યા વીના કોંય ઈયાદ જ ના રે.' એણે હાથની ઝાપટ મારીને દીવો હોલવી નાખ્યો અને કહે:
'હેંડો, પરસાદ ખાવા જઈએ.'

'ભાભીને પુછી જો.' એનાં માને હું ભાભી કહેતો. નાની ઉંમરે એ વીધવા થયેલાં. બાબુ એમનો એકનો એક દીકરો. એને મોટો કરતાં ભાભીને ઘણું દુ:ખ પડેલું. પણ હવે તો બાબુ ખેતી સંભાળી લેતો અને છેક 'ફાઈનલ' સુધી પહોંચ્યો હતો. ગામમાં 'ફાઈનલ'થી આગળ ભણેલું ભાગ્યે જ કોઈ મળે. ગામ નાનું એટલે હાઈ સ્કુલ હતી જ નહીં. ગામનાં છોકરાં 'ફાઈનલ' સુધી ભણીને કાં તો પ્રાથમીક શાળામાં શીક્ષક થાય ને કાં તો થાય તલાટી. જે ભણી ન શકે તે ખેતી કરે અથવા વાણીયાની દુકાને વાણોતર થાય.

'મા તો ભજનમાં ગઈ.' એ બોલ્યો અને અમે ચાલી નીકળ્યા. ત્રણે કુતરાં પાછળ થયાં. એમાંથી એકને એણે પાછળ આવવા દીધું અને બીજાં બેને લાત લગાવી પાછાં કાઢ્યાં.

'આવવા દે ને!' મેં કહ્યું.

'આ ભલ આવ. ભગત સ. પેલાં ઘરની ખબર રાખસી.'

ગામની ભાગોળે આવેલા રામજી મંદીરમાં અમે ગયા. કુતરું બહાર બેઠું. 'જે રામજીકી' ની બુમ બાબુએ લગાવી. અંદરથી અવાજ આવ્યો: 'ઈતના લેટ ક્યું આયા?'

'બાપજી, પઢનેકું બેઠા થા.'

'ક્યા પઢતા થા?'

'મીરજાફર નામકા નવાબ થા.'

'હરી...હરી...ક્યા કલજુગ આયા હે બાબુડા, રામ-લછમન તો પઢાઈમેં આતે હી નહીં.'

મેં જોયું તો બાવાજી ખાટલામાં બેઠા બેઠા ચલમ પીએ. મંદીરમાં રામ–સીતાની મુર્તીઓ પાસે દીવો બળે. બાકી બધે અંધકાર. ચલમનો દેવતા તગતગે. અમે બાવાજીના પગ પાસે બેઠા. એમણે બાબુને દીવી કરવા કહ્યું અને મને 'રામાયણ' વાંચવા બેસાડ્યો. ઘીના દીવાના પ્રકાશમાં નાગરી લીપીમાં મોટા મોટા અક્ષરે છાપેલું તુલસીદાસજીનું રામાયણ

www.gujaratilexicon.com

મેં મોટેથી વાંચવા માંડ્યું. બાવાજીએ ચલમ હોલવી પથારીમાં લંબાવ્યું અને મોટેથી એક ચોપાઈ લલકારી. બાબુએ બાવાજીના પગ દબાવવા માંડ્યા. થોડીવાર થઈ હશે ત્યાં બાબુથી રહેવાયું નહી એટલે એણે પુછ્યું : 'બાપજી, પરસાદ બરસાદ કુછ હે કી નહીં?' બાવાજી મોટેથી હસી પડ્યા : 'મેં તેરી દાનત જાનતા હું.' એમણે ઉભા થઈને અમને બંનેને એકેક પેંડો આપ્યો. 'જે રામજી કી' કહીને અમે નીકળ્યા. કુતરું બહાર રાહ જોઈને બેઠું હતું તેને પકડીને એનું જડબું પહોળું કરીને બાબુએ પેંડાનો ટુકડો મુક્યો.

'કુતરાને પેંડો ભાવે?' મેં પુછ્યું.

'પરસાદ સ. આગલે જનમ આ કુતરું નહીં થાય, ભગત સ, ઈના કપાળમાં ટીલુ સ, ખલાં મારતું મીં ઈન કદ્દી જોયુ નથ.'

બાબુને પહેલેથી કુતરાં વહાલાં. આખા મહોલ્લાનાં કુતરાંની ખાસીયતો એ જાણે. બપોરે એ નવરો બેઠો હોય ત્યારે કુતરાં એના ઘરનાં પગથીયાં પાસે ભેગાં થાય. બાબુ કુતરાંના શરીર પરથી ઈતરડા વીણે. કોઈ કુતરી વીયાણી હોય તો બાબુ મહોલ્લામાં લોટ, ગોળ, ઘી ઉઘરાવવા નીકળે અને શીરો કરી કુતરીને ખવડાવે. કુરકુરીયાંને એ 'કતીલાં' કહે. જન્મતાંની સાથે જ એણે બે રુપાળાં કતીલાં બોટી લીધાં હોય. એ નાનાં હોય ત્યારથી બાબુ એમને કેળવવાનું શરુ કરે.

કોઈ અજાણ્યું કુતરું આવી ચડ્યું હોય તો એની પાછળ કેમ પડવું તે બાબુ ‘હુડ દો, હુડ દો’ બોલતો દોડતો દોડતો શીખવે. એ નીશાળે જાય ત્યારે એનો ‘ભગત’ એને મુકવા જાય અને સાંજે છુટે ત્યારે લેવા ગયો હોય! નીશાળેથી આવ્યા પછી ઘરનાં પગથીયાં પાસે કુતરાંને એ લાઈનમાં બેસાડે અને ‘કૉલ’ દેતાં શીખવે. જો એકાદને ન આવડ્યું તો એને પગથી દુર ફંગોળે! કુતરું ‘કાઉ કાઉ’ કરતું ભાગી જાય પણ થોડીવાર પછી આવીને ઉભું રહે! બાબુ ખેતરે જાય ત્યારે ત્રણ–ચાર કુતરાં તો એની પાછળ પાછળ હોય જ.

ભાભીને બાબુ ખોટનો દીકરો હતો એટલે એને માતાજીના સ્થાનકે રમતો મુકેલો અને બોલેલાં : ‘ મારી મા, તમારો છે ને તમે જાળવજો.’ એવી માનતા પણ રાખેલી કે દર વર્ષે નવરાત્રીમાં માતાજીની માંડવી બંધાય ત્યારે બાબુ માતાજીના ચોકમાં ખેલાતી ભવાઈમાં ખેલ કરે અને સ્ત્રીનો પાઠ ભજવે. બાબુને તો ભાવતું હતું ને વૈદ્યે કહ્યું! માંડવી પાસે લાકડાની પાટો ગોઠવીને સ્ટેજ બનાવ્યું હોય તેના પર ‘નાટક’ ભજવાય. પરદો નહીં. શરુઆતમાં ગણપતીનો વેશ આવે. પુજાવીધી થયા પછી વીદુષક પ્રવેશે. વીદુષકે જોકરના જેવી ઉંચી દીવાલની ચળકતી મુસલમાની ટોપી પહેરી હોય અને હાથમાં ચામડાનો પટ્ટો રાખ્યો હોય. સ્ટેજ પર આવીને એ પટ્ટો ફટકારો અને ગાય : ‘ વહા...લી વીજ...ળીને આ...વતાં

કેમ લા...ગી વા...ર?' જામતી રાતની શાંતીમાં એનો અવાજ દુરદુર સુધી પડઘાતો ફેલાઈ જાય. એનું ગીત સાંભળીને ત્રણેક 'સુંદરી' ઓ સ્ટેજ પર પાછળથી કુદીને પ્રવેશ કરે : 'આ...વી આ...વી વીદુરસક વહાલા...' આમાં બાબુ એના તીણા અવાજથી જુદો તરી આવે. ઓઢણીમાં છોકરી જેવો જ લાગે! પગે ઘુઘરા બાંધ્યા હોય અને તાલબદ્ધ પગ પછાડતો ઠેકડા મારતો એ ગાતો હોય! ભુંગળો વાગે અને બીજા 'અદાકારો' સાથે બાબુ 'તાતા તાતા થૈયા' કરતો હોય એ દૃશ્ય હું ભુલી શકું તેમ નથી. એના અભીનયથી ખુશ થઈ છોકરાઓ એને 'વીજળી' કહેતા!

એક વેળા મેં ભાભીને પુછી જોયું હતું : 'બાબુ પરણશે, ઘરે વહુ આવશે ત્યારેય એ 'વીજળી' બનીને નાચશે?'

'નાચસીસ્તો! માતાજીનુ કરવેઠુ સ. મીં ઈન માતાજી પોંહે રમતો મુચ્યો સ. ઈંનો બાપેય ઘાઘરો પે'રીને નાચતા.'

બાબુ માથે વાળ મોટા રાખે અને સ્ત્રીના વેશમાં પટીયાં પાડીને હોળે. બીજે દીવસે કુવે પાણી ભરવા જતી યુવાન વહુવારુઓ 'બાબભૈ, ચોટલો લેવા તો તમારી પોંહે આવવું પડસી' કહીને હસીને પસાર થઈ જતી. બાબુ હરખાતો 'હેંડો મારો બાપ્પો કરુ' કહેતો બળદોને હાંકતો ચાલ્યો જતો.

એક સાંજે હું બાબુને ઘેર ગયો. ભાભી ઓટલે બેઠેલાં. એકે કુતરું આંગણામાં જોયું નહીં એટલે મને થયું કે બાબુ ઘેર નથી.

‘બાબુ ક્યાં?’

‘ડોબુ પાવા જ્યૉ સ. બેહો ભૈ. આબ્બામાં જ સ.’

હું બેઠો. ઘર ચોખ્ખું ચણાક. ત્રાંબા–પીત્તળનાં વાસણો માંજીને ચકચકાટ કરીને અભરાઈઓ પર ગોઠવેલાં. પાણીયારાની ફરતે દીવાલ પર ચળકતી વાડકીઓ માટી વડે ચોંટાડેલી બાજુમાં નવા વર્ષે આવેલાં ભગવાનની છબીવાળાં કાર્ડની હાર જોવા મળે. એમાં શંકર, ગણપતી, સરસ્વતી, અંબાજી, દત્તાત્રેય, રામ, કૃષ્ણ – કોઈ દેવદેવી બાકી નહીં. દરેક દેવદેવીના ભાલ પર કંકુના ચાંલ્લા. રાચરચીલું કંઈ જ નહીં, છતાં ઘર ભર્યું ભર્યું લાગે. શેતરંજીનો એક ટુકડો સામી ભીંત પાસે પાથરેલો. બાજુએ ડામચીયો. ખુણામાં ખેતીનાં થોડાં ઓજારો પડેલાં.

હું અરધોએક કલાક બેઠો પણ બાબુ ન દેખાયો. થોડીવારે એની ભેંસ દેખાઈ. ભેંસ ખીલે આવીને ઉભી રહી પણ બાબુનાં દર્શન ન થયાં. ‘ ચ્યોંક વાતો કરવા રોકણો હસી.’ ભાભી બોલ્યાં અને એમણે ભેંસને ખીલે બાંધી. મેં ઉભા થઈને ચાલવા માંડ્યું. મનમાં એમ કે રસ્તે બાબુ મળશે. રસ્તે શંકર મળ્યો એને મેં પુછ્યું તો કહે કે બાબુ તો મોટરે લટકીને

ગયો તે રાતે આવશે! હું સમજી ગયો. બાબુને મોટરનું ભારે આકર્ષણ. ગામને પાદર થઈને જતા આવતા ખટારા કે કોઈની જીપ કે કોઈની ગાડીનો અવાજ સાંભળે કે 'હમકારો થ્યો' કરતો બાબુ દોટ મુકે. કોઈ રસ્તો પુછે તો એ તરત બારણું પકડીને પગથીયા પર ઉભો થઈ જાય ને કહે : 'હેંડો, બતાડું.' ખાડાટેકરાવાળા ધુળીયા રસ્તે એ આમ લટકતો ગાઉ બે ગાઉ સુધી જાય અને રસ્તો બતાવી 'હેંકુટ' ખાધાના આનંદ સાથે રાત્રે અંધારામાં ઘેર પાછો આવે. કુતરાં એની પાછળ દોડીને થાકીને અધવચ્ચેથી પાછાં વળ્યાં હોય. મોટરનાં પૈડાંની ધુળમાં પડેલી છાપને એ આંગળીઓ વડે પંપાળી જુએ ત્યારે જ એને ચેન પડે! રાત્રે મહોલ્લાનાં છોકરાંઓને ભેગાં કરીને મોટર કેમ ચલાવાય તેનો કીમીયો સમજાવે!

બાબુ સીધો સાદો છોકરો. એને કશું વ્યસન ન મળે. એની ઉંમરના છોકરા ચા–બીડી પીએ તો એ દુર ભાગતો ફરે. હા, એને એક વ્યસન હતું — 'પરસાદ'નું. રામજી મંદરીના બાવાજી પ્રસાદ ન આપે ત્યાં સુધી બાબુ ખસે નહીં. આમ જુઓ તો એનું ભણતર જ બાવાજી પાસે થયેલું. રામાયણ, મહાભારત, ભાગવતની કથાઓ એને મોંએ, પણ નીશાળમાં એ પાણી બહારનું માછલું. એના એક શીક્ષકે મને કહેલું કે ગણીતનો સહેલો દાખલો હોય પણ આંકડાની જટાજાળ જોઈને એ આખેઆખો ધ્રુજવા માંડે. ઈતીહાસની તારીખો અને રાજા-

નવાબોનાં નામ એને ગભરાવી મુકે. ગોદડું ઓઢીને ગરીબડો થઈને એ ગોખવા મંડી પડે; પણ એમાંનું કશુંયે એના મગજમાં ન ઉતરે! શતરુપા, વીકર્ણ, અલર્ક જેવાં ભાગવત-મહાભારત-રામાયણનાં અનેક પાત્રોનાં નામો અને એમની ઝીણી ઝીણી વીગતો એને ઉંઘમાંથી ઉઠાડીને પુછો તોય એ કહી આપે પણ ‘મીરજાફર’ એને ઠંડી રાતે પરસેવે રેબઝેબ કરે! બાવાજીનું ઉમંગભેર કામ કરતાં અને એમની વાતો સાંભળતાં બાબુ ખરેખર ખીલી ઉઠતો પણ નીશાળમાં ગરીબ ગાય બની જતો.

ગામમાં રામલીલા આવી હોય, તુરીની ટોળકી રમવા આવી હોય કે નટવાનો ખેલ હોય તો બાબુ અચુક હાજર હોય. એ રમનારાઓ સાથે દોસ્તી બાંધે, એમનો સાજસરંજામ જુએ અને જરુર પડ્યે કામ પણ કરે. આવી દોસ્તીમાં જ એ ઢોલક વગાડતાં શીખી ગયેલો. પણ એને ઢોલક લાવી કોણ આપે?

વૅકેશનમાં હું ગયો હોંઉ તો બાબુ નવરો ધુપ હોય. ખેતીનું કામ હોય નહી ને ભણવાનું વૅકેશનમાં બંધ! ઘરનું થોડુંક કામ કરે, મંદીરમાં બાવાજી પાસે ગપાટા મારે અને ‘હમકારો’ સાંભળવા ગામની ભાગોળે હનુમાનની દેરીના ઓટલે બેસે. પણ રાત્રે એ ભજનોની રમઝટ જમાવે. ઉનાળામાં રોજ કોઈકને ત્યાં ભજનમંડળી બેસે. બાબુના

હાથમાં મંજીરાં લઈને તીણો રાગ કાઢીને ભજન ગાય. જો ક્યાંકથી ઢોલક મળી ગયું તો આનંદનો પાર ન રહે. એ મને ભજનમંડળીમાં લઈ જાય. મધરાતે એનો અવાજ ગામના સીમાડાઓ સુધી પડઘાતો : ‘ તારી બેડલીને બુડવા નઈ દઉં જાડેજા રે! ઈમ તોળલ કે’સ જી...’ ‘જી. જી...’ ફરીથી બોલીને એ મંજીરાની રમઝટ બોલાવે. આરતી થાય ત્યારે એનું એક પ્રીય ભજન અચુક સાંભળવા મળે :

‘તમ જમોને જમાડુ રે જીવણ મારા.

વ્હાલાજી મારા ઘેબર, જલેબી ને લાડુ.

જમોને થાય ટાઢુ, રે, જીવણ મારા!’

એક વેળા મને પુછે : ‘ આમાં જલેબી ને લાડુ તો હમજ્યો, પણ ઘેબર સુ સ?’

‘એક જાતની મીઠાઈ.’ મેં કહેલું પણ એને સંતોષ નહોતો થયો. બીજી વાર જવાનું થયું ત્યારે વડોદરાથી યાદ કરીને હું ઘેબર લઈ ગયેલો. જોઈને બાબુ કહે :

‘ઓત્તારીનું, આ તો ખાધેલું.’

‘ક્યાં?’ મેં પુછ્યું.

‘પેલો રબારી નઈ? વીહો? ઈના લગન ટાણે ખાધેલુ. ચોખ્ખા ઘીનુ. ગોગના.’ કહીને એ છલંગ મારતો ઓરડામાં ગયો અને મીઠાઈ પટારામાં મુકીને મારે માટે સુખડી લઈ આવ્યો. અમે ખાતા બેઠા હતા ત્યાં ભાભી આવ્યાં.

www.gujaratilexicon.com

'ભૈ, આને શીખામણ આલો. ભણતો નથ ને ચ્યોંક નટવા બજાણીયાની ટોળી ભેગો હેંડ્યો જ્યો તો મારા તો ભોગ લાગસી.'

'તમને મુકીને ક્યાંક નહીં જાય.'

'ભણસી નૈ ને લખ્ખણ હારાં નૈ હોય તો કન્યા કુણ દેસી?' ભાભીએ ચીંતા વ્યક્ત કરી.

'કો'ક તપ કરતી હશે.'

બાબુ શરમથી લાલઘુમ થઈ ગયો. ઉઠીને ઘરમાંથી ડોલ, દોરડું અને કપડાં લઈને આવ્યો. મને કહે : 'હેંડો, કુવ આબ્બુસ?'

'કેમ?'

'કપડા ધોકાવવાના સ.'

'તને કુવે મુકીને હું આગળ ચાલ્યો જઈશ.' મે કહ્યું.

અમે ચાલ્યા. એની પાછળ કુતરાં તો હોય જ. બજાર વીંધીને જવાનું. એ એક 'દોકાને' થોભ્યો. પછી દોડતો મારી સાથે થઈ ગયો. ગાતો હતો : ' ઓઘડસંગજી રે, તમુંને એક આનો આલ્યો...'

'આ શું ગાય છે?'

'ઓઘડસંગજી...'

'એટલે?'

એણે ચડ્ડીના ખીસ્સામાંથી કાઢીને એક ગોળમટોળ સાબુની ગોટી બતાવી. કઠણ પથ્થર જેવો સાબુ. ઉપર અક્ષરો ઉપસાવેલા 'ઓઘડસંગજી.' એ ગોટી એ એક આનામાં ખરીદી લાવ્યો હતો. એનું પણ એ ગીત ગાય! સ્વભાવે આનંદી. સવારે એનાં બા ખેતર ગયાં હોય અને એ વાસણ માંજતો હોય ત્યારે પણ ગીત ગાતો હોય. ગાતું પંખી જ જોઈ લ્યો!

કુવા પર કન્યાઓ અને વહુવારુઓ પાણી ભરે. બાબુ જેવા થોડાક છોકરાય ખરા. કુવાથી થોડે દુર પડેલા પથ્થરો પર લોક કપડાં ધુએ. બાબુ પહોંચ્યો એની સાથે જ અવાજો સંભળાયા : ' બાબ્ભૈ, આટલો ઘડો ભરી આલો ભૈ!' ને 'ભૈ' કુવામાંથી ડોલ ખેંચીખેંચીને સૌને પાણી ભરી આપે! પાછા ફરતાં મેં જોયું તો બાબુ માથે, શરીરે 'ઓઘડસંગજી' ઘસીને નહાય. કપડાં ધોવાઈ ગયેલાં. નહાતાં નહાતાં ગાતો હતો : 'હરી તારા હજાર નામ, ચીયા નામે લખવી કંકોતરી...'! એક ચડ્ડો પહેરીને ઉઘાડા શરીર પર ખભે ધોયેલાં કપડાં મુકીને હાથમાં ડોલ-દોરડું ઝુલાવતો એ ઘરે આવે. ડોલ પાણીથી ભરેલી હોય. પાછળ ત્રણચાર કુતરાં આવતાં હોય!

'તને આ કુતરાંનો કંટાળો નથી આવતો?'

'ધરમરાજાનેય કુતરું વ્હાલુ હતુ.' એ કહેતો.

'પણ તું તો એક નહીં; આખું સૈન્ય રાખે છે!'

'તે રાખુ સ્તો. એકલદોકલ હોય તો રબારીના કુતરા ફાડી ખાય. આ ચાર સ તીની હોંમે કોઈ કુતરુ આવ સ?'

એમાં જો કોઈ છોકરાએ આવીને ચાડી ખાધી કે ફલાણું કુતરું ખીસકોલી પકડીને ખાતું'તું તો કુતરાનું આવી બન્યું જ સમજવું. બાબુ બેઠો હોય ત્યાંથી ઉભો થાય. કુતરું શોધી કાઢે. એનું જડબું એક હાથે પકડીને બીજા હાથે ફટકારે. એ બોલતો હોય : 'ખલી તો રોંમને વ્હાલી હતી. તુને રોંમની આંગળીયુના ચટાપટા નથ દેખાતા?' હું એને કહું કે કુતરાને એની સમજ ન પડે પણ એ માને નહીં!

મારે વડોદરા જવાનું હોય ત્યારે એ સ્ટેશને અચુક મુકવા આવે. દુરથી ગાડીના ધુમાડાનું છોગું દેખાય ને એ કોઈ લશ્કરમાં સૈનીકને કુચ કરવાની હોય એમ બધું બળ એકઠું કરીને તૈયાર થઈ જાય. ગાડી ઉભી ન રહી હોય ત્યાં તો એ સળીયો પકડીને ચડી જાય. ઉતરનારને ઉતરવા ન દે! 'ભૈ, હેંડો, હેંડો' ની બુમો મારે! ધક્કામુક્કી કરતો એ જગ્યા 'બોટી' લે! હું પહોંચું એટલે એ ડબ્બાની બારીમાંથી ઠેકડો મારીને નીચે ઉતરે. નાનું સ્ટેશન એટલે ગાડી આવી એવી તરત જ ઉપડે. 'એ વે'લા વે'લા પાસા આવજો'ની એ બુમ મારે. જોઉં તો એનું મોં પડી ગયું હોય. ચાલતી ગાડીએ બારીમાંથી હું જોઉં તો એ ધીમાં ડગલાં ભરતો જતો હોય અને પાછળ એવી જ ધીમી ગતીએ ચાલતાં હોય કુતરાં!

www.gujaratilexicon.com

–અનીરુદ્ધ બ્રહ્મભટ્ટ

સન્નીષ્ઠ પ્રાધ્યાપક, વીવેચક, વાર્તાકાર, ચરીત્રકાર અને ‘ભુમીકા’ તથા ‘કીમપી’ સામયીકોના સંપાદક સ્વ. અનીરુદ્ધ બ્રહ્મભટ્ટ ઘણાં લમ લખતા દૈનીકોમાં કૌ. ‘મુંબઈસમાચાર’ની એમની કટાર ‘ચલ મન વાટે ઘાટે’ ખુબ લોકપ્રીય હતી. બ્લડકૅન્સરથી પીડાતા આ કવીની પીડા, ‘મારી શીરાઓમાં અસંખ્ય શ્વેત અશ્વો, ખરી પછાડતા હણહણતા રણે ચડ્યા છે’ કહી પ્રગટે છે. 31મી જુલાઈએ એમણે કાયમી વીદાય લીધી; પણ પહેલી ઓગસ્ટનો ‘મુંબઈ સમાચાર’નો હપ્તો તો સમયસર પહોંચાડ્યો જ! આવા યોદ્ધાને કર્મવીર સાહીત્યકાર ચો સલામ......ઉત્તમ ગજ્જર..

સને 1981માં, આર. આર. શેઠની કંપની મુંબઈ–400 ...002 દ્વારા પ્રકાશીત, લેખકના ચરીત્રનીબંધોના પુસ્તક ‘નામરુપ’(પાન–159 : મુલ્ય રુપીયા - 14)માંથી સાભાર..

@@@

247 : 01-07-2012

# રોજ તારી યાદમાં

-કુમાર જૈમીની શાસ્ત્રી

અનુક્રમણીકા

.1.

આપના જે સ્મીતથી સપનાં ફળે,
એટલો અવસર મને શું ના મળે?

દમ–બ–દમ સાંસા પડે સંગાથના,
કોણ મારી આમ ગાથા સાંભળે?

એ જ કેડી પર દીવાના નીકળે,
જંગલોનાં હાડ જેમાં ખળભળે.

હું બધા સંબંધ છોડી નીકળ્યો,
આપની આંખે હજુ એ ઝળહળે.

ફુલ પણ જોયા કરે અંદાજને,
માર્ગના સૌ પથ્થરો કાં સળવળે?

.2.

આંખના ને આભના બંને અલગ વરસાદ છે,
એકમાં તારી હયાતી, એક તારી યાદ છે.

પાંજરું ખોલી અને આકાશ દર્શાવ્યા પછી,
પાંખ કાપી તેં કહ્યું, 'પંખી હવે આઝાદ છે.'

હોઠ નહીં તારી નજર બોલી રહી છે અલવીદા,
આપણો બસ, આટલો સંબંધ કે સંવાદ છે.

કાચ, સગપણ, બેઉનો આભાસ તુટી જાય છે,
શેષના પુર્ણાંકમાં બસ આપણો અવસાદ છે.

પાનખરને મ્હાત દેવા પુરતું છે આટલું,
ઝાડ ઉભું છે હજુ છો પાંદડું એકાદ છે.

.3.

દંપતીના સ્વાંગ ઘરઘરમાં રહે,
ક્યાં કદી એ સૌ પરસ્પરમાં રહે?

આયનો નહીં એ છબી દર્શાવશે,
ઠેસનું સોપાન ઉંબરમાં રહે.

કેટલી ઓછી મજલ છે ચીસની,
ભીંતના પણ કાન દરદરમાં રહે.

જીંદગીભર સ્થીર ડોળાં જોઈ લો,
બે જ મ્હોરાં રોજ નવતરમાં રહે.

સૌ હથેલીમાં બતાવે તો પછી,
પુર્ણતા ક્યાં રોજ ચંદરમાં રહે?

.4.

સુર્ય ઉગે છે ઢળે છે રોજ તારી યાદમાં,
જાગરણ ટોળે વળે છે રોજ તારી યાદમાં.

હાથમાં અંધાર લઈને સંચરું છું ચોતરફ,
કંઈક ભીતર ઝળહળે છે રોજ તારી યાદમાં.

શ્વાસ ને ઉચ્છ્ વાસનો જોયા કરું છું સીલસીલો,
ને પ્રહર આઠે ભળે છે રોજ તારી યાદમાં.

એક યુગથી દૃશ્યના ઉંઘી ગયેલા કાફલા
સ્વપ્નવેશે સળવળે છે રોજ તારી યાદમાં.

દુર દેશેથી સતત વણઝાર કેરી આવ–જા,
કોણ કોને સાંકળે છે રોજ તારી યાદમાં.

.5.

અશ્રુ એ પુરવાર કરતાં હોય છે,
આંખમાં સાચી સભરતા હોય છે.
કોઈના અનુરોધ પર નીર્ભર નથી,

પુષ્પ આપોઆપ ઝરતાં હોય છે.
છીછરું જળ હોય કે ઉંડો ધરો,
મત્સ્ય સાંગોપાંગ તરતાં હોય છે.

જે નથી ચાલી શક્યા મંઝીલ તરફ,
હસ્તરેખામાં વીચરતા હોય છે.

ઉર્ધ્વતા બસ હોય છે શીખરો સુધી,
સૌ પછી નીચે ઉતરતાં હોય છે.

.6.

એક મઘમઘતી સવારે યાદ આવો છો તમે,
પુષ્પના મોઘમ ઈશારે યાદ આવો છો તમે.

એ કહી શકતો નથી કે શ્વાસનો પર્યાય છો,
શ્વાસ કરતાં પણ વધારે યાદ આવો છો તમે.

જીંદગી નામે નદી બેફામ વહેતી જાય છે,
વૃક્ષ થૈ ઉભો કીનારે યાદ આવો છો તમે.

એક પલકારો કર્યો, ત્યાં કોઈ આવીને ગયું,
શક્યતાના બંધ દ્વારે યાદ આવો છો તમે.
કાફલાઓ યાદના દોડ્યા કરે છે રાતદીન,
ક્યાંય ના પહોંચાય ત્યારે યાદ આવો છો તમે.

.7.

આમ ક્યાં કંઈ ખાસ છું?
બસ! ધબકતો શ્વાસ છું.

સંભવું છું હર પળે,
શક્યતાઓની આસ છું.

લો, નરી આંખે જુઓ,
તરબતર લીલાશ છું.

છું અનાદી વાંસવન,
વીસ્તરણ ચોપાસ છું.

એક દ્વીધા આસને,
'બુંદ છું કે શ્વાસ છું?'

.8.

જીન્દગી કાયમ મને લાગ્યા કરે મેંદી સમી,
રંગ જ્યારે ઉઘડે, વરતાય છે એની કમી.

આર્દ્રતાના દેશ જેવી આંખ તારી ઝંખશે,
નહીં મળે ઝાકળ થવાનું કોઈ કારણ રેશમી.

લઈ સુવાસોની દીશા તારા સુધી આવી ગયો,

કેટલી નક્કર હતી તારા વીશેની બાતમી!

આ નગરમાં એક ટુકડો આભના સાંસાં પડે,
એટલે વીકસી રહ્યો છે માપસરનો આદમી.

એક સોનેરી સપન લઈ તું નીકટ આવી અને,
સાંજના પ્રાંગણ ઉપર મારી ઉદાસી આથમી.

.9.

પથ્થરોએ પણ તરલ રહેવું પડે,
વ્હેણ જ્યારે, જ્યાં મળે, વહેવું પડે.

ઉચ્ચતા પોતે અનન્ય હોય છે,
પ્હાડ અંગે ક્યાં કશું કહેવું પડે?

તું નદીની જેમ વહેતી જાય છે,
પુલ સમ મારે ઉભા રહેવું પડે.

પાળીયાનો અશ્વ જ્યારે હણહણે,
છાપરું ધ્રુજે અને નેવું પડે.

આયનો જોયા કર્યેથી શું વળે?
રુપ જેવું, બીંબ પણ એવું પડે.

.10.

એક જણ માણસ મટી ફોટો થયો,
આમ સાચો આમ એ ખોટો થયો.

સાવ કાચું દેહનું આ કોડીયું,
તેજનો બસ એક લીસોટો થયો.

શ્વાસ ને ઉચ્છ્ વાસના આ ખેલમાં,
કોઈ પાણી, કોઈ પરપોટો થયો.

છે ઉછીની આપણી આ જીંદગી,
કોણ જાણે ક્યાં નફો–તોટો થયો.

કોઈ પણ હસ્તી નથી માણસ વગર,
તોય પડછાયો ઘણો મોટો થયો.

–કુમાર જૈમીની શાસ્ત્રી–

કવીશ્રીના ગઝલસંગ્રહ 'રોજ તારી યાદમાં' (પ્રકાશક: પ્રવીણ પુસ્તક ભંડાર, લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ, પ્રથમ આવૃત્તી: 2009, મુલ્ય: રુ.65)માંથી સાભાર..

(કવી સમ્પર્ક : 14, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા– 389 001 મોબાઈલ : 98250 29657

Email: jns_14@yahoo.in

@@@

248 : 15-07-2012

# જનેતાનું મૃત્યુ

–આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

સવારનો છથી સાતનો સમય એટલે માર્થાનો પોતાનો સમય. જેમ બને તેમ જલદી ઉઠીને તળાવની ફરતેના સુંદર મજાના બગીચામાં લટાર મારવા જવું એને એટલું ગમતું કે, એક દીવસ માટે પણ ચાલવાનું ગુમાવવું એને પોસાતું નહીં. ચાલીને આવે અને ઘરમાં પગ મુકે એ ઘડીથી જ શરુઆત થઈ જતી.

‘મમ્મા, આજે બ્રેક-ફાસ્ટમાં શું બનાવીશ?’

‘મારાં કપડાંને ઈસ્ત્રી નથી કરી? જલદી કરી આપ; નહીં તો મારી સ્કુલ બસ આવી જશે.’

‘મમ્મા, આજે જરા જુદી સ્ટાઈલમાં બે પોની વાળી આપ ને! રોજ એક સરખી એક જ પોની વાળ્યા કરે છે તે!’

બાર વરસનો મોટો દીકરો અને પછી નવ વરસનાં જોડીયાં – દીકરો અને દીકરી. આ ત્રણેને મોટાં કરતાં અને ત્રણેની નવી નવી ફરમાઈશ પુરી કરતાં માર્થાને નાકે દમ આવી જતો. સવારે સાતથી માંડીને રાતના દસ સુધી એ જાણે ઘાણીએ બાંધેલા બળદની માફક પોતાના ઘરસંસાર

ફરતે ગોળ-ગોળ ચક્કર લગાવ્યા કરતી. તેથી જ એ એવું અનુભવતી કે, સવારની એક કલાક ચાલવાની કે દોડવાની કસરત, એને આખા દીવસના કામને પહોંચી વળવા જેટલી ચુસ્ત રાખે છે.

આજે એ રોજ કરતાંય થોડી વહેલી બગીચામાં પ્રવેશી. એને થયું કે, સૌથી પહેલી આવનાર હું જ છું. અડધો કલાક એકધારું જોગીંગ કરીને એ થાકી ગઈ. વાતાવરણમાં ઠંડક હતી તોય એના કપાળેથી પરસેવો નીતરતો હતો. વયસ્કોને બેસવા માટેના બાંકડા પર બેઠેલી સ્ત્રીએ માયાળુ સ્મીત કરતાં કહ્યું,

‘બહુ થાકી ગઈ લાગે છે. આવ, જરા વાર બેસીને આરામ કર.’

જાણે કોઈની કહેવાની જ રાહ જોતી હોય એમ માર્થા તરત ધબ દઈને બેસી પડી. એણે પેલી સ્ત્રીને કહ્યું,

‘હું તમને ઘણી વાર અહીં બેઠેલાં જોઉં છું. તમારું નામ જાણી શકું?’

‘મારું નામ ક્લેરા. પણ દીકરા, તું આટલી વહેલી ચાલવા કેમ નીકળી છે?’

‘વહેલી ન નીકળું તો શું કરું? સાત વાગ્યા પછી તો મારે હળે જોતરાઈ જવું પડે છે. સાચું કહું તો ત્રણ ત્રણ છોકરાંઓને

મોટાં કરવામાં તો જાણે મારી જાત નીચોવાઈ જતી હોય એવું લાગે છે.’

માર્થાની વાત ક્લેરાને પસંદ ન પડી હોય એમ એણે નકારમાં ડોકું ધુણાવ્યું. ‘દીકરા, હમણાં ભલે ભારે લાગે; પણ છોકરાંઓ મોટાં થઈ, ભણી-ગણીને નામ કાઢશે ત્યારે એમની મા હોવા બદલ તું ગૌરવ અનુભવીશ.’ પોતાની પાસેની પ્લાસ્ટીકની થેલીમાંથી પાંઉ કાઢી, એના ટુકડા કરી તળાવમાંની માછલીઓ માટે નાંખતાં એણે વાત આગળ ચલાવી.

‘હું તો કહું છું દીકરા, કે ત્રણ વહાલાં સંતાનોની ભેટ આપવા બદલ જીસસનો આભાર માનવો જોઈએ. તને ખબર છે ને, કેટલાંય કમભાગીઓ એક બાળક માટેય વલખાં મારે છે!’ બોલતાં બોલતાં એના ચહેરા પરનું હાસ્ય વીલાઈ ગયું. માર્થાને એવું લાગ્યું કે, કદાચ એની આંખોમાં ભીનાશ તરવરતી હતી. ક્લેરાનો હાથ સ્નેહથી પકડી લેતાં માર્થાએ કહ્યું,

‘થેન્ક-યુ આન્ટી, મને એક નવી દૃષ્ટી આપવા બદલ. હવેથી હું બાળકોના ઉછેરને વૈતરું ન ગણતાં એક મનગમતું કામ સમજીશ.’

સામેના ઝાડ પર કોઈ પક્ષીએ માળો બાંધ્યો હતો. એ તરફ આંગળી ચીંધતાં ક્લેરાએ કહ્યું, ‘જો પેલી મા. કદાચ

તારા ને મારા કરતાં વહેલી ઉઠીને કામે લાગી હશે. પોતાનાં બચ્ચાંઓ માટે ખોરાકની શોધ કરવામાં અત્યાર સુધીમાં સોએક ચક્કર તો લગાવી ચુકી હશે; પણ છે એને કશી ફરીયાદ?' અત્યંત દર્દભર્યા સ્વરે વાત પુરી કરતાં ક્લેરાએ જાણે સ્વગત બોલતાં હોય એમ કહ્યું.

'બચ્ચાં વીનાના ખાલીખમ માળાનો સુનકાર કેવો અસહ્ય હોય છે એ તો જેણે અનુભવ્યું હોય એ જ જાણે.'

બે દીવસ પછી ફરીથી માર્થા અને ક્લેરા વચ્ચે હાય-હલ્લો થયું. ક્લેરાએ કહ્યું, 'મારે તને કંઈક બતાવવું છે. સમય છે તારી પાસે?'

'હા હા વળી, બતાવો. શું બતાવવું છે?' માર્થા બાંકડા પર ક્લેરાની પાસે બેસતાં બોલી. ક્લેરાના મોઢા પર જાણે દુ:ખની કાળી ભમ્મર વાદળી આવીને બેસી ગઈ હોય એવું લાગ્યું. પોતાનો સતત ધ્રુજ્યા કરતો હાથ ફ્રોકના ખીસ્સામાં નાખી એણે એક પેપરનું કટીંગ બહાર કાઢ્યું અને માર્થાને કહ્યું, 'વાંચ.'

વાંચીને માર્થા સ્તબ્ધ થઈ ગઈ! અસલ ક્લેરા જેવો જ ચહેરો ધરાવતા તેર-ચૌદ વરસના કીશોરના હસી રહેલા ફોટા નીચે લખ્યું હતું : 'માર્ટીન ડીસોઝા તે ક્લેરા ડીસોઝાના પુત્રનું અકસ્માતમાં થયેલું મૃત્યુ'. જરાક કળ વળતાં માર્થાએ પુછ્યું, 'ક્યારે, એટલે કે, કેટલા વખત પહેલાં એ ગુજરી ગયો?'

કશાક બીજા જ વીચારમાં હોય એમ ક્લેરા બોલી,

'માય સન, માય સન માર્ટીન. વેરી બ્રાઈટ, વેરી લવીંગ. એ છે જ. મારી સાથે જ છે, મારી પાસે જ છે. જે દીવસે હું મરીશ તે દીવસે એનું મૃત્યુ થશે.' માર્થા સામે નજર પણ કર્યા વીના ક્લેરા ઉભી થઈને ચાલવા માંડી. પછી કેટલાય દીવસો સુધી ક્લેરા દેખાઈ જ નહીં. બગીચામાં જાય ત્યારે રોજ માર્થા એને અચુક યાદ કરતી પણ એને વીશે પુછવુંય કોને?

ત્રણેક મહીના પછી એક દીવસ માર્થા પેપરનાં પાનાં ઉથલાવી રહી હતી ત્યાં અચાનક એની નજર ક્લેરાના ફોટા પર પડી. એની જુવાનીના દીવસોનો ફોટો હોય એવું લાગ્યું. એને ગળે હાથ વીંટાળીને હસી રહેલો માર્ટીન પણ ફોટામાં સાથે હતો. ફોટાની નીચે નોંધ હતી : ' માર્ટીન, ડીસોઝાનાં વહાલસોયાં મા ક્લેરા ડીસોઝા ઈસુના ચરણે સીધાવ્યાં.'

બાલ્કનીમાંથી દેખાતા સામેના ઝાડ પરના માળામાંથી કદાચ ઈંડાં પડી ગયાં હતાં. ચીં ચીં કરીને ચીત્કાર કરી રહેલી ચકલીને માર્થા આંસુભરી આંખે જોઈ રહી હતી, એનાથી મનોમન બોલાઈ ગયું :

'ગુડ બાય માર્ટીન એન્ડ ગુડ બાય ક્લેરા!'

(અંતરા ઘોષની અંગ્રેજી વાર્તાને આધારે)

તા. 01/02/2012ના ‘ભુમીપુત્ર’ પાક્ષીકના છેલ્લે પાનેથી સાભાર...

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

બી–401, દેવદર્શન, હાલર, વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

@@@

249 : 29-07-2012

# ભાભી

-તરુ કજારીયા

અનુક્રમણીકા

‘અરે યાર, આય એમ જેલસ ઓફ ધીસ પર્સન – ‘ભાભી’! દીવસમાં દસ વાર તમારા મોં પર એનું નામ હોય છે!’

ત્રીસેક વરસ પહેલાં રાજકોટની એક કંપનીમાં સવા વરસ મેં જૉબ કરેલી. ત્યારે મારી બાજુની કૅબીનમાં બેસતા એક યંગમૅને આ શબ્દો મને કહેલા. કંપનીના મૅનેજીંગ ડીરેક્ટરનો એ પુત્ર અમેરીકાથી મૅનેજમૅન્ટનો અભ્યાસ કરીને નવો નવો જ રાજકોટ પાછો ફર્યો હતો.

કલ્ચર શૉકની અસર તાજી જ હતી. એવામાં મારા જેવી કલક્તામાં ઉછરેલી અને મુંબઈમાં રહેલી યુવતીની કૅબીન તેની બાજુમાં હતી એ (તેના જ શબ્દોમાં) તેને માટે ‘આશીર્વાદ’ સમું હતું. મારી સાથે સંવાદનો દોર એ સહેલાઈથી સાધી શકતો. પણ તેને મારી સામે આ ફરીયાદ હમ્મેશાં રહી. મને લાગે છે એ નીખાલસ હતો; એટલે કદાચ તેણે મને આ વાત મોઢા પર કહી દીધી હતી. પરંતુ ગયા મહીને મારાં ભાભીનું મૃત્યુ થયું. મારા તમામ મીત્રો, સ્નેહીઓ અને સ્વજનો

પાસેથી જે એક વાક્ય અચુક સાંભળવા મળ્યું તે આ હતું : ‘તને તો એમની ખોટ બહુ સાલશે... તારા મોઢે તો બસ ભાભી, ભાભી, ભાભી... એક જ નામ સાંભળ્યું છે!’

હા, માત્ર મારા હોઠ પર જ નહીં; મારા સમગ્ર જીવનમાં તેઓ એટલી હદે વણાઈ ગયાં હતાં કે મારા વીચારો અને મારી વાતોમાં તેમની હાજરી હમ્મેશાં રહેતી. આજે કમ્પ્યુટર પર લખાયેલો કોઈ શબ્દ કેટલી વાર આવ્યો તે જાણવું હોય તો ‘ફાઈન્ડ કી’ની મદદથી જાણી શકાય છે. થાય છે, છેલ્લાં છત્રીસ વરસમાં મારા મોઢે આ નામ કેટલી વાર આવ્યું એ જાણવાની કોઈ ચાવી – ‘ફાઈન્ડ–કી’ હોત તો!

કોણ છે આ ‘ભાભી’?

સગપણમાં એ મારાં સાસુ; પણ ઘરમાં નાનપણથી બધાં બાળકો તેમને બા કે મમ્મી કહેવાને બદલે ‘ભાભી’ કહેતાં. એટલે દીકરાની વહુઓ અને જમાઈઓ પણ તેમને ભાભી જ કહે. જો કે આ સાસુ કે તેનો અંગ્રેજી પર્યાય ‘મધર-ઈન-લૉ’ મને ગમતો નથી. વણકહે પણ એક પ્રકારનું અંતર એમાં ડોકાય છે. જ્યારે ભાભી સાથેનો મારો સમ્બન્ધ અત્યન્ત ગાઢ અને અનોખો હતો. મારી બા સાથે મેં જીન્દગીનાં બાવીસ વરસ વીતાવ્યાં હતાં, જ્યારે ભાભી સાથે હું પાંત્રીસ વરસ રહી. મને ભાભી પાસેથી બાની હુંફ મળી અને એક ભાભી સાથે સાધી શકાય તેવું સખ્ય પણ મળ્યું.

એમનું નામ સરલાબહેન. 'યથા નામ તથા ગુણ' જેવું જ તેમનું સરળ વ્યક્તીત્વ. હૈયા અને હોઠ વચ્ચે કોઈ વાંકી કેડી ન મળે. ચાર ફીટ દસ ઈંચનું નાજુક કદ, પાતળી કાયા, ઉજળો વાન, અણીયાળું નાક, ઝીણી સૌમ્ય આંખો, પાતળા ગુલાબી હોઠ અને ચહેરા પર છલકતી ગરવી ખાનદાની. એ નાજુક રુપાળી ભાટીયાણી સાથે આ જૈનની દીકરીના સમ્બન્ધની સફર આજથી છત્રીસ વરસ પહેલાં શરુ થઈ. ૧૯૭૫થી ૨૦૧૦ સુધી અમે બન્ને સાથે રહ્યાં. વચમાં માત્ર એક વરસ મારે રાજકોટ રહેવાનું થયું એટલો જુદારો થયો.

સાડાત્રણ દાયકાની આ સહીયારી જીવનયાત્રામાં મેં ભાભીને કેટકેટલા ભીન્ન મુકામો પર જોઈ! એ પહેલાંની તેમની જીન્દગી વીશે પણ જાણ્યું અને આશ્ચર્યચકીત બનતી ગઈ! ગોવાના એક સુખી ભાટીયા પરીવારની એ દીકરી, પાંચ ભાઈઓની એકની એક બહેન હતી. હું પરણીને આવી પછી શરુઆતના દીવસોમાં કલકત્તાના અમારા આલીશાન દીવાનખાનામાં બપોરનો આરામ કરતાં કરતાં અમે વાતોએ વળગતાં. હું ભાભીને તેમનાં બાળપણ અને પીયરઘરની વાતો પુછતી. આવી જ એક બપોરે તેમની પાસેથી જાણ્યું હતું કે તેમનાથી મોટા બે ભાઈઓ તો કીશોર અને યુવાવસ્થામાં જ મૃત્યુ પામ્યા હતા. તેના આઘાતમાં તેમનાં મા પણ પીસ્તાલીસેક વરસે ચાલી નીકળ્યાં હતાં. એ વખતે મને બહુ

જ નવાઈ લાગેલી કે તેમની વાતો સાંભળીને મારી આંખોમાંથી આંસુ સરતાં રહ્યાં હતાં; પણ ભાભીની આંખમાં જરીકે ભીનાશ નહોતી મળી. એ નાજુક સ્ત્રીની મજબુતી મને અચંબીત કરી ગઈ હતી!

ભાભીને પરણીને આવ્યાં, ત્યારે તેમના સસરાએ પોતાના એકના એક દીકરાની વહુ માટે કલકત્તામાં એ પાંચ માળનું મકાન બનાવડાવ્યું હતું. પોતાની પુત્રવધુને ભાડાના ઘરમાં ગૃહપ્રવેશ નહોતો કરાવવો એટલે કડીયાઓને–મજુરોને તાકીદ કરીને એ મકાન લગ્ન પહેલાં જ તૈયાર કરાવી લીધું હતું. બૅલ્જીયમ ગ્લાસના સોળ મોટા-મોટા અરીસાઓ અને સ્ટેઈન્ડ ગ્લાસથી મઢેલાં સીસમનાં લાકડાંના દરવાજાઓવાળા વીશાળ દીવાનખાનામાં પંદરમે વરસે ભાભી નવવધુ બનીને આવ્યાં ત્યારનો તેમનો એક ફોટો જોયેલો. એકદમ બાલીકાબધુ લાગતાં હતાં. એ ઘરના ઘર, સુખ-સાહ્યબી અને નોકર-ચાકરની જાહોરલાલીમાં તેમની જીન્દગીનાં આરંભનાં વરસો વીત્યાં. ભાભી ત્રણ દીકરા અને ચાર દીકરીઓની મા બન્યાં. બધાં ભણી-ગણી અને પરણી પણ ગયાં.

સુખના દરીયામાં ભરતી જ ભરતી હતી અને ભાભી એ બધું ગરીમાપુર્વક પચાવીને રહેતાં હતાં. તેમના સ્વભાવની કુણપ અને હૃદયની અનુકંપા પણ એવી જ છલોછલ હતી. એ વીશે મને અમારા એક ફોઈબા (ભાભીના નણંદ) પાસેથી

જાણવા મળ્યું. ચંપાફુઈને લગ્નજીવનના આરંભના બે દાયકા ખુબ આર્થીક સંકડામણ અને અભાવનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ એ અરસામાં ભાભીએ તેમનું ખુબ જ ધ્યાન રાખ્યું. પતીને પણ ખ્યાલ ન આવે એમ નણંદના ઘરની જરુરીયાતો પુરી કરી દેતાં. વારે-તહેવારે પોતાનાં બાળકોની હારોહાર તેમનાંય બાળકોનાં પણ કપડાં ને બીજી-ત્રીજી જરુરીયાતોની કાળજી લેવાઈ જતી. આ વીશે આ પાંત્રીસ વરસમાં મેં ભાભીના મોઢે એક અક્ષરેય સાંભળ્યો નથી. આજે પણ ફોઈનાં દીકરા-દીકરીઓ જે અહોભાવથી ‘મામી’ને યાદ કરી ગદ્  ગદ થાય છે તે ભાભીની દરીયાદીલીનો પુરાવો છે.

અન્ય સગા-સ્વજનો પ્રત્યે કે નોકર-ચાકર પ્રત્યે પણ ભાભીનો વર્તાવ આવો જ સહાનુભુતીભર્યો. દુન્યવી દોલતનું અભીમાન તેમની વાણી કે વ્યવહારમાં ક્યારેય જોયું નથી. પરંતુ તેમના પોતાના જીવનનો કસોટીકાળ ઉત્તરાવસ્થામાં લખાયેલો હતો તેની કોને ખબર હતી! સીત્તેરના દાયકાનાં છેલ્લાં વરસોથી ભાભીના જીવનમાં વીપદનાં વાદળો ઘેરાવા લાગ્યાં. પેલું મકાન અને આઠ દરવાજાની મોટી દુકાન વેચીને, ભાડાના એક નાનકડા ઘરમાં રહેવાનો દીવસ આવ્યો. કલકત્તામાં જેમણે ભાભીની જાહોજલાલી જોઈ હતી એ લોકોને ભાભીને આ સ્થીતીમાં જોઈને ખુબ લાગી આવતું. પણ એ બાબતે ભાભીની આંખમાં મેં ના તો કદી આંસુ જોયાં; ના કદી

એમના હોઠ પર ફરીયાદ સાંભળી! એ દીવસો મારા લગ્નજીવનના પણ શરુઆતના જ દીવસો હતા. સંસારની આ આસમાની-સુલતાની જોઈ હું દુ:ખી થઈ જતી. પરંતુ ભાભીની સ્વસ્થતા અને સંયમ જોઈ, એ દુ:ખને ભીતર ભંડારી રાખવાની તાકાત મળી.

પછી તો એ શહેર છોડીને મુંબઈ આવીને વસ્યાં. ધંધામાં ગયેલી ખોટનો સામનો નહીં કરી શકાતાં, એક પુત્રે ગૃહત્યાગ કર્યો. તેના એકાદ વરસ બાદ પુજ્ય ભાઈનું (સસરાજીને ઘરમાં બધાં ‘ભાઈ’ કહેતા) અવસાન થયું. ભાઈ પણ ભગવાનનું માણસ હતા. તેમના અવસાન પછી મારાં બા–બન્ધુબહેન મેઘાણીએ પોતાની બહેન પર લખેલા પત્રનો આ અંશ તેમનો આછેરો પરીચય કરાવી શકશે:

‘તરુને રાજકોટ પત્ર લખ્યો છે. આવી પરીસ્થીતીમાં એના સસરા મનની ખાનદાનીની ખુશબો બરાબર સાચવીને સુખે, શાન્તીથી, વગર પીડાએ, પ્રભુના શરણમાં પહોંચી ગયા. ખરેખર ભગવાનના માણસ અતીશય ભલા હતા. હંમેશાં અમને કહેતા, ‘કાંઈ ચીંતા કરશો મા. બધું સારું થઈ જશે,’ અરે, મહેલમાં રહેનારા રસ્તે નીકળી પડે ત્યારે સતજુગના રામના દીવસો યાદ આવે! પણ એ તો અમે તેમને ઘરે જઈએ ત્યારે આ શબ્દો યાદ કરતા અને વેળા પડી એને મનમાં જીરવી રહેતા:

'સુખ-દુ:ખ મનમાં ન આણીએ, રઘુનાથનાં જડીયાં,

સંકટ સઘળાં સહીએ ને મુખથી સાચું કહીએ'

સત્તાવન વરસે વીધવા થયેલાં ભાભીએ ભાઈ વીના ૨૯ વરસ વીતાવ્યાં! પેલા દીકરાની ભાળ ભાભી જીવ્યાં ત્યાં સુધી મળી જ નહીં! બાકીનાં સંતાનોની જીન્દગીની ગાડીઓ તો ચડી ગઈ પાટે; પણ ભાભીના મોઢે ક્યારેય પોતાના જીવનની કરુણાંતીકાઓ વીશે એક હરફ પણ સાંભળ્યો નથી. મારી બાએ ૧૯૮૧માં ભાભીને એક પત્રમાં લખેલું તે યાદ આવે છે:

'વહાલાં સરલાબહેન, તમારી હરસમયની સ્મૃતી અને અહીંના સહવાસની છબી મારા અંતરથી પળ પણ અળગી થતી નથી. ધરતીમાતા જેવી તમારી ધીરજ અને સહનશીલતાની તમારી તાકાત મેં નજરોનજર જોઈ છે. તમારા સહુના ટેકે ટકી રહી છું.'

સતત ઘરનાં કામ-કાજ અને વટ-વ્યવહારમાં વ્યસ્ત રહેવું ભાભીને બહુ ગમતું. ચોખ્ખાઈનો તેમનો ખ્યાલ ધર્મને રંગે રંગાયેલો હતો એટલે એઠાં-જુઠાંની શીસ્ત પાળવા હાથ ધોવાનું મહત્ત્વ ઘણું હતું. વારંવાર હાથ ધોવાનો તેમને ક્યારેય કંટાળો નહોતો આવતો.

તેમની કાર્યપ્રીતી તો ગજબની હતી. પચાસ વરસે તેમને પગમાં વાની તકલીફ થઈ હતી. ઘુંટણ પાસે ખુબ

દુ:ખાવો થાય. ડૉક્ટરે કહેલું કે હરતાં-ફરતાં રહેજો; નહીં તો પગ જકડાઈ જશે. અને ભાભી દુ:ખતા પગે ઘરની ખરીદી કરવા ચાલીને જાય અને સીડીની ચડ-ઉતર ચાલુ જ રાખે. પોતાની કોઈ પણ શારીરીક પીડા કે માનસીક વ્યથાને ગાઈ-વગાડીને કહેવાનું તેમના સ્વભાવમાં જ નહોતું. સવારના ચાર ડીગ્રી તાવ હોય અને બપોરના ગેસ ઉપર તાવડો મુકી કડક પુરી કે સક્કરપારા બનાવતાં મેં ભાભીને જોયાં છે. એવો જ એમનો વ્રત-ઉત્સવોને ઉજવવાનો ઉમળકો. શીતળા સાતમને દીવસે કે દીવાસાને દીવસે દીકરીઓ કે નણંદોને ઘરે ચાંદીના લોટામાં દહીં ને ફ્રુટના ટોપલા ભરીને મોકલવાના હોય કે દીવાસાના જવારા વાવવાના હોય, તેમને બધું યાદ હોય અને સમયસર બધું કરે–કરાવે. વાર-તહેવારે પહેરી–ઓઢીને વડીલોને પ્રણામ કરવા જવાનું કે સગા-સમ્બન્ધી ને પાસ-પાડોશના સારા-માઠા પ્રસંગોએ ત્યાં પહોંચી જવાનું પણ એ ક્યારેય ચુક્યાં નથી.

ભાભીની સરળતાનો અને ગભરુપણાનો લોકો ગેરલાભ લેતા ત્યારે મને બહુ ગુસ્સો આવતો. પણ તેમને એમાં કંઈ ગુમાવ્યાનો અનુભવ ન થતો. મુંબઈમાં શીવાજીપાર્ક રહેતાં ત્યારે ભાભી કોઈકને ફોન કરવો હોય તો પણ ડરતાં-ડરતાં કરતાં. બધા ઘરમાં હોય તો ફોન કરવાનું ટાળતાં. ધીરે ધીરે એમનો એ સંકોચ દુર કરવામાં હું સફળ થઈ તેનો મને

આનંદ હતો. બદલાતાં સંજોગો સાથે ઝાઝો ઉહાપોહ કર્યા વીના તાલ મીલાવી લેવાની ભાભીની કુનેહ મને તાજ્જુબ કરી દેતી! અમારા પરીવારમાં નોકરી કરનાર હું પહેલી સ્ત્રી હતી. પણ મારા વ્યવસાયી રુટીન સાથે તેમણે સહેલાઈથી અનુકુલન સાધી લીધું. શરુઆતના એ સમયમાં મારા નાના દીકરાને ભાભીએ જીવની જેમ સાચવ્યો અને એ દાદી-પોતરા વચ્ચેનું બોન્ડ છેવટ સુધી અનેરું અને અતુટ રહ્યું.

અમારી વચ્ચેની રીલેનશીપ એટલી મુક્ત હતી કે મારી ઓફીસ અને કલીગ્સની વાતો કે મારા પીયરની બધી વાતો પણ ખુલીને ભાભી સાથે થઈ શકતી. બહાર ફરવા ગયા હોઈએ અને ખરીદી કરી હોય તો ઘરમાં આવીને પહેલાં ભાભીને એ બધી ચીજો હું હોંશથી બતાવું અને ભાભી પણ એટલા જ ઉત્સાહથી બધું જુએ અને કોને માટે શું લાવી છું એ રસપુર્વક જાણે. મારા જીવનનાં કેટલાંક સત્યો વણકહે ભાભીએ કથી લીધાં અને તેની સાથે સહમત ન હોવા છતાં એ સમભાવે સ્વીકારી લીધાં. ઉંમર અને માનસીક ભુમીકાની દૃષ્ટીએ અમારાં બન્ને વચ્ચે આમ તો ખાસ્સું અંતર હતું. મા-દીકરીની વચ્ચે થાય તેવા મત-ભેદ પણ અમારી વચ્ચે હતા જ; પરંતુ અમારી વચ્ચે જે નીકટતા સ્થપાઈ હતી એ અભુતપુર્વ હતી. કોઈ પણ વાત છુપી રાખવાની જરુર જ ન

રહે એવા સાસુ-વહુ વચ્ચેના સમ્બન્ધો સ્વયં એક ઘટના ન ગણાય?

આવાં આ ભાભીએ આઠમી ઓક્ટોબરે, પહેલા નોરતાની સાંજે, ૮૬ વરસની વયે જીવન– લીલા સંકેલી લીધી ત્યારે મેં મારી બીજી મા ગુમાવી. છેલ્લાં બે વરસથી ભાભી પગમાં કપાસીની પીડાથી હેરાન હતાં. ઘણા ઉપચારો કર્યા છતાં વારંવાર ત્રાટકતી એ પીડાએ છેલ્લા નવેક મહીનાથી તેમની હર-ફર ઉપર રોક લગાવી દીધી હતી. એ ઉપરાંત વૃદ્ધાવસ્થા અને પાર્કીન્સન્સ. છેલ્લે ત્રણ અઠવાડીયાં પહેલાં પડી ગયાં અને માથામાં ઈજા થઈ. બીજે દીવસે એમ.આર.આઈ. કરાવ્યું. રીપોર્ટ નોર્મલ આવ્યો. અમે ચીંતામુક્ત બન્યા. પણ પછીના દીવસથી આંખ ખોલવાનું અને બોલવાનું લગભગ નહીંવત થઈ ગયું હતું. આખો સમય સુતાં જ હોય. સીનીયર ડૉક્ટરને કન્સલ્ટ કરીને તેમની સારવાર સુશ્રુષા ઘરે જ ચાલુ રાખ્યાં હતાં. આખી જીન્દગી સ્વનીર્ભર રહેલાં ભાભી નાના બાળકની જેમ એકે-એક જરુરીયાત માટે અવલંબીત થઈ ગયાં હતાં. તેમને ઉઠાડીને ખોરાક, પાણી, દવા ઈત્યાદી અને અન્ય સંભાળ રાખવાનું સમયસર થતું હતું. એ વખતે હોઠ ભીડી રાખે ત્યારે 'ભાભી, મોં ખોલો...આઆઆ...ઉ...ઉ...!' કરીને ફોસલાવતાં 'દાદી...કાળી લીટીવાળી પીપર ખાવી છે?... હેય...?

જુઓ...જુઓ...દાદીએ આંખ ખોલી... આજે તો આપણી દીવાળી...!’ આવા સંવાદોની આપ-લે રોજીન્દી થઈ ગઈ હતી. સ્વજનોની આવ-જા શરુ થઈ ગઈ. બધા ભાભીને જોવા આવ્યાનો સંતોષ લેતા; પણ ભાભી, હવે કોણ આવ્યું કે ન આવ્યુંના પ્રદેશથી ઘણી દુર નીકળી ચુક્યાં હતાં. ભાગ્યે જ તે મુલાકાતીઓના સવાલોનો રીસ્પૉન્સ આપતાં. ભાભીને મળવાનો કે તેમની સાથે વાત કરવાનો સમય હવે પુરો થઈ ગયો હતો! મૃત્યુ દબાયેલાં પગલે નીકટ આવી રહ્યું હતું અને પ્રતીદીન તેનો પગરવ મોટો ને મોટો થતો જતો હતો. જીન્દગીની આ અફર વાસ્તવીકતા પોતાના આગમન માટે અમને સજ્જ કરી રહી હતી; છતાંય મૃત્યુ તદ્દન સામોસામ આવી ઉભું ત્યારે હરીન્દ્ર દવેના શબ્દો ફરી એક વાર જીવતા થઈ ગયા: ‘શાણપણની સઘળી દીવાલો હચમચી ઉઠી!’ મારી જીન્દગીનો પણ એક અધ્યાય સમાપ્ત થયો. છેલ્લે તેના કાનમાં કહી દીધું હતું ‘ચીંતા ન કરતી. હું બધું સંભાળી લઈશ.’

આજે દીવસો વીતતા જાય છે. સાંજ પડે ઑફીસેથી ઘર ભણી જવા નીકળું છું ત્યારે ભાભી વગરના ઘરનો સામનો કરવાનો છે એ વીચાર ઉદાસ બનાવી મુકે છે. પણ ભાભીના પુત્ર અને પૌત્રને ઉદાસીના ડુંગર તળેથી બહાર કાઢવાના છે એ વાતે શાણપણની સમ્પત્તીને થામી લઉં છું અને ‘સરહદનો

સીપાહી’ (મારી બા મારે માટે આ વીશેષણ પ્રયોજતી) બનીને ઘરે પહોંચું છું – હસતી..હસતી! અને પ્રતીદીન મારી જાતને ભાભીની સારપ અને સહૃદયતાની નીકટ પામું છું. તેના અતીઔદાર્યથી ક્વચીત અનુભવેલી નારાજગી બદલ આજે હસવું આવે છે. કેમ કે હવે સમજાય છે કે એ તો એવી જ હતી – સારમાણસાઈથી સભર સભર!

(લેખ લખાયો - નવેમ્બર ૨૦૧૦)

–તરુ કજારીયા

મેઘાણી પરીવારમાં કલકત્તામાં જન્મેલાં લેખીકાબહેને ચોવીસ વરસ મુમ્બઈમાં ‘જન્મભુમી’ જુથનાં અખબારોમાં વીવીધ વીભાગોમાં કામ કર્યું.. સાતેક જેટલાં મઝેદાર પુસ્તકો આપનાર આ લેખીકાને પાંચેક પારીતોષીકોયે મળ્યાં છે. હાલ તેઓ ‘મુમ્બઈ સમાચાર’ દૈનીકમાં એમની શનીવારી કટાર ‘નીજ નગરીયાં’ અને ‘મીડ–ડે’માં દર મંગળવારે કટાર લખે છે.

લેખીકા સમ્પર્ક :

TARU KAJARIA

303 Kamala Vihar - ‘G’, Mahavir Nagar, Kandivali (w), Mumbai – 400 067 - India

Mobile : 099870 74946

eMail - tkajaria5@yahoo.co.in

@@@

250 : 12-08-2012

## ‘મૌનની મહેફીલ’

## ગઝલ

– હર્ષ બ્રહ્મભટ્ટ

અનુક્રમણીકા

.1.

અમે રાખમાંથીયે બેઠા થવાના,
જલાવો તમે તોયે જીવી જવાના.

ભલે જળ ન સીંચો તમે તે છતાંયે,
અમે ભીંત ફાડીને બેઠા થવાના.

ધખો તમતમારે ભલે સૂર્ય માફક,
સમંદર ભર્યો છે, ન ખૂટી જવાના.

ચલો હાથ સોંપો, ડરો ના લગીરે,
તરી પણ જવાના ને તારી જવાના.

સજગતા, સહજતા અને સાહસીકતા,
અમે તક ન એકેય ચુકી જવાના

.2.

મેં જ તો એને સતત ઝંખી હતી,
વેદના મારી જીવનસંગી હતી.

વાંસવન જેવું બનેલું મન છતાં,
વાંસળીની ચોતરફ તંગી હતી.

ડાઘ ક્યાંથી આટલા લાગી ગયા,
જીંદગી હમણાં જ મેં રંગી હતી.

સાવ લીલી થઈ ગઈ છે લાગણી,
એક સુક્કી ડાળખી ડંખી હતી.

એક તરણાનો સહારો ના મળ્યો,
કમનસીબી ફ્હાડ શી જંગી હતી.

મેં તરાપો પાણીમાં મુક્યો અને,
એકદમ વ્હેતી નદી થંભી હતી.

.3.

ચોતરફ તાળાં, ન એકે કળ હતી,

હાથમાં મારા, ફક્ત અટકળ હતી.

ભર ઉનાળે એ નદી થીજી હતી,
પણ બરફની ભીતરે ખળખળ હતી.

આમ ભીંજાતો હતો વરસાદમાં,
ને હ્રદયમાં કેટલી બળબળ હતી.

દ્વાર મનનાં આમ તો ખુલ્લાં હતાં,
અદૃશ્ય એવી આમ કાંઈ સાંકળ હતી!

ભુગર્ભમાં અણુધડાકાની પળે,
પથ્થરો પર ફુંટતી કુંપળ હતી.

કાચ માફક એ સમય ફુટી ગયો,
ને કરચ થઈ વાગતી પળપળ હતી.

પંખીઓની પાંખ કોણે છીનવી?
આભમાં પણ કેટલી ખળખળ હતી.

કાન માંડી સાંભળી છે મેં સદા,

રેતમાંયે કેટલી ખળખળ હતી.

.4.

શાંત જળને ડહોળવા જેવાં નથી,
નાગ આ છંછેડવા જેવા નથી.

ગુંગળામણ જગત આખાને થશે,
સ્વપ્નોને સળગાવવા જેવા નથી.

પ્હાડ પીડાના ભલે મોટા થતા,
કીન્તુ એ ઓગાળવા જેવા નથી.

કે સહી લઈશું અમે વરસાદને,
તાર જળના છેડવા જેવા નથી.

એ પછીનું જીવવું અઘરું થશે,
કોઈનાં મન વાંચવા જેવા નથી.

છે કપાતર વંશ આખો એમનો,
ઝાંઝવા ઉલેચવા જેવા નથી.

.5.

વેદનાની વાટ લઈને આવ તું,
કોડીયું થૈ હું ઉભો, પેટાવ તું.

ધ્રુજતા અંધારને તડકાવ તું,
સૂર્ય એકાદો હવે છલકાવ તું.

વીજ કૈં ઝબકી ઉઠે છે લોહીમાં,
પાંપણો ધીમેકથી પલકાવ તું.

કૈં યુગોથી સાવ થીજી જે ગઈ,
એ નદીને આજ તો તણખાવ તું.

આપણા હોવા વીશેના અર્થને,
આંસુ સીંચીને હવે ફણગાવ તું.

.6.

હું યુગોથી વાટ તારી જોઉં છું,
આંખના પલકારની ફુરસદ નથી.

શબ્દ સાથે સંવનન ચાલ્યા કરે,

શ્વાસ લેવાની મને ફુરસદ નથી.

તરસ સહરાની મને લાગી છતાં,

પાણી પીવાની મને ફુરસદ નથી.

યાદ એની ચોતરફ વેરાયેલી,

વીસ્મરણની પણ મને ફુરસદ નથી.

રત્ન નહીંતર ક્યાં હથેળીમાં નથી?

પણ નીરખવાની મને ફુરસદ નથી.

.7.

સુખ વીશે જ્યાં હેસીયતની બ્હાર બોલ્યો,

સ્વપ્ન જુએ છે? તરત અંધાર બોલ્યો.

કોઈ ના માન્યું, વધારે સાવ બગડ્યું,

હા, ઘણીવેળા થયું બેકાર બોલ્યો.

લાગણી સ્પર્શી અને મુંગી રહી ગઈ,

આવડે એવું બધું વ્યવહાર બોલ્યો.

કેટલાં વરસો ગયાં એ ભુંસવામાં,

ક્રોધમાં જે શબ્દ હું બે–ચાર બોલ્યો.

ખુબ ઉંડી છે કહી સહુએ વધાવી,
વાત મામુલી અગર વગદાર બોલ્યો.

એક વેળા સાંભળ્યું મે આતમાનું,
ત્યારથી વચ્ચે એ વારંવાર બોલ્યો.

.૪.

સાવ તકલાદી જ લીધા શ્વાસ આખ્ખી જીંદગી,
ઝાંઝવા ઉપર કર્યો વીશ્વાસ આખ્ખી જીંદગી.

મુક્ત મન રાખી ભરાયું એક પણ ના ડગ અહીં,
ગોખવો કાયમ પડ્યો ઈતીહાસ આખ્ખી જીંદગી.

મધ–મદીરા, જળથી ગંગાજળ સતત ક્યાં ક્યાં ગયો?
ના વધી કે ના ઘટી એ પ્યાસ આખ્ખી જીંદગી.

છેક મૃત્યુ લગ હશે કઈ આશમાં આ હર્ષજી,
હા, રહ્યા ગણતા દિવસ ને માસ આખ્ખી જીંદગી.

યાદનું આ એક ચાંદરણું ગજબનું નીકળ્યું,
સાવ અંધારે મળ્યો અજવાસ આખ્ખી જીંદગી.

.9.

ફુલ અને શમણાંની વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે,
વરસો ને હમણાંની વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે.

આભ ને આ ધરતી વચ્ચે, ઓટ અને આ ભરતી વચ્ચે,
બમણાં ને તમણાંની વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે.

ઝાકળ ને તડકાની વચ્ચે, વ્હાલ અને છણકાની વચ્ચે,
શ્વાસોની રમણાની વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે.

મુળ અને આ ફળની વચ્ચે, યુગ અને આ પળની વચ્ચે,
જીવતરની ભ્રમણા વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે.

શબ્દ અને આ સુરની વચ્ચે, કાંઠા ને આ પુરની વચ્ચે,
નહિવત્ અને ઘણાની વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે.

.10.

એકલો હું ક્યાં કદીયે હોઉં છું,
હું હંમેશા મારી સાથે હોઉં છું.

મૌનની મહેફીલ અનેરી હોય છે,
હું જ શાયર હું જ શ્રોતા હોઉં છું.

સુર્યોદય કેવો થયો મારી ભીતર,
પહાડ જેવો હું પીગળતો હોઉં છું.

નાદરૂપે હું પ્રગટતો હોઉં છું,
હું જ વીણા, તાર પણ હું હોઉં છું.

ડુબવા, તરવા વીશે ક્યાં ભેદ છે?
હું જ હોડી , હું સમંદર હોઉં છું.

અર્થ ક્યાં છે? આ દિવાલોનો હવે,
બહાર પણ હું , હું જ અંદર હોઉં છું.

## અછાંદસ

એણે પુછ્યું–
'કેમ છો?'
મેં આંગળી ચીંધી–
ડાળ પર ચીટકી રહેલા
છેલ્લા

સુક્કા પાન તરફ!

***

હું તો રોજ

બાગમાં જઈ

થોડી શુળો વીણી કાઢું છું, અને

એની માળા ગુંથીને

પહેરાવું છું

કાળમીંઢ ઈશ્વરને!

***

⁎ હર્ષ બ્રહ્મભટ્ટ ⁎

કવી સર્જન: ‘એકલતાની ભીડમાં’ કાવ્યસંગ્રહ, પ્રથમ આવૃત્તી: ૧૯૯૨, કીમ્મત:૧૪૦ રુ.

‘અંદર દીવાદાંડી’ કાવ્યસંગ્રહ, પ્રથમ આવૃત્તી: ૨૦૦૨, કીમ્મત:૧૨૫ રુ.

‘મૌનની મહેફીલ’ કાવ્યસંગ્રહ, પ્રથમ આવૃત્તી: ૨૦૦૯, કીમ્મત:૧૫૦ રુ.

(ત્રણેય પુસ્તકોના પ્રકાશક: નવભારત સાહીત્ય મંદીર, ૨૦૨, પેલીકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ:૯)

કવી સંપર્ક: A-1, નંદલાલ એપાર્ટમેન્ટ, મણીનગર, અમદાવાદ–૩૦૦ ૦૦૮, મોબાઈલ : 99784 05035

E-mail: hb.bhatt@yahoo.in

******

## હૃદયને સ્પર્શે તે ગઝલ

ગઝલની સીધીસાદી વાત એ છે કે હૃદયને જે સ્પર્શી જાય એ ગઝલ સાચી. આટલાં વર્ષે પણ જે જે ગઝલકારોને આપણે યાદ કરીએ છીએ તેના કારણમાં તેમનો શે'ર, તેમની ગઝલ હૃદયને સીધી સ્પર્શી ગઈ હોય છે તે એક માત્ર કારણ હોય છે. આજે ગુજરાતી ગઝલ એ અત્યાર સુધીના સર્વ પરીવર્તનનાં શ્રેષ્ઠ પરીબળોનાં પરીણામ રુપ સર્જાઈ રહી છે. પરમ્પરાની ગઝલ, આધુનીક ગઝલ, અનુઆધુનીક ગઝલ આવાં બધાં લેબલો લગાડ્યા વગર માત્ર બે જ ભાગ પાડી શકાય એમ છે: શુદ્ધ ગઝલ અને બીજી આયાસી ગઝલ.

ગમે તેટલી આધુનીકતા પણ સમય જતાં પરમ્પરા બની જતી હોય છે. ગુલ–બુલબુલ, સાકી–સુરા શબ્દો પહેલવહેલી વાર ગઝલમાં આવ્યા હશે ત્યારે કેવા નવા ને તાજા લાગ્યા હશે? શક્યતા, શુન્યતા, મૌન, સ્પર્શ, ઝાંઝવાં શબ્દો પહેલીવાર આવ્યા ત્યારે નવાય લાગ્યા હતા અને સારાય લાગ્યા હતા. આજે સર્જાતી ગઝલ સાકી–સુરાથી મુક્ત છે અને શુન્યતા–રીક્તતાથીય મુક્ત છે. આજનો ગઝલકાર

કોઈ આધુનીકતાના કે પરમ્પરાના અભરખામાં નથી જીવતો. એ જે અનુભવે છે તે ગઝલમાં લખે છે. અને આથી મરીઝ, ઘાયલ, ગની, બેફ઼ામના સમયગાળાની જેમ આજની ગઝલ પણ લોકોના હૃદયને વધુ સ્પર્શતી થયેલી છે.

રાજેશ વ્યાસ 'મીસ્કીન' ('ગઝલવીશ્વ'– માર્ચ–૨૦૧૦ના અંકમાંથી સાભાર)

@

'સન્ડે ઈ–મહેફ઼ીલ'માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી દસ ઈ–બુક બનાવી છે. ભાગ ૧થી ૧૦. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો :

ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com સુરત